# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 112 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 May 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૩ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ત્રાસવાદ જ પાકિસ્તાનનો નાશ કરશેઃ મોદી

▸ ઑપરેશન સિંદૂર બાદ પહેલીવાર વડા પ્રધાનનું દેશને સંબોધન ▸ ‘ભારતને ન્યૂક્લિઅર બ્લેકમેલ કરી ન શકાય’ ▸ ટેરર હોય તો ‘ટૉક અને ટ્રેડ’ ન થાય
▸ ભારતે પાકિસ્તાનની અંદર સફળ હુમલા કર્યા ▸ ‘પાણી અને લોહી’ એકસાથે ન વહી શકે ▸ સંરક્ષણ ક્ષેત્રે ‘મેડ ઇન ઇન્ડિયા’ની ક્ષમતાનો દુનિયાને પરિચય મળી ગયો






નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રાતે રાષ્ટ્રને ‘ઑપરેશન સિંદૂર’ અંગે સંબોધતા જણાવ્યું હતું કે ત્રાસવાદ એક દિવસે પાકિસ્તાનનો જ નાશ કરશે. ભારતને કોઇ પણ ન્યૂક્લિઅર બ્લેકમેલ કરી (અણુબૉમ્બથી ડરાવી) નહિ શકે. પાકિસ્તાન હવે જો ત્રાસવાદને સહાય કરતું હોવાનું માલૂમ પડશે, તો તેની સામે વધુ આકરી લશ્કરી કાર્યવાહી કરાશે.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાનનો ‘બીભત્સ ચહેરો’ અને ક્ષમતા (નબળાઇ) સમગ્ર દુનિયાની સમક્ષ જાહેર થઇ ગયા છે. પાકિસ્તાને ભારતની સરહદે હુમલો કર્યો, તે પછી ભારતે પાકિસ્તાનની અંદર હુમલા કર્યા હતા.

વડા પ્રધાને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ‘ટેરર અને ટૉક’ (ત્રાસવાદ અને મંત્રણા) અને ‘ટેરર અને ટ્રેડ’ (ત્રાસવાદ અને વેપાર) એકસાથે થઇ ન શકે તેમ જ ‘પાણી અને લોહી’ એકસાથે વહી ન શકે.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાનની સાથે હવે ત્રાસવાદ બંધ કરાવવા અને



પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર (પીઓકે) પાછું મેળવવા સિવાયના કોઇ મુદ્દે મંત્રણા નહિ કરાય.

મોદીએ જણાવ્યું હતું કે ભારતીય લશ્કરની ત્રણેય પાંખે હાથ ધરેલી સંયુક્ત કાર્યવાહીમાં પાકિસ્તાનમાંના ૧૦૦થી વધુ ખૂનખાર ત્રાસવાદીને મારવામાં આવ્યા હતા, પાકિસ્તાનના અનેક ડ્રોન, મિસાઇલ અને ઍર ડિફેન્સ સિસ્ટમનો નાશ કરાયો હતો. પાકિસ્તાનમાંની ત્રાસવાદી છાવણીઓને ખંડેર બનાવી દેવાઇ છે. સંરક્ષણ ક્ષેત્રે ‘મેડ ઇન ઇન્ડિયા’ની ક્ષમતા અને તાકાતનો વિશ્વને પરિચય થઇ ગયો છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે પાકિસ્તાને ત્રાસવાદી હુમલા બાદ ભારત પર હુમલાના કરેલા બધા પ્રયાસ નિષ્ફળ બનાવાયા હતા. ઇસ્લામાબાદ ત્રાસવાદીઓને સાથ આપતું હોવાનું દુનિયાભરમાં જાહેર થઇ ગયું છે.

મોદીએ ભારતીય લશ્કરની ત્રણેય પાંખ, અર્ધલશ્કરી દળો, સંરક્ષણ ક્ષેત્રના વિજ્ઞાનીઓ વગેરેને સલામ કરતા જણાવ્યું હતું કે દેશના દરેક નાગરિકોને રાષ્ટ્રના આ બહાદુરો પર ગર્વ છે. આ યુગ યુદ્ધનો કે (જુઓ પાનું ૨) ▸▸






## ગાઝામાં ઇઝરાયલી હુમલામાં ૧૬નાં મોત

દેર અલ-બલાહઃ ગાઝામાં ઇઝરાયલના હવાઇ હુમલાઓ સતત ચાલુ છે. તાજેતરમાં સોમવારે સવારે ગાઝા પટ્ટીમાં આશ્રય સ્થાન બનેલી શાળા પર કરવામાં આવેલા હુમલામાં (જુઓ પાનું ૨) ▸▸

## વિરાટની ટેસ્ટ ક્રિકેટને અલવિદા

નવી દિલ્હીઃ ભારતના ચેમ્પિયન બેટ્સમેન વિરાટ કોહલીએ સોમવારે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. જેનાથી મહાન ક્રિકેટરના સુવર્ણ યુગનો અંત આવ્યો હતો. વિરાટ કોહલી વન-ડે ક્રિકેટમાં રમવાનું ચાલુ રાખશે. ૩૬ વર્ષના કોહલીએ ગયા વર્ષે ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી.

તેણે ભારત માટે ૧૨૩ ટેસ્ટ મેચ રમી છે જેમાં તેણે ૪૬.૮૫ની સરેરાશથી ૩૦ સદીની મદદથી ૯૨૩૦ રન ફટકાર્યા છે. જ્યારે ટી-૨૦ ક્રિકેટ વૈશ્વિક સ્તરે લોકપ્રિય હતું ત્યારે તે ટેસ્ટ ફોર્મેટને બચાવવાના અભિયાનમાં સૌથી આગળ હતો. કોહલીએ સ્વીકાર્યું કે આ નિર્ણય લેવો સરળ નહોતો, જેનાથી રમતના લાંબા ફોર્મેટમાં તેના ભવિષ્ય



અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો.

તેમણે પોતાના ઇન્સ્ટાગ્રામ પેજ પર જાહેરાત કરી હતી કે , “હું રમત માટે, મેદાન પર જે લોકો સાથે રમ્યો હતો તે લોકો માટે અને આ રમત દરમિયાન મને રમતા જોનારા દરેક વ્યક્તિ માટે મારા હૃદયમાં આભાર લઇને વિદાય લઈ રહ્યો છું.” તેણે કહ્યું હતું કે , (જુઓ પાનું ૨) ▸▸

## આઈપીએલ ૧૭મી મેથી, ફાઇનલ ત્રીજી જૂને

મુંબઈઃ ભારત અને પાકિસ્તાન વચ્ચેની લડાઈને લીધે અટકી પડેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની બાકીની મેચો ૧૭મી મેથી રમાવાની શરૂ થશે અને તેની ફાઇનલ ત્રીજી જૂને રમાશે.

આઈપીએલની ક્વોલિફાયર વન ૨૯મી મેએ જ્યારે ક્વોલિફાયર ટૂ પહેલી જૂને રમાશે. એલિમિનેટર ૩૦મી મે રમાશે.

આઈપીએલની બાકીની ૧૭ મેચ મુંબઈ, અમદાવાદ, બેંગ્લુરુ, જયપુર,દિલ્હી અને લખનઉ સહિતનાં છ શહેરોમાં રમાશે. જોકે પ્લેઓફ ક્યાં રમાશે એની હાલ જાહેરાત નથી કરાઈ. બીસીસીઆઈના જણાવ્યા મુજબ એની જાહેરાત પછીના તબક્કે કરાશે. ■

## શૅરબજારમાં એક-દિવસનો સૌથી મોટો ઉછાળો

▸ સેન્સેક્સ ૨,૯૭૫.૪૩, નિફ્ટી ૯૧૬.૭ પોઇન્ટ વધ્યો
▸ રોકાણકારોની સંપત્તિમાં ₹ ૧૬.૧૫ લાખ કરોડનો ઉમેરો

મુંબઈઃ બૅન્ચમાર્ક સ્ટૉક ઇન્ડાઇસીસ સેન્સેક્સ અને નિફ્ટીમાં સોમવારે એક-દિવસનો સૌથી મોટો ઉછાળો આવ્યો હતો.

૩૦-શૅર બીએસઇ સેન્સેક્સ ૨,૯૭૫.૪૩ પોઇન્ટ એટલે કે ૩.૭૪ ટકા વધીને સાત મહિનાની સૌથી વધુ ઊંચી સપાટી ૮૨,૪૨૯.૯૦ ઉપર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન તે ૩,૦૪૧.૫ પોઇન્ટ એટલે કે ૩.૮૨ ટકા વધીને ૮૨,૪૯૫.૯૭ની ઊંચાઇએ પહોંચ્યો હતો.

એનએસઇનો ‘૫૦-ઇસ્યૂ નિફ્ટી’ ૯૧૬.૭૦ પોઇન્ટ એટલે કે ૩.૮૨ ટકા વધીને ૨૪,૯૨૪.૭૦ ઉપર બંધ થયો હતો. ઇન્ટ્રા-ડે ટ્રેડમાં તે ૯૩૬.૮ પોઇન્ટ એટલે કે ૩.૯૦ ટકા વધીને ૨૪,૯૪૪.૮૦ સુધી પહોંચી ગયો હતો.

આઇટી, મેટલ (ધાતુ), રિઍલિટી અને ટૅક શૅર્સમાં મોટા પાયે ખરીદીને લીધે સેન્સેક્સ અને નિફ્ટીમાં એક-દિવસનો સૌથી મોટો ઉછાળો (જુઓ પાનું ૨) ▸▸




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીની સ્પષ્ટતા પછી આખા દેશનો જુસ્સો વધશે

ભારતે પાકિસ્તાન સામે અચાનક સ્વીકારી લીધેલા યુદ્ધવિરામે દેશનાં કરોડો લોકોને આંચકો આપી દીધો હતો અને એક યુદ્ધવિરામે અનેક સવાલ ખડા કરી દીધા હતા. તેમાં સૌથી મોટો સવાલ એ હતો કે, ભારત જીતી રહ્યું હતું તો પછી અચાનક યુદ્ધવિરામ કેમ સ્વીકારી લેવાયો? આ સવાલનો કોઈ સંતોષકારક જવાબ દેશનાં લોકોને મળી નહોતો રહ્યો તેથી લોકોમાં નિરાશા હતી પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રાત્રે કરેલા દેશવ્યાપી સંબોધને લોકોની નિરાશા ખંખેરવાનું કામ કર્યું છે કેમ કે મોદીએ સ્પષ્ટતા કરી છે કે, ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યો તેનો મતલબ એ નથી કે, ભારતે આતંકવાદ સામેનું યુદ્ધ કે કાર્યવાહી બંધ કરી દીધાં છે. ભારતે આ કાર્યવાહી સ્થગિત કરી છે પણ બંધ કરી નથી.

મોદીના કહેવા પ્રમાણે, ભારતે યુદ્ધવિરામ એ શરતે જ સ્વીકાર્યો છે કે, પાકિસ્તાન હવે પછી ભારત સામે કોઈ આતંકવાદી હુમલો નહી કરે કે લશ્કરી કાર્યવાહી નહીં કરે. પાકિસ્તાન જે દિવસે ભારત પર આતંકવાદી હુમલો કરશે કે લશ્કરી કાર્યવાહી કરશે એ દિવસે યુદ્ધવિરામ સમાપ્ત થઈ જશે. ભારત એ દિવસે જ ફરી પાકિસ્તાન સામે કાર્યવાહી શરૂ કરશે અને ભારત ફરી પાકિસ્તાન પર આક્રમણ કરશે.

મોદીએ એ પણ સ્પષ્ટતા કરી છે કે, હવે પછી પાકિસ્તાન સાથે કોઈ પણ મંત્રણા થશે તો એ આતંકવાદના મુદ્દે જ થશે અને કોઈ બેઠક થશે તો પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પાછું લેવા અંગે જ થશે. ભારત માટે પાકિસ્તાન સાથે ચર્ચા માટે બીજો કોઈ મુદ્દો બચતો નથી. ભારતે પીઓકે પાછું લેવા સિવાય બીજી કોઈ વાત કરવી નથી અને ભારત કોઈની મધ્યસ્થી પણ ઈચ્છતું નથી. મોદીએ સ્પષ્ટતા કરી છે કે, ભારતનું કાશ્મીર અંગે વલણ એકદમ સ્પષ્ટ છે અને આ વલણમાં કદી કોઈ ફેરફાર થવાનો નથી.

મોદીએ ઓપરેશન સિંદૂર બદલ ભારતીય આર્મીને અભિનંદન આપ્યા અને પાકિસ્તાનમાં ઘૂસીને કરેલી કાર્યવાહીને પણ બિરદાવી છે. એક વડા પ્રધાન તરીકે દેશની સેના અને લોકોનો જુસ્સો વધારવો એ તેમની ફરજ છે તેથી તેમાં કશું નવું નથી પણ પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ મુદ્દે તેમણે કરેલી સ્પષ્ટતા અત્યંત મહત્ત્વની છે. પાકિસ્તાન જે દિવસે ફરી આતંકવાદી હુમલો કરાવે એ દિવસે ભારત ફરી લશ્કરી કાર્યવાહી શરૂ કરશે એ વાતના કારણે ઈન્ડિયન આર્મીનો પણ જુસ્સો વધશે અને ભારતનાં લોકોનો પણ જુસ્સો વધશે. યુદ્ધવિરામ સ્વીકારીને ભારતે પાકિસ્તાન સામે નમતું નથી જોખ્યું પણ શાંતિને ખાતર પાકિસ્તાનને એક વધુ તક આપી છે એ સ્પષ્ટતા મહત્ત્વની છે.

મોદીની સ્પષ્ટતા પછી દેશનાં લોકોના મનમાં કોઈ સંદેહ ના રહેવો જોઈએ. આર્મીની પ્રેસ કોન્ફરન્સમાં દાવો કરાયો હતો કે, ભારતની શરતે યુદ્ધવિરામ થયો છે પણ આ શરતો કઈ છે તેનો પણ ખુલાસો નહોતો આર્મીએ કર્યો કે નહોતો ભારતની સરકારે કર્યો. યુદ્ધવિરામનો નિર્ણય કોણે લીધો એ પણ સ્પષ્ટ નહોતું કેમ કે કેન્દ્ર સરકારે યુદ્ધવિરામ વિશે કોઈ માહિતી જ દેશને આપી નહોતી.

મોદીના દેશવ્યાપી સંબોધન પછી આ બંને મુદ્દે સ્પષ્ટતા થઈ ગઇ છે. સાથે સાથે એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે, પાકિસ્તાનના માથેથી ઘાત હજુ ટળી નથી અને પાકિસ્તાન હજુ પણ અવળચંડાઈઓ છોડીને ભારત સામે આતંકવાદ બંધ નહીં કરે તો ભારત તેનો સાવ ઘડોલાડવો કરતાં પણ નહીં ખચકાય.

ઈન્ડિયન આર્મીએ ખરેખર સારી કામગીરી કરી છે તેમાં શંકા નથી. છેક પાકિસ્તાનમાં ઘૂસીને હુમલો કરીને આર્મીએ મર્દાના મિજાજ બતાવ્યો ને પાકિસ્તાનને સ્તબ્ધ કરી દીધું તેમાં બેમત નથી. દરેક ભારતીયને આર્મીની કામગીરી બદલ ગર્વ થવો જોઈએ અને ભારતીયોએ આર્મીની પીઠ પણ થાબડવી જોઈએ તેમાં પણ શંકા નથી પણ યુદ્ધવિરામના કારણે ભારતમાં નિરાશાનો માહોલ હતો એ હવે ખંખેરાઈ જશે તેમાં શંકા નથી.

જો કે મહત્ત્વની વાત પાકિસ્તાન આતંકવાદ બંધ કરે એ છે કેમ કે ભારત ખરેખર યુદ્ધ નહીં પણ શાંતિ ઈચ્છે છે. ઈન્ડિયન આર્મીએ પાકિસ્તાનની કલ્પના બહારનું આક્રમણ કરીને જોરદાર ખૌફ પેદા કરી દીધો છે. સાથે સાથે પાકિસ્તાનના આર્મી અને જનતાના મનમાં પણ એવો ડર પેદા કરી દીધેલો કે, હવે પછી ભારતની સળી કરી તો ઈન્ડિયન આર્મી પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) કબજે કરીને જ જંપ લેશે. આ ડરના કારણે હવે પાકિસ્તાન ભારત પર હુમલો કરવાનું દુસ્સાહસ નહીં કરે એવું અત્યારે તો માની શકાય. માને કે પાકિસ્તાનની બુદ્ધિ ભ્રષ્ટ થાય અને હુમલો કરવાની કોશિશ કરે તો ભારતીય લશ્કર તેનો જવાબ આપવા ને તેના ભુક્કા બોલાવવા માટે બેઠું જ છે.

આર્મીનું ઓપરેશન સિંદૂર તેનો ઉદ્દેશ પૂરો કરવામાં સફળ રહ્યું છે કે નહીં એ સવાલનો જવાબ પણ મોદીએ આપી દધો કે, ઓપરેશન સિંદૂર હજુ સમાપ્ત થયું નથી. ઓપરેશન સિંદૂર આતંકવાદી નેટવર્કનો ખાતમો કરી કાયમ માટે શાંતિ સ્થાપવા હાથ ધરાયેલું. આ ઓપરેશન દરમિયાન ઘણા બધા આતંકવાદી અડ્ડાઓનો નાશ કરી દેવાયો છે તેમ છતાં ઓપરેશન સિંદૂર હજુ ચાલુ રહેશે એવું પણ મોદીએ કહ્યું છે. મતલબ કે, પાકિસ્તાન ફરી હુમલો કરે તો આર્મી પાછું એક્શનમાં આવી જશે.

મોદીના પ્રવચન પહેલાં જ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કરેલો કે, અમેરિકાએ મધ્યસ્થી કરીને ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવીને પરમાણુ યુદ્ધ ટાળી દીધું છે. ભારતીયોને પાકિસ્તાન સામે આપણે યુદ્ધવિરામ સ્વીકારી લીધો છે તેની ખબર ડોનલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર પોસ્ટ મૂકી ત્યારે જ પડી હતી. ટ્રમ્પે એ જ દાવો ફરી દોહરાવ્યો છે. મોદીએ ટ્રમ્પના નામનો ઉલ્લેખ ના કર્યો પણ આ દાવો ખોટો હોવાનું આડકતરી રીતે કહી દીધું.

મોદીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ)એ ભારતના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ સાથે વાત કરી તેમાં આતંકવાદ અને લશ્કરી કાર્યવાહી બંને બંધ કરવા સહમતિ આપી પછી જ ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યો હતો. ડોનલ્ડ ટ્રમ્પ જૂઠાબોલો માણસ છે તેથી વાત પર આમ પણ ભરોસો ના થાય. મોદીએ સ્પષ્ટતા કરીને આ વાતને સાચી સાબિત કરી દીધી.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, મંગળવાર, તા. ૧૩-૫-૨૦૨૫, શ્રી નારદ જયંતી, વિંછુડો.

- ભારતીય દિનાંક ૨૩, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ વદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૧,માહે વૈશાખ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૬મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર વિશાખા સવારે ક. ૦૯-૦૮ સુધી, પછી અનુરાધા

ચંદ્ર વૃશ્ચિકમાં

- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૦, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ-

- ભરતીઃ બપોરે ક. ૧૨-૪૦, મધ્યરાત્રે ક. ૦૦-૧૫ (તા. ૧૪)
- ઓટઃ સાંજે ક. ૧૮-૩૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ - પ્રતિપદા. ઈષ્ટિ, શ્રી નારદ • જયંતી, વિંછુડો.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઈન્દ્રદેવતાનું પૂજન, મંગળ-ગુરુ દેવતાનું પૂજન, નવાં વસ્રો, લાલ વસ્ત્રો, લાલ આભૂષણ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, અગ્નિપૂજા, વિશેષરૂપે શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, મુંડન કરાવવું નહિ, પ્રયાણ શુભ, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, વાહન, નિત્ય થતાં દસ્તાવેજ, પશુ લે-વેંચ, સ્થાવર લેવડદેવડ, દુકાન-વેપારના કામકાજ, બી વાવવું.

આચમનઃચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ મનની શાંતિ સરળતાથી પ્રાપ્ત થાય નહિ. ચંદ્ર-શનિ ત્રિકોણ પ્રવાસી સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ ભાઈ-બહેનોમાં પ્રિય.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# મોદીએ અકલ્પનીય બદલો લેવાનું વચન પૂરું કર્યુંઃ ભાજપ

નવ દિલ્હીઃ ભાજપે સોમવારે દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પહલગામમાં નિર્દોષ લોકોની હત્યામાં સંડોવાયેલા ત્રાસવાદીઓ અને તેઓને આશ્રય તેમ જ સાથસહકાર આપનારા લોકો સામે 'અકલ્પનીય બદલો' લેવાનું આપેલું વચન પૂરું કર્યું છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ભારતીય લશ્કરે હાથ ધરેલા 'ઑપરેશન સિંદૂરમાં' પાકિસ્તાને નવ ત્રાસવાદી છાવણી, ૧૧ ઍર બેઝ, ૧૦૦થી વધારે ત્રાસવાદી, પચાસ સૈનિક અને તેની પ્રતિષ્ઠા ગુમવ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે મોદીએ દેશના લશ્કરને કાર્યવાહી માટેની દરેક છૂટ આપી છે. વડા પ્રધાને ત્રાસવાદીઓ સામે કડક કાર્યવાહીની બાંયધરી બિહારમાંની જાહેરસભામાં જનતાને આપી હતી અને તેમ કરી બતાવ્યું હતું.

ભાજપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) જેવા ઇસ્લામિક રાષ્ટ્રોએ પણ પાકિસ્તાનને કોઇ પણ પ્રકારની સહાય નહોતી કરી અને તે વૈશ્વિક સ્તરે લગભગ એકલું પડી ગયું હતું.

યુદ્ધવિરામ અંગે અમુક લોકો દ્વારા અને સોશિયલ મીડિયા પર ઉઠાવવામાં આવતા સવાલના સંબંધમાં તેમણે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા માત્ર એક ટૂલ (માહિતીનું સાધન) છે, પરંતુ તેના આધારે દેશ પોતાની કોઇ પણ કાર્યવાહી નક્કી કરી ન શકે. દરેક ભારતીયને લશ્કરની આ કાર્યવાહી માટે ગર્વ હોવો જોઇએ.

સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે મોદીએ ઑપરેશન સિંદૂર હાથ ધરવા ઉપરાંત પાડોશી દેશ સાથેના સિંધુ જળ કરારને સ્થગિત કરવા સહિતના અનેક પગલાં લીધાં હતાં.

તેમણે દાવો કર્યો હતો કે ભારતે કદાચ પ્રથમ વખત પાકિસ્તાનના પંજાબમાં હુમલો કરીને ત્યાંના ત્રાસવાદીઓને માર્યા હતાં તેમ જ તેઓની છાવણીઓનો નાશ કર્યો હતો. (એજન્સી)

**ઓળી ઝોળી પીપળ પાન...**

# ૧૭ નવજાત બાળકીનું પાડ્યું 'સિંદૂર' નામ

કુશીનગર (ઉત્તર પ્રદેશ): જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં નિર્દોષ લોકોની હત્યાની ઘટના બાદ ભારતીય લશ્કરે પાકિસ્તાનમાંના ત્રાસવાદીઓ અને તેઓને સહાય કરનારા પાડોશી દેશ સામે 'ઑપરેશન સિંદૂર' હેઠળ હાથ ધરેલી સશસ્ત્ર કાર્યવાહી અને તેમાં મળેલી સફળતાથી ખુશ થઇને અહીંની હૉસ્પિટલમાં ૧૭ નવજાત બાળકીના માતા-પિતાએ પોતાની બાળકીના નામ 'સિંદૂર' પાડ્યા હતા.

કુશીનગર મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. આર. કે. શાહીએ સોમવારે જણાવ્યું હતું કે અમારી મેડિકલ કૉલેજ (હૉસ્પિટલ)માં ૧૦ અને ૧૧ મેએ જન્મેલી ૧૭ બાળકીના નામ 'સિંદૂર' રાખવાનું તેઓના માતા-પિતાએ નક્કી કર્યું હતું.

એક નવજાત બાળકીના માતા-પિતા (અર્ચના અને અજિત શહાઇ)એ જણાવ્યું હતું કે અમારી દીકરી જન્મી, તેની પહેલાં જ અમે આ નામ પાડવાનું નક્કી કરી લીધું હતું. અમે આશા રાખીએ છીએ કે તે બધા માટે પ્રેરણારૂપ બનશે.

મદન ગુપ્તાએ જણાવ્યું હતું કે મારી પુત્રવધૂ કાજલ ગુપ્તાએ પણ દીકરીનું નામ 'સિંદૂર' રાખ્યું છે. આ નામને લીધે લશ્કરી કાર્યવાહી સદાય યાદ રહેશે અને તેની ઉજવણી પણ કરી શકીશું.

વ્યાસમુનિએ જણાવ્યું હતું કે મારી દીકરી જેમજેમ મોટી થશે તેમતેમ તેને 'સિંદૂર'નો અર્થ ખબર પડશે.

પ્રિયંકાદેવીએ પણ પોતાની પુત્રીનું નામ 'સિંદૂર' રાખ્યું છે. (એજન્સી)

# ટૅરિફને મામલે અમેરિકા-ચીનની પીછેહઠઃ ટૅરિફ ઘટાડવા બંને દેશ સહમત

જીનિવાઃ અમેરિકા અને ચીને એકમેક પર અસાધારણ ટૅરિફ લાદવાને મામલે પીછેહઠ કરી હોવાનું જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે બંને દેશે એકમેક પર લાદેલો અસાધારણ ટૅરિફ પાછો ખેંચી લેવા સહમતી દર્શાવી છે.

એકમેક સાથેના વેપાર અંગેના વિવાદનો વાટાઘાટ મારફતે ઉકેલ લાવવા બંને દેશે ટ્રેડવૉરને ૯૦ દિવસનો વિરામ આપવાની હાકલ કરી છે.

વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્ર વચ્ચેના ટૅરિફ વૉરને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં અસ્થિરતા ઊભી થઈ હતી.

જોકે હવે બંને દેશ વચ્ચે વાટાઘાટ મારફતે સમસ્યાનો ઉકેલ લાવવાની સહમતી સધાતાં સોમવારે વિશ્વભરના શેરબજારોમાં ભારે તેજી જોવા મળી હતી.

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જૅમિસન ગ્રીરે કહ્યું હતું કે અમેરિકા ચીન પર લાદેલા ૧૪૫ ટકા ટૅરિફને ઘટાડીને ૩૦ ટકા સુધી લાવવા અને ચીન પણ અમેરિકા પર લાદેલો ટૅરિફ ઘટાડીને ૧૦ ટકા સુધી લાવવા સહમત થયું છે.

બંને દેશ એકમેક સાથે વધુ સંતુલિત રીતે વેપાર કરવા માગે છે અને એ લક્ષ્ય પ્રાપ્ત કરવા બંને દેશ પ્રતિબદ્ધ હોવાનું તેમણે કહ્યું હતું.

ગયા મહિને ટ્રમ્પે ચીનના માલસામાન પર ૧૪૫ ટકા તો ચીને અમેરિકાના માલસામાન પર ૧૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી.

અમેરિકાએ વિશ્વના તમામ દેશ પર ટૅરિફ લાદ્યો હતો, પરંતુ આ મામલે ચીન સાથેની લડત વધુ ઉગ્ર હતી. (એજન્સી)

# 'ઑપરેશન સિંદૂર'ની ઉપલબ્ધિઓ બતાવવા ભાજપ દેશભરમાં યોજશે 'તિરંગા યાત્રા'

નવી દિલ્હીઃ 'ઑપરેશન સિંદૂર'ની ઉપલબ્ધિઓ બતાવવા ભાજપ દેશભરમાં 'તિરંગા યાત્રા'નું આયોજન કરશે. આ અભિયાન મારફતે ભાજપ જનતાને એ બતાવશે કે 'ઑપરેશન સિંદૂર' અંતર્ગત ભાજપે કઈ રીતે દેશના નાગરિકોને સંકટમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા અને રાષ્ટ્રના સ્વાભિમાનને વધુ મજબૂત કર્યું.

ભાજપના વરિષ્ઠ નેતા સંબિત પાત્રા, વિનોદ તાવડે અને તરુણ ચુગ જેવા નેતાઓને આ યાત્રાનું આયોજન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત અનેક કેન્દ્રિય પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતાઓ વિવિધ સ્થળે યાત્રાનું નેતૃત્વ કરશે. 'ઑપરેશન સિંદૂર'ને ભાજપે રાજકીય ઈચ્છાશક્તિનો વિજય લેખાવ્યો હતો. 'ઑપરેશન સિંદૂર'એ ૧૦૦ ટકા નિર્ધારિત લક્ષ્ય પ્રાપ્ત કર્યું હોવાનું તેમણે કહ્યું હતું. ભાજપ ૧૩મેથી ૨૩ મે સુધી દેશભરમાં તિરંગા યાત્રાનું આયોજન કરશે. ભાજપના ધ્વજને બદલે તટસ્થ બેનર હેઠળ આ યાત્રાનું આયોજન કરવામાં આવશે.

આ યાત્રામાં દેશના સામાન્ય નાગરિકો સાથે જુદા જુદા સામાજિક સંગઠનોની પણ વ્યાપક ભાગીદારી રહેશે. આ યાત્રાનો ઉદ્દેશ રાષ્ટ્રભક્તિનો સંદેશો ફેલાવવાનો અને તાજેતરમાં જ સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલા 'ઑપરેશન સિંદૂર'ની ઉપલબ્ધિઓ બતાવવાનો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ સંબિત પાત્રાએ સોમવારે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ભારતે આતંકવાદ સામે લડાઈ લડી છે અને સેનાના સાહસે 'ઑપરેશન સિંદૂર'ને સફળ બનાવ્યું છે.

'ઑપરેશન સિંદૂર'માં રાફેલ વિમાનની ભૂમિકા મહત્ત્વની રહી હતી. આતંકવાદીઓના નવ અડ્ડાનો અમે નાશ કર્યો હતો. ભારતે પાકિસ્તાનના કોઈપણ સામાન્ય નાગરિકને નિશાન નહોતા બનાવ્યા. તેમણે કહ્યું હતું કે જેટલા પાઈલટ રાફેલ વિમાન સાથે ગયા હતા તે તમામ સહીસલામત પાછા આવ્યા હતા.

# નાગરિકોની સુરક્ષા અને સલામતીની ખાતરી માટે ૧૦ સૅટેલાઈટ સતત કાર્યરતઃ ઈસરો

નવી દિલ્હીઃ નાગરિકોની સુરક્ષા અને સલામતીની ખાતરી માટે ૧૦ સૅટેલાઈટ વ્યૂહાત્મક રીતે સતત કાર્યરત હોવાનું ઈસરોના અધ્યક્ષ ડૉ. વી. નારાયણે કહ્યું હતું.

મણીપુરના ઈમ્ફાલ ખાતે રવિવારે સેન્ટ્રલ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં બોલતાં તેમણે કહ્યું હતું કે ભારત વાઈબ્રન્ટ સ્પેસ પાવર બની રહ્યું છે અને ૨૦૪૦ સુધીમાં દેશ પહેલું અવકાશ મથક શરૂ કરી દેશે. ૩૪ દેશના ૪૩૩ સૅટેલાઈટ ભારતે ભ્રમણકક્ષામાં તરતા મૂક્યા છે અને દેશના નાગરિકોની સુરક્ષા અને સલામતીની ખાતરી માટે ૧૦ સૅટેલાઈટ વ્યૂહાત્મક રીતે સતત કાર્યરત છે, એમ તેમણે કહ્યું હતું.

ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય સંઘર્ષ ચાલી રહ્યો હોવા વચ્ચે નારાયણે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. બાવીસ એપ્રિલે કરવામાં આવેલા પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતે સાતમી એપ્રિલે 'ઑપરેશન સિંદૂર' અંતર્ગત પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહી કરી પીઓકે તેમ જ પાકિસ્તાનસ્થિત આતંકવાદી છાવણીઓ અને તાલીમ કેન્દ્રોનો નાશ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે દેશની સુરક્ષા અને સલામતીની ખાતરી કરવી હશે તો આપણે સૅટેલાઈટની સેવા લેવી પડશે. આપણે દેશની ૭,૦૦૦ કિ.મી. લાંબી દરિયાઈ સીમા પર ચાંપતી નજર રાખવી પડશે. દેશના ઉત્તર વિભાગ પર પણ સતત નજર રાખવી પડશે. સૅટેલાઈટ અને ડ્રોન ટૅક્નોલૉજી વિના આપણે આ લક્ષ્ય પાર પાડી શકીએ નહીં, એમ તેમણે કહ્યું હતું. હવામાન, પ્રદૂષણ અને વાતાવરણનો અભ્યાસ કરી શકાય તે માટે ઈસરો જી-૨૦ દેશો માટે સૅટેલાઈટ વિકસાવી રહ્યું છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ત્રાસવાદ જ

ત્રાસવાદનો નહિ, પરંતુ વિકાસનો છે.

તેમણે જણાવ્યું હતું કે આજે બુદ્ધ-પૂર્ણિમા છે. ભગવાન બુદ્ધે શાંતિનો સંદેશ આપ્યો હતો, પરંતુ આ શાંતિના માર્ગે ચાલવા માટે શક્તિ પણ જરૂરી છે. ત્રાસવાદ અને તેને સહાય કરનારા પાડોશી દેશ સામેની લડતમાં આખો દેશ એક હતો. દરેક સમાજ, રાજકીય પક્ષ એક થઇને દુશ્મન સામે લડવા ભેગા થયા હતા.

મોદીએ જણાવ્યું હતું કે 'ઑપરેશન સિંદૂર' માત્ર નામ નથી, પરંતુ દેશની જનતાની ભાવનાનું પ્રતીક છે. આ પ્રતીક ન્યાય માટેની અખંડ પ્રતિજ્ઞા છે. આ લડતમાં બધાએ દેશને સર્વોપરી ગણીને સરકાર અને લશ્કરને સાથ આપ્યો હતો. આ કામગીરીમાં આપણા શૌર્ય અને સંયમની કસોટી થઇ હતી.

અગાઉ, જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પર્યટકો સહિતના નિર્દોષ લોકોની કરેલી હત્યાનો બદલો લેવા પાકિસ્તાન પર 'ઑપરેશન સિંદૂર' હેઠળ લશ્કરી કાર્યવાહી હાથ ધરાઇ હતી.

### ગાઝામાં ઈઝરાયલી

૧૬ લોકોનાં મોત થયાં હતાં. જેમાં ભોગ બનનાર મોટાભાગે મહિલાઓ અને બાળકો છે. આ જાણકારી સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ આપી હતી.

આ અંગે ગાઝા આરોગ્ય મંત્રાલયની કટોકટી સેવાએ જણાવ્યું કે જબાલિયા વિસ્તારમાં એક શાળા પર થયેલા હુમલામાં મોતને ભેટેલા લોકોમાં પાંચ બાળકો અને ચાર મહિલાઓનો સમાવેશ થાય છે. તેમાં ઘણા લોકો ઘાયલ થયા હોવાના પણ અહેવાલ છે.

આ અંગે ઇઝરાયલી સેનાએ જણાવ્યું કે તે ફક્ત આતંકવાદીઓને નિશાન બનાવે છે. તે નાગરિકોના મોત માટે હમાસને દોષી ઠેરવે છે. કારણ કે તેના લડવૈયાઓ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં કાર્યરત છે. તાજેતરના હુમલા અંગે તાત્કાલિક કોઇ ટિપ્પણી કરવામાં આવી નથી.

નોંધનીય છે કે આ હુમલો એવા સમયે થયો છે જ્યારે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ આ અઠવાડિયે સાઉદી અરબ, કતાર અને સંયુક્ત આરબ અમીરાતની મુલાકાતે જઇ રહ્યા છે. બે મહિના પહેલા યુદ્ધવિરામ સમાપ્ત કર્યા બાદ ઇઝરાયલ ગાઝા પટ્ટીમાં યુદ્ધ તેજ કરી રહ્યું છે. જ્યાં ખોરાક, દવા અને અન્ય પુરવઠા પર ૧૦ અઠવાડિયાની નાકાબંધીને કારણે માનવતાવાદી કટોકટી વધુ વણસી રહી છે.

### શૅરબજારમાં એક-દિવસ

આવ્યો હતો. અગાઉ, ૨૦૨૪ની ત્રીજી જૂને એક-દિવસનો સૌથી મોટો ઉછાળો સેન્સેક્સમાં ૨,૫૦૭.૪૫ પોઇન્ટનો અને નિફ્ટીમાં ૭૩૩.૨૦ પોઇન્ટનો આવ્યો હતો. દલાલ સ્ટ્રીટના રોકાણકારોની સંપત્તિમાં સોમવારે રૂપિયા ૧૬.૧૫ લાખ કરોડનો વધારો થયો હતો. બીએસઇ-લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન એક જ દિવસમાં રૂપિયા ૧૬,૧૫,૨૭૫.૧૯ કરોડ વધીને રૂપિયા ૪,૩૨,૫૬,૧૨૫.૬૫ કરોડ (૫.૦૫ ટ્રિલ્યન ડૉલર) થયું હતું. ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધવિરામને શૅરબજારોએ વધાવી લીધું હતું. ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધવિરામ ઉપરાંત અમેરિકા અને ચીન વચ્ચે થયેલા વેપાર કરારને કારણે તેજી આવી હતી.

શાંતિ અને પ્રાદેશિક સ્થિરતાના માહોલને કારણે વિદેશ સંસ્થાકીય રોકાણકારોએ પણ મોટા પાયે રોકાણ શરૂ કર્યું છે. ઇન્ફોસીસના શૅરના ભાવમાં ૭.૯૧ ટકાનો ઉછાળો આવ્યો હતો. એચસીએલ ટૅક, ટાટા સ્ટીલ, ઇટર્નલ, ટૅક મહિન્દ્રા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઍક્સિસ બૅન્ક, આઇસીઆઇસીઆઇ બૅન્ક, એનટીપીસી, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને બજાજના શૅરના ભાવમાં સારો એવો મોટો વધારો થયો હતો. બીએસઇ સ્મોલકૅપમાં ૪.૧૮ ટકા અને મિડકૅપ ઇન્ડેક્સમાં ૩.૮૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. દરેક સેક્ટરલ ઇન્ડાઇસીસમાં વધારો થયો હતો. આઇટીમાં ૬.૭૫ ટકા, બીએસઇ ફોકસ્ડ આઇટીમાં ૬.૭૪ ટકા, રિઍલિટીમાં ૫.૮૭ ટકા, મેટલમાં ૫.૨૪ ટકા, ટૅકમાં ૫.૨૧ ટકા, યુટિલિટીઝમાં ૫.૦૭ ટકા, પાવરમાં ૪.૮૨ ટકા અને ઇન્ડસ્ટ્રિયલ્સમાં ૪.૨૪ ટકાનો ઉછાળો આવ્યો હતો.

બીએસઇમાં અંદાજે ૩,૫૪૫ શૅરના ભાવ વધ્યા હતા, ૫૭૬ના ઘટ્યા હતા અને ૧૩૩ યથાવત્ રહ્યા હતા. વૈશ્વિક ઓઇલ બૅન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૨.૮૮ ટકાનો વધારો થતાં તે બેરલ (પીપ) દીઠ ૬૫.૭૫ ડૉલર થઇ ગયો હતો.

બુદ્ધપૂર્ણિમા હોવાથી ફોરેક્સ માર્કેટ્સ સોમવારે બંધ રહી હતી. (એજન્સી)

### વિરાટ કોહલી

''મેં ૧૪ વર્ષ પહેલાં ટેસ્ટ ક્રિકેટમાં પહેલી વાર 'બેગી બ્લુ' પહેર્યું હતું. ઇમાનદારીથી કહું તો મેં ક્યારેય વિચાર્યું નહોતું કે આ ફોર્મેટ મને કઇ સફર પર લઈ જશે. તેણે મારી પરીક્ષા લીધી. મારું ઘડતર કર્યું અને મને એવા પાઠ શીખવ્યા જે હું મારા બાકીના જીવન માટે મારી સાથે રાખીશ.''

કોહલીની અંતિમ ટેસ્ટ ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ હતો જે એક નિરાશાજનક રહ્યો હતો જેમાં તેણે ફક્ત એક સદી ફટકારી હતી. તેના કરિયરનો અંત ૧૦ હજારના આંકડાથી થોડો ઓછો રહ્યો હતો આ બેટ્સમેને સાત બેવડી સદી ફટકારીને આ ફોર્મેટમાં પોતાને દિગ્ગજ ખેલાડીના રૂપમાં સ્થાપિત કર્યો જે કોઈ ભારતીય ખેલાડી દ્વારા સૌથી વધુ છે. તે મહાન ખેલાડીઓ સુનીલ ગાવસ્કર (૪), સચિન તેંડુલકર (૬), વીરેન્દ્ર સેહવાગ (૬) અને રાહુલ દ્રવિડ (૫) કરતાં ઘણો આગળ છે.

એવા સમયમાં જ્યારે ટી-૨૦ લીગ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ લોકપ્રિય અને જોવાયેલી ટુર્નામેન્ટ બની ગઈ છે, કોહલીના જાદુએ ચાહકોને ટેસ્ટ ક્રિકેટ પ્રત્યે આકર્ષિત રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ વાત સર વિવ રિચાર્ડ્સે પણ સ્વીકારી હતી, જેમની સાથે તેમની ઘણીવાર સરખામણી કરવામાં આવતી હતી.

કોહલીએ પોતાની વિદાય નોટમાં લખ્યું હતું કે 'સફેદ કપડામાં રમવું એ અંદરથી ખૂબ જ વ્યક્તિગત છે,'' શાંતિથી મહેનત કરવી, લાંબા દિવસો, નાની નાની ક્ષણો જેને કોઇ જોઇ શકતું નથી પરંતુ આ ક્ષણ હંમેશાં તમારી સાથે રહે છે.

તેમણે કહ્યું હતું કે ''જ્યારે હું રમતના આ ફોર્મેટથી દૂર જઈ રહ્યો છું ત્યારે તે સરળ નથી. પરંતુ તે યોગ્ય લાગે છે. મેં મારું સર્વસ્વ આપ્યું છે અને તેણે મને મારી અપેક્ષાઓ કરતાં વધુ આપ્યું છે.'' તેમણે કહ્યું, ''હું હંમેશાં મારા ટેસ્ટ કારકિર્દીને સ્મિત સાથે જોઈશ.''

તેમની નિવૃત્તિ સાથે ટેસ્ટ ફોર્મેટમાંથી ભારતીય અનુભવી ખેલાડીઓની વિદાય ચાલુ છે. રવિચંદ્રન અશ્વિન (ડિસેમ્બરમાં) અને રોહિત શર્મા (ગયા અઠવાડિયે) પણ આ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે.



**બુદ્ધમ શરણં ગચ્છામી:** સોમવારે બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે મુંબઈના વરલી ખાતેના મંદિરમાં લોકોએ ભગવાન બુદ્ધની પૂજા કરી હતી. (અમય ખરાડે)

# અમેરિકાની મધ્યસ્થી કેમ? સરકાર સ્પષ્ટતા કરેઃ શરદ પવારની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપી (એસપી)ના નેતા અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન શરદ પવારે સોમવારે લશ્કરી સંઘર્ષની પૃષ્ઠભૂમિમાં ભારત અને પાકિસ્તાન સંબંધિત મુદ્દાઓમાં અમેરિકા દ્વારા 'મધ્યસ્થી' અંગે કેન્દ્ર સરકારે ખુલાસો કરવો જોઈએ એવી માગણી કરી હતી.

કોંગ્રેસ અને અન્ય પક્ષો પહલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પછીના વિવિધ વિકાસની ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માગણી કરી રહ્યા છે, ત્યારે શરદ પવારે સર્વપક્ષી બેઠક બોલાવવાની તરફેણ કરી હતી. આ પહેલી વાર છે કે કોઈ અમેરિકન સત્તાવાળાએ આપણા સ્થાનિક મુદ્દા વિશે જાહેરમાં વાત કરી છે, જે સારું નથી, એમ પવારે પત્રકારોને જણાવ્યું હતું, દેખીતી રીતે ભારત-પાકિસ્તાન લશ્કરી સંઘર્ષ વચ્ચે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા 'યુદ્ધવિરામ'ની જાહેરાત કરવામાં આવી હતી તેના સંદર્ભમાં તેઓ બોલી રહ્યા હતા.

પવારે કહ્યું કે શિમલા સંધિ ભારત અને પાકિસ્તાનના વડા પ્રધાનો વચ્ચેનો એક વિશિષ્ટ કરાર છે, જે જાળવી રાખે છે કે બે પડોશી દેશો સંબંધિત મુદ્દાઓમાં કોઈ તૃતીય પક્ષ હસ્તક્ષેપ કરશે નહીં.

'આ બંને દેશોના વડા પ્રદાનો વચ્ચેનો કરાર છે. આ સંદર્ભમાં, અમેરિકાની મધ્યસ્થી માટેની આવશ્યકતા વિશે પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે. સરકારે આનો જવાબ આપવો જોઈએ,' એમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે, શિમલા કરારમાં જણાવાયું છે કે બંને દેશો એકબીજા સાથે મળીને નિર્ણય લેશે. 'આપણે ત્રીજા દેશને કેવી રીતે તેમાં સ્થાન આપી શકીએ?'

પવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ પહલગામ ઘટના પછીના વિકાસની ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની વિરુદ્ધ નથી.

'હું ખાસ સત્ર બોલાવવાની વિરુદ્ધ નથી. પરંતુ આ (લશ્કરી મુદ્દાઓ) એક સંવેદનશીલ બાબત છે, અને બધી બાબતો જાહેર કરી શકાતી નથી. કેટલીક બાબતો ગુપ્ત રાખવાની જરૂર છે. મને લાગે છે કે સર્વપક્ષી બેઠક (બોલાવવા) વધુ સારો વિકલ્પ છે,' એમ ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું.

'ચાલો જોઈએ કે વડા પ્રધાન શું કહે છે,' એમ શરદ પવારે રાત્રે ૮ વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધન અંગે જણાવ્યું હતું.

જ્યારે બંને દેશો સંપૂર્ણ સંઘર્ષની અણી પર હતા, ત્યારે ટ્રમ્પે શનિવારે જાહેરાત કરી કે ભારત અને પાકિસ્તાન 'સંપૂર્ણ અને તાત્કાલિક' યુદ્ધવિરામ માટે સંમત થયા છે અને એવો દાવો કર્યો હતો કે આ અમેરિકી મધ્યસ્થી વાટાઘાટોનું પરિણામ છે. ■

## ગડકરી અને શરદ પવાર વચ્ચે શું રંધાયું?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્રીય મિનિસ્ટર નીતિન ગડકરી સોમવારે એનસીપી (એસપી)ના વડા શરદ પવારને દક્ષિણ મુંબઈમાં તેમની ઓફિસમાં મળ્યા હતા. શરદ પવારે બાદમાં આ મુલાકાતને 'શુભેચ્છા મુલાકાત' ગણાવી હતી. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં, એનસીપી (એસપી)ના વડાએ કહ્યું હતું કે, 'કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ આજે (સોમવારે) મુંબઈમાં યશવંતરાવ ચવ્હાણ સેન્ટરની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, કેન્દ્ર અને રાજ્યના ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.' એનસીપી (એસપી) મહારાષ્ટ્ર પ્રમુખ જયંત પાટિલ, સાંસદ સુપ્રિયા સુળે, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી મંડળી (એમએસસી બેંક)ના વહીવટી બોર્ડના અધ્યક્ષ વિદ્યાધર અનાસકર અને પાર્ટીના નેતા યુગેન્દ્ર પવાર મુલાકાત વખતે હાજર રહ્યા હતા. ■

# સહકારી મંડળીઓના કાયદામાં સુધારાઃ ફડણવીસે પેનલની જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે એવી જાહેરાત કરી હતી કે સહકારી મંડળીઓ સંબંધી કાયદામાં ફેરફારોની ભલામણ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે અને સહકારી સંસ્થાઓની કામગીરીને મજબૂત બનાવવા માટે એક પેનલની રચના કરવામાં આવશે.

ફડણવીસે કહ્યું હતું કે, રાજ્ય સરકાર એવા રસ્તાઓ શોધશે જેનાથી સારી કામગીરી કરતી સહકારી બેંકોને સરકારી ખાતાઓનું સંચાલન કરવાની મંજૂરી મળી શકે.

એક જાહેર સમારંભમાં બોલતાં મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, 'અમે હાલના કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટમાં ફેરફારોની ભલામણ કરવા માટે એક સમિતિની રચના કરીશું અને હાલની સહકારી મંડળીઓને કેવી રીતે મજબૂત બનાવી શકાય તે અંગે અભ્યાસ કરવા અને રાજ્ય સરકારને ભલામણો કરવા માટે બીજી સમિતિની રચના કરવામાં આવશે.' તેમણે નોંધ્યું હતું કે, રાજ્યમાં લગભગ પચાસ ટકા સહકારી મંડળીઓ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓ છે અને રાજ્ય સરકારે તેમને સંચાલિત કરતા નિયમોમાં ફેરફારો અને સુધારા રજૂ કર્યા છે.

ફડણવીસે એમ પણ કહ્યું હતું કે સરકાર ગૃહનિર્માણ ક્ષેત્રમાં સેલ્ફ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સને સમર્થન આપી રહી છે અને સ્વ-પુનઃવિકાસ માટે જવા ઇચ્છતી ગૃહ નિર્માણ સોસાયટીઓને વિવિધ પ્રકારની છૂટછાટો અને સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

તેમણે આવી હાઉસિંગ સોસાયટીઓને રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (એનસીડીસી) તરફથી સંભવિત સહાય વિશે પણ વાત કરી.

'પહેલાં, એનસીડીસી ફક્ત ગ્રામીણ વિસ્તારોમાં જ કાર્યરત હતું. અમે ફેરફારો રજૂ કરવા માટે કેન્દ્રીય ગૃહ અને સહકાર ખાતાના પ્રધાન અમિત શાહ સાથે આ અંગે ચર્ચા કરી. એકવાર એનસીડીસીને સ્વ-પુનઃવિકાસ પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે મુક્તિ મળશે, પછી તે સોસાયટી માલિકોને એનસીડીસી તરફથી રાહત દરે નાણાં મેળવવામાં મદદ થશે,' એમ તેમણે સમજાવ્યું હતું.

મુખ્ય પ્રધાને મહારાષ્ટ્રના સહકાર મોડેલની આંતરરાષ્ટ્રીય માન્યતાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે વિશ્વ બેંકે તેના તાજેતરના અહેવાલમાં રાજ્યમાં પ્રાથમિક કૃષિ સહકારી સોસાયટીઓના પ્રદર્શનથી સંતોષ વ્યક્ત કર્યો છે. ■

# વિકસતી પરિસ્થિતિઓ સાથે તાલમેલ સાધવા સહકાર ક્ષેત્રના નવા કાયદાની જરૂરઃ ગડકરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ સોમવારે મહારાષ્ટ્ર સરકારને રાજ્યમાં સહકાર ક્ષેત્ર માટે બદલાતી આર્થિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને નવો કાયદો ઘડવા સૂચન કર્યું. ગ્રામીણ વિસ્તારોના લોકોની નાણાકીય સ્થિતિ સુધારવામાં સહકાર ક્ષેત્ર મુખ્ય ભૂમિકા ભજવશે, એમ તેમણે જણાવ્યું હતું, અને રાજ્યની સર્વોચ્ચ સહકારી બેંક, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બેંકને રાજ્યમાં સહકારી ચળવળના સામાજિક-આર્થિક પ્રભાવનો અભ્યાસ કરવા વિનંતી કરી હતી. અહીં એક જાહેર સમારોહને સંબોધતા ગડકરીએ કહ્યું હતું કે, 'મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનને સહકારી ક્ષેત્ર માટે સુધારેલા કાયદા લાવવા વિનંતી છે. આપણે સહકાર કાયદા અને કંપની કાયદા વચ્ચે સુવર્ણ મધ્ય શોધવો જોઈએ અને તે મુજબ નવો કાયદો ઘડવો જોઈએ.' 'વિકસતી આર્થિક પરિસ્થિતિઓ સાથે સુસંગત થવા માટે સહકારી સંસ્થાઓને સંચાલિત કરતા કાયદાઓમાં સુધારો કરવાની જરૂર છે,' એમ તેમણે કહ્યું હતું. માર્ગ પરિવહન અને રાજમાર્ગ ખાતાના પ્રધાને કહ્યું હતું કે, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બેંકે રાજ્યમાં સહકારી ચળવળના સામાજિક-આર્થિક પ્રભાવ પર વ્યાપક અભ્યાસ કરવો જોઈએ.

'મહારાષ્ટ્રમાં સહકાર ચળવળના સામાજિક-આર્થિક પ્રભાવનો અભ્યાસ સમગ્ર રાજ્યમાં તાલુકા અને જિલ્લા સ્તરે થવો જોઈએ. તેમાં રોજગાર, માથાદીઠ આવક અને વિકાસ દર માપવા જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

ક્ષેત્રો વચ્ચેના આર્થિક અસંતુલનને પ્રકાશિત કરતા ગડકરીએ કહ્યું કે જ્યારે ઉત્પાદન ક્ષેત્ર બાવીસથી ચોવીસ ટકા યોગદાન આપે છે, ત્યારે સેવા ક્ષેત્ર બાવનથી ચોપન ટકા જીડીપીમાં મહત્તમ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ઉત્પન્ન કરે છે. તેમણે કહ્યું હતું કે કૃષિ અને ગ્રામીણ વિકાસ ક્ષેત્ર ૬૦ ટકા વસ્તીને રોજગારી આપવા છતાં માત્ર બાર ટકા યોગદાન આપે છે. 'ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ, નોકરીઓ અને સુવિધાઓના અભાવે મજબૂરીમાં લગભગ ૩૦ ટકા લોકો શહેરોમાં સ્થળાંતર કરી ગયા છે,' એમ ગડકરીએ કહ્યું હતું. તેમણે ગ્રામીણ વસ્તીની આવક વધારવા માટે ડેરી ક્ષેત્રને એક મોડેલ તરીકે વર્ણવ્યું હતું. દૂધ ઉત્પાદનની દ્રષ્ટિએ પ્રાદેશિક અસમાનતાઓ તરફ ધ્યાન દોરતા તેમણે કહ્યું હતું કે, 'અહિલ્યાનગર જિલ્લો પચાસ લાખ લિટર દૂધનું ઉત્પાદન કરે છે, જ્યારે કોલ્હાપુર ૭૦-૮૦ લાખ લિટર દૂધનું ઉત્પાદન કરે છે. આનાથી ગામડાઓમાં સમૃદ્ધિ આવી છે. જોકે, સમગ્ર વિદર્ભ ક્ષેત્રનું દૂધ ઉત્પાદન અહિલ્યાનગર જેટલું પણ નથી,' એવો દાવો તેમણે કર્યો હતો. ■

# લાતુરમાં શિક્ષકની હત્યાના કેસમાં ફરાર બે આરોપી હૈદરાબાદથી પકડાયા

લાતુરઃ લાતુર જિલ્લાના નિલંગા તહેસીલમાં ગયા મહિને શિક્ષકની થયેલી હત્યાના કેસમાં ફરાર બે આરોપીની હૈદરાબાદથી ઝડપી પાડવામાં આવ્યા હતા. બંનેની ધરપકડ સાથે આ કેસમાં પકડાયેલા આરોપીઓની સંખ્યા હવે નવ પર પહોંચી છે. શુક્રવારે પકડાયેલા બંને આરોપીઓની ઓળખ અઝહર મોહંમદ અને ગજેન્દ્ર સર્વદે તરીકે થઇ હોઇ સ્થાનિક કોર્ટે તેમને ૧૩ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

નિલંગા તહેસીલના કાસારશિર્શી પોલીસ સ્ટેશનની ટીમે આ કાર્યવાહી કરી હતી, એમ ઇન્સ્પેક્ટર અજય પાટીલે જણાવ્યું હતું.ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે નીકળેલી શોભાયાત્રા સંબંધે અહીના ગામમાં ૨૬ એપ્રિલે બપોરે જૂથ અથડામણ થઇ હતી. બદુલ ગામનો શિક્ષક ગુરુલિંગ હાસુરે તેના ખેતરમાં કામ કરી રહ્યો હતો ત્યારે હરીફ જૂથનો સમજી તેના પર ટોળાએ તેના પર હુમલો કર્યો હતો, જેમાં ગંભીર ઇજા પહોંચતાં તેનું મૃત્યુ થયું હતું. પોલીસે આ પ્રકરણે અઝહર મોહંમદ અને ગજેન્દ્ર સહિત નવ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ કેસમાં સાત જણની ધરપકડ કરાઇ હતી, જ્યારે બે જણ ફરાર હતા. દરમિયાન પોલીસ ટીમને માહિતી મળી હતી કે ગુનામાં સામેલ બે ફરાર આરોપી હૈદરાબાદમાં છુપાયા છે. આથી પોલીસ ટીમ ત્યાં રવાના થઇ હતી અને બંનેને પકડી પાડ્યા હતા. (પીટીઆઇ) ■

# થાણેમાં બે કરોડનો કોડીન પાઉડર જપ્ત

થાણેઃ થાણેમાં બે કરોડ રૂપિયાની કિંમતનો કોડીન પાઉડર જપ્ત કરીને પોલીસે રાજસ્થાનના ૪૮ વર્ષના મેડિકલ સેલ્સ રિપ્રેઝન્ટેટીવની ધરપકડ કરી હતી.

એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ની ટીમે મળેલી માહિતીને આધારે ૯ મેના રોજ થાણે રેલવે સ્ટેશન નજીક હોટેલમાં રેઇડ પાડીને આરોપી સુરેશ પરમારને તાબામાં લીધો હતો.

પોલીસ ટીમને પાઉડર સ્વરૂપે એક કિલો કોડીન મળી આવ્યું હતું, જે જોધપુરથી કુરિયર મારફત પરમાર પાસે આવ્યું હતું. કોડીનની કિંમત બે કરોડ રૂપિયા હતી. એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. (પીટીઆઇ) ■

### ભાજપના પ્રધાન ગિરીશ મહાજનની બદનક્ષી

# વીડિયો ડિલીટ કરવા હાઈ કોર્ટનો આદેશ

મુંબઈઃ બોમ્બે હાઇ કોર્ટે મહારાષ્ટ્રના જળ સંસાધન પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા ગિરીશ મહાજન વિરુદ્ધ બે યુટ્યુબર્સ દ્વારા અપલોડ કરવામાં આવેલા છ વીડિયોને રદ કરવાનો આદેશ આપ્યો છે અને એ વીડિયો પ્રથમદર્શી રીતે બદનક્ષીકારક હોવાની નોંધ પણ કરી હતી. ન્યાયમૂર્તિ આરિફ ડોક્ટરની ખંડપીઠે આઠમી મેએ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે વીડિયો જોયા બાદ વચગાળાની રાહત આપવાનો કેસ બને છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે પ્રતિવાદીઓ દ્વારા વીડિયોમાં કરવામાં આવેલા નિવેદનો ટ્રાંસ્ક્રિપ્ટ્સથી સમજાયા બાદ પરતઃમ દ્રષ્ટિએ બદનક્ષી કરનારા લાગે છે. યુ-ટ્યુબ પર અપલોડ કરેલા છ વીડિયોને તાત્કાલિક હટાવી લે/ડિલીટ કરે એવો આદેશ અદાલતે પ્રતિવાદીઓને આપ્યો હતો. મહાજનની બદનામી થાય તેવા આવા વધુ કોઈ વિડિયો અથવા પોસ્ટ અપલોડ કરવા પર પણ તેમણે પ્રતિબંધ મૂક્યો હતો. ખંડપીઠે આ મામલાની વધુ સુનાવણી ૨૦ જૂન પર મુલતવી રાખી છે. (પીટીઆઈ) ■

# સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના પાણીનો ઉપયોગ કરી મરોલમાં અર્બન ફોરેસ્ટ ઉગાડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્યુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી નૈસર્ગિક પદ્ધતિએ સ્વચ્છ કરેલા પાણીનો ઉપયોગ કરીને મરોલમાં સાડા ત્રણ એક જગ્યામાં અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. અંધેરીના મરોલમાં બનાવવામાં આવેલા ઉદ્યાનનું સોમવારે લોકાર્પણ કરવામાં આવ્યું હતું

વૈશ્વિક સ્તરે તાપમાનમાં મોટા પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે ત્યારે મુંબઈમાં આગામી પાંચ વર્ષમાં નાગરી વિસ્તારના તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો કરવા માટે મોટા પ્રમાણમાં નાગરિકોના સહભાગની સાથે અર્બન ફોરેસ્ટની સંકલ્પના આધારિત ઉદ્યાનોના વિકાસ કરવાની યોજના સુધરાઈએ બનાવી છે.

સુધરાઈ અને મરોલ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના સહભાગથી મરોલમાં ૩.૫ એકરની જગ્યામાં આ પ્રોજેક્ટ ઊભો કરવામાં આવ્યો છે. આ પરિસરમાં સ્યુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી નૈસર્ગિક પદ્ધતિએ સ્વચ્છ કરેલા પાણીનો ઉપયોગ વૃક્ષારોપણ કરેલા ઝાડ માટે કરવામાં આવ્યો છે. મુંબઈ મહાનગરનો આ પહેલો ઈકો સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે. માત્ર એક વર્ષની અંદર આ પ્રોજેક્ટનું કામ પૂરું કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટ અંતર્ગત દેશી પ્રજાતિના વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે. જેમાં બાંબૂ, બૂકળ પ્લાન્ટ, આંબા સહિત વિવિધ પ્રજાતિના ૧૦ હજાર વૃક્ષોનું વાવેતર આ ઉદ્યાનમાં કરવામાં આવ્યું છે. વૃક્ષોને કારણે આ પરિસરના તાપમાનમાં બે સેલ્સિયસથી ઘટાડો થયો હોવાનું એક અભ્યાસમાં જણાઈ આવ્યું છે.

મુંબઈ ઉપનગર જિલ્લા નિયોજન ફંડમાંથી આ ઉદ્યાનમનો વિકાસ કરવામાં આવ્યો છે. અહીં નાના બાળકોને રમવા માટેની સુવિધા ઊભી કરવામાં આવી છે. સ્વચ્છતા ગૃહ, મનોરંજન માટે અલાયદી જગ્યા, એક્ઝિબિશન માટે જગ્યા પણ રાખવામાં આવી છે. ■

# થાણેમાં ટ્રકે સ્કૂટરને ટક્કર મારતાં એકનું મોત

થાણેઃ થાણેમાં ટ્રકે રવિવારે સ્કૂટરને અડફેટમાં લેતાં એક વ્યક્તિનું મોત થયું હતું. કાપુરબાવડી બ્રિજ નજીક રાતે ૧૦ વાગ્યે આ અકસ્માત થયો હતો.

ટ્રકના ડ્રાઇવરે અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને તે સ્કૂટર સાથે ટકરાઇ હતી. સ્કૂટરસવાર ઊછળીને માર્ગ પર પટકાયો હતો અને ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે તેનું મૃત્યુ થયું હતું.

અકસ્માતની જાણ થતાં પોલીસ ટીમ, ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલી વ્યક્તિને બાદમાં એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં મોકલવામાં આવી હતી.

અકસ્માત બાદ ટ્રક ડ્રાઇવર ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી હોવાનું અધિકારીએ કહ્યું હતું.

ઘોડબંદર રોડ પર ટ્રાફિક સતત રહે છે અને તેનું કારણ છે ઘણાં સમયથી ચાલી રહેલું રસ્તાઓનું કામ.જોકે ખોદાયેલા રસ્તાઓને લીધે આવા અકસ્માતો થયા જ કરે છે અને લોકોએ જીવ ગુમાવવાનો વારો આવે છે. (પીટીઆઇ) ■

# રાણીબાગમાંનાં માછલીઘરનાં ટેન્ડરમાં ગરબડઃ બિડ રદ કરવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલામાં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે બોટોનિકલ ગાર્ડન એન્ડ ઝૂ (રાણીબાગ)માં ૬૫ કરોડ રૂપિયાના ખર્ચે મુંબઈ મહાનગરપાલિકાએ મત્સ્યાલય બાંધવાની છે, જોકે તેની ટેન્ડર પ્રક્રિયામાં અનિયમિતતા હોઈ ટેન્ડરને તાત્કાલિક ધોરણે રદ કરવાની માગણી સમાજવાદી પાર્ટીએ કરી છે. એટલું જ નહીં પણ ટેન્ડરની મંજૂરી પ્રક્રિયાની એન્ટિ કરપ્શન બ્યૂરો પાસે તપાસ કરાવવાની માગણી પણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસે કરવામાં આવી છે. તાજેતરમાં પાલિકાએ મંજૂર કરેલા પ્રસ્તાવ મુજબ રાણીબાગમાં પેંગ્વિન કક્ષની પાસે ગુંબજ આકરનું માછલીઘર બનવાનું છે, જે ભાયખલા પ્રાણી સંગ્રહાલયના વિસ્તરણનો એક ભાગ છે. પ્રાણીબાગના વિસ્તરણની યોજના ૨૦૦૯ની સાલથી ચાલી રહી છે. આ માછલીઘરમાં વૉકિંગ ટનલ અને પોપ-અપ વિન્ડો જેવી સુવિધાનો પણ સમાવેશ થાય છે. લંબચોરસ અને ગોળાકાર ટાંકીઓ અને ટનલ એક્વોરિયમ વગેરે બનાવવામાં આવવાના છે, જેમાં જુદી જુદી પ્રજાતિની માછલીઓ મૂકવામાં આવવાની છે. આ એક્વેરિયમમાં દરિયાઈ જીવો માટે કુદરતી વાતાવરણ બનાવવા માટે કૃત્રિમ ખડકો ગોઠવવામાં આવવાના છે. જોકે આ એક્વેરિયમ બનાવવા માટે બહાર પાડેલી ટેન્ડર પ્રક્રિયામાં ગડબડ હોવાની લેખિતમાં ફરિયાદ સમાજવાદી પાર્ટી દ્વારા મુખ્ય પ્રધાનને કરાઈ છે. પત્રમાં કરેલી ફરિયાદ મુજબ પ્રસ્તાવિત પ્રોજેક્ટમાં ફાયરસેફટી, સાર્વજનિક જોખમનો વિચાર કરવામાં આવ્યો નથી. ટેન્ડર પ્રક્રિયામાં ફક્ત એક જ બિડરે ભાગ લીધો હતો. તેથી ટેન્ડર પ્રક્રિયામાં નિષ્પક્ષતા અને પારદર્શકતા બદલ શંકા છે. સ્પર્ધા રોકવા માટે ટેન્ડરમાં ફેરફાર કરવામાં આવ્યો હોવો જોઈએ. ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શકતાનો અભાવ હોવાની સાથે જ ટેન્ડરમાં બોલી લગાવનારી કંપની પાલિકાના એક વરિષ્ઠ અધિકારીની હોવાથી આ બાબત ચિંતાજનક હોવાનો દાવો પણ સમાજવાદી પાર્ટીએ કર્યો છે. ■

# સહકારી ક્ષેત્રને મજબૂત કરવા માટે કાયદા ને નીતિ સુધારોઃ શરદ પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે સોમવારે મહારાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા માટે હાલના કાયદાઓમાં સુધારો કરવા અને નીતિમાં સુધારો કરવાની ભલામણ કરી હતી.

તેમણે કહ્યું હતું કે સહકારી ક્ષેત્ર પહેલા મહારાષ્ટ્રનો દબદબો હતો, પરંતુ હવે ગુજરાતે રાજ્યને પાછળ છોડી દીધું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીની હાજરીમાં સહકારી ચળવળ પર આયોજિત પરિસંવાદમાં બોલતા પવારે કહ્યું હતું કે સરકારે નીતિ ઘડવા અને આ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે કાયદાકીય ફેરફારો પર કામ કરવું જોઈએ. 'સહકારી ક્ષેત્રે જિલ્લા સહકારી બેંકો, ખાંડ સહકારી મંડળીઓ અને કપાસ જીનિંગ મિલો સાથે આકાર લીધો અને પ્રગતિ કરી. રાજ્ય સરકાર આ બધામાં સમાનતા ધરાવે છે, પરંતુ મોટાભાગની ખાંડ મિલોનું ખાનગીકરણ કરવામાં આવ્યું છે અને કપાસ જીનિંગ મિલો બંધ થઈ ગઈ છે,' એમ તેમણે કહ્યું હતું.

'આવું કેમ થયું તેનો અભ્યાસ કરવાની જરૂર છે, નહીં તો રાજ્યની સહકાર ચળવળ ઇતિહાસમાં સ્થાન પામશે,' એમ તેમણે કહ્યું હતું.

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે સહકાર ક્ષેત્રમાં ગુજરાત મહારાષ્ટ્રથી આગળ નીકળી ગયું છે.

તેમણે ઉમેર્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બેંકને પુનર્જીવિત કરવામાં આવી છે અને તે સારી રીતે કામ કરી રહી છે.

'સહકાર ક્ષેત્ર દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓનો અભ્યાસ કરવાની જરૂર છે અને સરકારે નીતિગત નિર્ણયો દ્વારા આ મુદ્દાઓ પર ધ્યાન આપવું જોઈએ અને હાલના કાયદાઓમાં સુધારો કરવો જોઈએ,' એમ ચાર વખત મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન રહી ચૂકેલા શરદ પવારે કહ્યું હતું. ■

# મરાઠવાડામાં વીજળી પડતાં બે જણાનાં મોત

છત્રપતિ સંભાજીનગર : મરાઠવાડાના અમુક વિસ્તારોમાં કમોસમી વરસાદ અને વીજળી ત્રાટકતા બે વ્યકિતનું મૃત્યુ થયું હતું એમ સોમવારે મેહસૂલ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું.

રવિવારે બીડ અને લાતુર જિલ્લાઓમાંથી મોતના બનાવોની જાણકારી મળી હતી.

બીડ અને લાતુર જિલ્લામાં વીજળી ત્રાટકવાથી દિગંબર ગાયકવાડ (૫૯) અને રાહુલ જાધવ (બાવીસ) નું મૃત્યુ થયું હતું એમ અધિકારીએ જણાવ્યું હતું. બીડ અને નાંદેડ જિલ્લાની આ વરસાદી ઘટનામાં ઢોરઢંખરા પણ માર્યા ગયા હતા એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# મીરા રોડની સોસાયટીમાંના ડ્રમમાંથી વોચમેનનું શબ મળ્યું

થાણેઃ મીરા રોડ વિસ્તારમાં આવેલી હાઉસિંગ સોસાયટીના પરિસરમાં ડ્રમમાંથી ૪૦ વર્ષના વોચમેન પ્રકાશ સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો.

પોલીસે આ પ્રકરણે હાલ એડીઆર દાખલ કર્યો હોઇ પ્રકાશ સિંહના મૃત્યુ અંગે તપાસ કરાઇ રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. સિંહની બહેને દાવો કર્યો હતો કે તેનો ભાઇ રવિવારે રાતે દારૂ પીધા બાદ સોસાયટીના પરિસરમાં સૂઇ ગયો હતો.

સોમવારે સવારે સિંહનો મૃતદેહ નગ્ન અવસ્થામાં ડ્રમમાંથી મળી આવ્યો હતો. સિંહની બહેને કહ્યું હતું કે સોસાયટીના અન્ય રહેવાસીઓએ દાવો કર્યો હતો કે હાઉસિંગ સોસાયટીના સીસીટીવી કેમેરા ચાલુ નથી. (પીટીઆઇ) ■

# સંઘના સ્વયંસેવકો માટે નાગપુરમાં તાલીમ શિબિર

નાગપુરઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો તેના સ્વયંસેવકો માટે પચીસ દિવસનો તાલીમ શિબિર સોમવારે અહીં શરૂ થયો, જેમાં ૮૪૦ તાલીમાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. 'કાર્યકર્તા વિકાસ વર્ગ દ્વિતીયા' નાગપુરના રેશીમબાગ સ્થિત ડો. હેડગેવાર સ્મૃતિ ભવન ખાતે યોજાઈ રહી છે. આરએસએસની સંચાર શાખા વિશ્વ વાદ કેન્દ્ર દ્વારા એક પ્રકાશનમાં જણાવાયું છે. દેશભરના તાલીમાર્થીઓ આ શિબિરમાં ભાગ લઈ રહ્યા છે, જે પાંચમી જૂને એક જાહેર સમારોહ સાથે સમાપ્ત થશે. તેઓ જમ્મુ અને કાશ્મીરથી પણ આવ્યા છે.આ શિબિરમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરના સ્વયંસેવકોનો સમાવેશ થાય છે જેમણે સંઘના 'પ્રાંત' અને જિલ્લા સ્તરના તાલીમ શિબિરમાં તાલીમ મેળવી છે, એમ તેમાં જણાવાયું છે. આ શિબિરનો ઉદ્દેશ્ય નિર્ધારિત સમયગાળામાં કાર્યકરોનો ઝડપી વિકાસ સુનિશ્ચિત કરવાનો છે, જેથી તેમના દ્વારા સંઘના સંગઠનનો વિકાસ થઈ શકે, એમ નિવેદનમાં જણાવાયું છે. (પીટીઆઈ) ■

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સૂર્યકાંત દેવરાજ ઠક્કર (સુરેશ)
૧૮ સપ્ટેમ્બર ૧૯૪૮ - ૧૧ મે ૨૦૨૫

"માનવતાની મહેક રહી હંમેશા ! દિલમાં ઉઠતી રહી આશા !
જ્યારે પણ દિલમાં ઉઠી નિરાશા ! સૂર્યકાંતના કિરણોએ જગાડી સાહસા"

બડોદર વાળા સ્વ શાંતાબેન દેવરાજ (કારીયા) ઠક્કરના સુપુત્ર સૂર્યકાંત ઠક્કર ઉંમર વર્ષ 77, હાલ કોલાબા, મુંબઈ 11 મે 2025 ના શ્રીજી ચરણ પામેલ છે.
તે વિલાસબેન ના જીવનસાથી,
સ્વ ઈન્દુબેન, સ્વ ચંદ્રકાંતભાઈ, મધુકાન્તભાઈ, હંસાબેન ના ભાઈ
સ્વ નમ્રતા, ડોક્ટર ઝીનલ, પ્રિતેશ ના પિતા, પાયલ અને જીગ્નેશના સસરા,
કશીશ, કાયરા ના દાદા. આધ્યા, ત્રિશાના નાના. સ્વ વસંતબેન કાંતિભાઈ પોંદાના જમાઈ.

પ્રાર્થના સભા

તેમની પ્રાર્થના સભા મંગળવાર તા. 13.05.2025 ના રાખેલ છે.
કે સી કોલેજ ઓડિટોરિયમ, ચર્ચગેટ, મુંબઈ સાંજના 5 થી 7.
VALET PARKING AVAILABLE

• D K Brothers • Panam Biochem I. P. Ltd. • Namrata Arts

KParth

# શિર્ડી જઈ રહેલા હૈદરાબાદના પરિવારને નડ્યો અકસ્માત: દંપતીનું મોત

જાલના: શિર્ડી જઈ રહેલા હૈદરાબાદના પરિવારની કારને જાલના જિલ્લાના સોલાપુર-ધુળે હાઈવે પર નડેલા અકસ્માતમાં દંપતીનું મોત નીપજ્યું હતું, જ્યારે ત્રણ બાળક સહિત પાંચ જણ જખમી થયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ અંબાડ તહેસીલમાં બની હતી. પૂરપાટ વેગે શિર્ડી જઈ રહેલી કાર ટ્રક સાથે ભટકાઈ હતી, જેમાં દંપતીએ જીવ ગુમાવ્યો હતો. મૃતકોની ઓળખ જી. રામ (૪૨) અને તેની પત્ની જી. માધુરી (૩૯) તરીકે થઈ હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. કારમાં ફસાઈ ગયેલા લોકોને બચાવવાની કામગીરીમાં સ્થાનિક રહેવાસીઓ અને પોલીસને ખાસ્સી મુશ્કેલી પડી હતી. દંપતીના મૃતદેહોને કારમાંથી બહાર કાઢવા જેસીબી મશીનની મદદ લેવી પડી હતી.

અકસ્માતમાં ઘવાયેલા ત્રણ બાળક સહિત પાંચને છત્રપતિ સંભાજીનગર ખાતેની ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. જખમીઓમાં શ્રીવણી (૪૧), અનુશા (૧૭), મેઘના (૧૨), હૃષીકેશ (૭) અને નાગેશ રાવ (૪૫)નો સમાવેશ થાય છે. બધા હૈદરાબાદના વતની હોવાનું પોલીસનું કહેવું છે. અકસ્માતને પગલે ટ્રકને ઘટનાસ્થળે જ છોડી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. પોલીસે તેની શોધ હાથ ધરી હતી. (પીટીઆઈ)

# લોકલમાં દરવાજે લટકીને મુસાફરી કરવા મજબૂર મહિલાઓનો વીડિયો વાયરલ

મુંબઈ: મુંબઈની જીવાદોરી સમાન લોકલ ટ્રેનોમાં પીક અવર્સમાં હૈયેહૈયું દળાય એવી ભીડમાં મુસાફરો લટકીને મુસાફરી કરવા મજબૂર હોય છે એમાં મહિલાઓ પણ બાકાત નથી. આવો જ એક વીડિયો હાલ સોશ્યલ મીડિયા પર વાયરલ થયો છે જેમાં એક ચાલતી લોકલ ટ્રેનના ફૂટબોર્ડ પર મહિલા મુસાફરો જોખમી રીતે લટકતી જોવા મળે છે, જેનાથી મુસાફરોની સલામતી અંગે ચિંતા વધી રહી છે.

એક મુસાફર દ્વારા પોતાના એક્સ એકાઉન્ટ પર પોસ્ટ કરાયેલી આ ટૂંકી ક્લિપમાં મહિલાઓ ભીડવાળી ટ્રેનના ફૂટબોર્ડ પર લટકતી જોવા મળે છે. પોસ્ટમાં જણાવ્યા મુજબ, કલ્યાણથી ઉપડતી લેડીઝ સ્પેશ્યલ ટ્રેન ૪૦ મિનિટ મોડી પડી હતી, જેના કારણે ભારે ભીડ થઈ ગઈ હતી. આ વીડિયો વાયરલ થતાં જ, મુસાફરોની સહાયતા માટેનું સત્તાવાર અકાઉન્ટ, રેલવે સેવા તરફથી પ્રતિક્રિયા આવી, જેમાં કહેવામાં આવ્યું: જરૂરી કાર્યવાહી માટે સંબંધિત અધિકારીને સૂચના આપવામાં આવી છે, અને આ મામલો મુંબઈ સેન્ટ્રલ રેલવેના ડિવિઝનલ રેલવે મેનેજરને સોંપવામાં આવ્યો છે. રેલવે સેવાએ મુંબઈ સેન્ટ્રલ રેલ્વેના રેલવે પ્રોટેક્શન ફોર્સના સત્તાવાર અકાઉન્ટને પણ ટેગ કરી આ બાબતની તપાસ કરવા કહ્યું.

દરમિયાન, ઘણા યુઝર્સે ટ્રેનો મોડી પડવાના કારણે આવી અસુરક્ષિત પરિસ્થિતિઓ પર ચિંતા વ્યક્ત કરી.

છેલ્લા પાનાનું ચાલુ

## આજે ફરી વરસાદ

જુદા જુદા વિસ્તારમાં વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે, તેમાં પણ નાશિક, કોલ્હાપુર, સતારા, સાંગલી માટે ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુંબઈ સહિત થાણે માટે ૧૪ મે, બુધવાર સુધી યલો એલર્ટ રહેશે. હવામાન ખાતાના કહેવા મુજબ ગુરુવાર બાદ વાતાવરણ ચોખ્ખું થવાની શક્યતા છે. હવામાન ખાતાના અધિકારીના કહેવા મુજબ હાલ મુંબઈમાં પડી રહેલો વરસાદ ચોમાસા પહેલાનો વરસાદ છે, જે દેશના અન્ય ભાગોમાં ચોમાસાના જલદી આગમનની આગાહી કરી રહ્યો છે.

હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ હાલ લો લેવલ ટ્રફ સર્જાયો છે, જેને કારણે પવનોની પેટર્નમાં ફેરફાર થયો છે. હાલની પરિસ્થિતિઓ ૧૩ મે સુધીમાં આંદામાનમાં નૈઋર્ત્યના ચોમાસાની શરૂઆત માટે અનુકૂળ છે, જ્યારે કેરળમાં ૨૮ મે સુધીમાં ચોમાસાની શરૂઆતની શક્યતા છે. તેથી હાલ જે વરસાદ પડી રહ્યો છે, તેને ચોમાસા પહેલાનો એટલે કે પ્રી-મોન્સૂન શાવર કહી શકાય.

મુંબઈમાં ગયા અઠવાડિયે મુંબઈમાં સતત ચાર દિવસ યલો એલર્ટ હતું અને એ દરમ્યાન પડેલા કમોસમી વરસાદને પગલે મે મહિનાની કાળઝાળ ગરમીથી મોટી રાહત મળી હતી, જેમાં કોલાબામાં ૧૯૫૧ બાદ મે મહિનામાં નીચું તાપમાન ૨૨.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સાંતાક્રુઝમાં ૨૦.૬ ડિગ્રી નોંધાયું હતું. ગયા અઠવાડિયે પડેલા વરસાદને પગલે મે, ૨૦૨૧ બાદનો આ મે મહિનો સૌથી ભીનો રહ્યો હતો. હવામાન ખાતાના આંકડા મુજબ મંગળવાર છ મેથી શુક્રવાર નવ મે, ૨૦૨૫ સુધીમાં ૪૮.૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે સાંતાક્રુઝમાં આ જ સમયગાળા દરમ્યાન ૩૮.૪ ડિગ્રી વરસાદ નોંધાયો હતો.

## ગઢચિરોળીમાં

ચાલ્યું હતું. ગોળીબાર બંધ થયા પછી પોલીસે સર્ચ કરતાં બે રાઈફલ, એક મૅગેઝિન, અનેક કારતૂસો, ડિટોનેટર્સ, એક રેડિયો, વૉકીટૉકી જપ્ત કરવામાં આવી હતી. પોલીસે દાવો કર્યો હતો કે ઑપરેશન દરમિયાન નક્સલવાદી કૅમ્પનો સંપૂર્ણ નાશ કરવામાં આવ્યો હતો. એ સિવાય જવાનોના ગોળીબારમાં કેટલાક નક્સલવાદીઓ માર્યા ગયા હતા તો અમુક જખમી પણ થયા હતા, પરંતુ સાથીઓ તેમને લઈને જંગલમાં સંતાઈ ગયા શક્યતા અધિકારીએ વ્યક્ત કરી હતી. સંબંધિત પરિસરમાં હજુ પણ ઑપરેશન ચાલી રહ્યું છે. જંગલ પરિસરમાં બાજનજર રાખવામાં આવી રહી હોવાનો દાવો પણ પોલીસે કર્યો હતો.

## થાણેના

નંબર અને ઈ-મેઈલ આઈડી પણ બદલાવી નાખ્યા હતા. બનાવટી અને ચેડાં કરેલાં દસ્તાવેજોની મદદથી સલમાને ફરિયાદીની કંપનીને નામે પચીસ કરોડ રૂપિયાના વ્યવહાર કર્યા હતા અને ૪.૫ કરોડ રૂપિયાના જીએસટીની ચુકવણી કરી નહોતી. આ પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## ભિવંડીની

નથી. તેમણે કહ્યું કે ત્રણ ફાયર એન્જિન કામે લાગ્યા હતા, અને તેમણે સવારે ૯ વાગ્યા સુધીમાં આગ પર કાબૂ મેળવ્યો હતો, અને કૂલિંગ કામગીરી ચાલુ હતી.

તેમણે કહ્યું કે આગ એક ગોડાઉનમાં લાગી અને બીજા ગોડાઉનોમાં ફેલાઈ ગઈ. સૂત્રોના જણાવ્યા અનુસાર, પેટ્રોલિયમ ઉત્પાદનોની હાજરીએ પરિસ્થિતિને વધુ ખરાબ બનાવી હતી.

## નવનીત રાણા

દીધી છે અને આ ધમકી આંતરરાષ્ટ્રીય સ્તરે ઉદ્ભવી હોવાથી મુંબઈ પોલીસને કેન્દ્રીય એજન્સીઓની મદદ લેવાની જરૂર પડી શકે છે. ગયા વર્ષે પણ નવનીત રાણાને પાકિસ્તાન તરફથી આવી જ ધમકી મળી હતી. તેમના વોટ્સએપ નંબર પર ધમકી આપતી એક ક્લિપ મોકલવામાં આવી હતી જેમાં હત્યાની ચેતવણી આપવામાં આવી હતી.

## નાશિકમાં

હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે નાશિકમાં સોમવારે સવારે ૧૧.૩૦થી બપોરે ૨.૩૦ વાગ્યા સુધીમાં ૫.૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. કમોસમી વરસાદના કારણે ડુંગળી, કેરી, શાકભાજીને ભારે નુકસાન થયું હતું. રાજ્યના કૃષિ પ્રધાન માણિકરાવ કો કાટે એ રવિવારે બપોરે સિન્નર તાલુકામાં થયેલા નુકસાનનું નિરીક્ષણ કર્યું હતું અને ખેડૂતો સાથે વાતચીત કરી હતી. (પીટીઆઈ)

## ઓનલાઈન છરી

બીડ જિલ્લામાં રહેતો શિંગણે ભોપાલની ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલમાં ભણતો હતો. પુણેના વાનવડી વિસ્તારમાં આવેલા ફ્લૅટના બાથરૂમમાં તેણે પોતાનું ગળું ચીર્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ સોમવારની સવારે ૧૦.૧૫ વાગ્યે પોલીસ કન્ટ્રોલ રૂમને કૉલ આવ્યો હતો. ફોન કરનારી વ્યક્તિએ પંચરત્ન હાઉસિંગ સોસાયટીમાં ફ્લૅટના બાથરૂમમાં યુવકનો મૃતદેહ પડ્યો હોવાની માહિતી આપી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. તપાસમાં જણાયું હતું કે શિંગણે ડિપ્રેશનનો ભોગ બન્યો હતો અને છેલ્લા કેટલાક મહિનાથી તેની સારવાર ચાલી રહી હતી. સ્પોર્ટ્સ કૉમ્પિટિશન માટે તે પુણે આવ્યો હતો. તેના મોબાઈલ ફોનમાં વૉટ્સઍપમાં એકાઉન્ટમાંથી સુસાઈડ નોટ મળી આવી હતી, એમ ડીસીપીએ જણાવ્યું હતું.

શિંગણેએ અંતિમ પગલું ભરવા પાછળ ઘણાં કારણો હોવાનું સુસાઈડ નોટ પરથી જણાય છે, જેમાંથી અભ્યાસક્રમ બદલાયો, ક્લાસમાં હાજરી અને ભણતરના તાણ મુખ્ય કારણ હોવાનું પોલીસનું કહેવું છે.

અધિકારીએ જણાવ્યું હતું કે થોડા દિવસ અગાઉ શિંગણેએ છરી ઑનલાઈન ઑર્ડર કરી હતી અને તેનો જ ઉપયોગ તેણે ગળું ચીરવામાં કર્યું હતું, એવું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. એનઈઈટીની પરીક્ષામાં શિંગણેએ ૭૨૦માંથી ૭૧૦ માર્ક્સ આવ્યા હતા. તેના પિતા ડૉક્ટર છે અને એક ભાઈ મેડિકલનો વિદ્યાર્થી છે. વાનવડી પોલીસ ઘટનાની વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

## અસરકારક સંકલન

છે. ગુપ્ત માહિતીની આપ-લે અત્યંત મહત્ત્વપૂર્ણ રહેશે અને સાયબર સુરક્ષા મોરચે પૂરતી કાળજી લેવાની જરૂર છે,’ એમ તેમણે કહ્યું હતું.

મહારાષ્ટ્ર, ગુજરાત અને ગોવા વિસ્તાર માટે ભારતીય સેનાના જનરલ ઓફિસર કમાન્ડિંગ (જીઓસી) લેફ્ટનન્ટ જનરલ પવન ચઢ્ઢા, નૌકાદળના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ મહારાષ્ટ્ર નેવલ એરિયા (એફઓએમએ) રીઅર એડમિરલ અનિલ જગ્ગી, ભારતીય વાયુસેના (આઈએએફ)ના એર વાઇસ માર્શલ રજત મોહન, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ), જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ (જેએનપીટી), બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ), આતંકવાદ વિરોધી ટુકડી (એટીએ), હોમગાર્ડ્સ વગેરેના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## નરવણે

બંધ કરવા અંગે જાહેરાત કરવામાં આવી. હું ધ્યાન દોરવા માંગું છું કે હાલ ફક્ત લશ્કરી કાર્યવાહી અટકી છે, યુદ્ધવિરામ નહીં. આવનારા દિવસો અને અઠવાડિયાઓમાં પરિસ્થિતિ કેવા વળાંક લે છે એ જોવાનું રહે છે.’ લશ્કરી કાર્યવાહી બંધ કરી દેવામાં આવી એની યથાર્થતા અંગે કેટલાક લોકોએ સવાલ ઉઠાવ્યા છે. નરવણેએ દલીલ કરી હતી કે જો તમે હકીકતો અને આંકડાઓ, ખાસ કરીને યુદ્ધના ખર્ચને ધ્યાનમાં લેશો તો તમને ખ્યાલ આવશે કે નુકસાન ખૂબ મોટું અથવા દુર્ગમ બને તે પહેલાં એક સમજદાર વ્યક્તિ યોગ્ય નિર્ણય લઈ લે છે.’ (પીટીઆઈ)

# સંસ્થા સમાચાર

## લેડર બનો લીડર નહિની શીખ સાથે ગોંડલમાં ડુંગર ગુરુ ભક્તિ-પૂનમ મહોત્સવની શાનદાર ઉજવણી



શ્રી ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘ - ગાદી ઉપાશ્રયના ઉપક્રમે પૂ.શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે વૈશાખી પૂનમના નવકારશી બાદ ડુંગરસિંહજી સ્વામી, અંતર્યામીના જયનાદે ધર્મયાત્રા ભોજપરામાં પહોંચ્યા બાદ પૂ. પંથકમુનિ મ.સા., પૂ. જ્યોતિબાઈ મ.સ., પૂ. જય-વિજય મ.સ. પરિવાર, પૂ. તરૂબાઈ મ.સ., પૂ. જ્યોતિજી મ.સ.ની શુભેચ્છા સહ સંઘપ્રમુખ શ્રી જિજ્ઞેશભાઈ વોરાએ સહુને આવકાર્યા હતા. પ્રવિણભાઈ કોઠારીએ ઓળી-ચાતુર્માસની વિનંતી કરેલ.

ગુરુભક્તિ પૂનમ મહોત્સવમાં પ્રથમવાર પધારેલા ધીરગુરુદેવે ગોંડલ સંપ્રદાયની ગરિમા વધારનાર પૂ. ડુંગરસિંહજી સ્વામી અને પાટાનુપાટ આચાર્યપદે બિરાજીત પૂ. ભીમજી સ્વામી, પૂ. નેહાસીસ્વામી, પૂ. જેસંગજી સ્વામી, પૂ. દેવજી સ્વામી, પૂ. જશાજી સ્વામી, પૂ. પુરુષોત્તમસ્વામીની જીવનઝલક દર્શાવતા કહેલ કે કૃપા માંગના કામ હૈ કચ્ચા, કૃપા પાત્ર બનના કામ હૈ સચ્ચા. સમાજ, સંઘ, શાસનના કામ કરવામાં લેડર બનો, સીડી બનો. લીડર નહીં. શેઠ કે માલિક નહીં. સારા કાર્યમાં સપોર્ટર બનો. માત્ર રિપોર્ટર નહીં. ગૌતમપ્રસાદના લાભાર્થી શ્રી રમેશભાઈ ધડુક અને નવકારશી દાતા કેતન ગોવિંદલાલ દેસાઈનું સન્માન કરાયું હતું. આગામી વર્ષે ગૌતમ પ્રસાદની ઘોષણા ધડુક પરિવારે કરતાં ઉમંગ છવાયો હતો.

ગાદીના ગામે ‘ડુંગરગુરુ હોલ’ નિર્માણ કરવાની રજૂઆત થતા લલિતાબેન મણીલાલ કોઠારી પરિવારે ૧૧ લાખની દાન અર્પણની ભાવના રજૂ કરી હતી.

ચૈત્રી ઓળી અને ચાતુર્માસની સકલ સંઘે વિનંતી કરેલ. પૂ. વનિતાબાઈ મ.સ.ની આગામી ઓળી ગીતગુર્જરી અને પૂ. જ્યોતિબાઈ મ.સ.ની ઓળી વિરાણી પૌષધશાળા અને ચાતુર્માસ ગીતગુર્જરી, ઘોષિત કરવામાં આવેલ.

સંઘના કર્મચારીઓનું નિરંજના વીરેન્દ્ર સંઘવી તરફથી સુકામેવાના પેકેટ અને ગુરુભક્ત તરફથી રોકડા એક હજાર રૂપિયાથી કરાયું હતું. જીવદયા કળશનો લાભ યશુબેન શેઠ અને એક લાખનું ઈનામ અલ્પાબેન તથા છગનલાલ વિઠ્ઠલજી શેઠ, ધારા જીતુભાઈ બેનાણી વગેરે તરફથી રોકડ, રીસ્ટવોચ, સુવર્ણ-સિલ્વર ગીની ડ્રોમાં અર્પણ થયેલ.

## સામૂહિક દીક્ષા મહોત્સવ

શાસન સમ્રાટ પૂ. નેમિસૂરિદાદાના સમુદાયના પ.પૂ.આ.શ્રી શ્રમણચંદ્ર સૂરિશ્વરજી મહારાજ સાહેબ, પ.પૂ.આ.શ્રી વિમલકીર્તિ સૂરિશ્વરજી મહારાજ સાહેબ, પ.પૂ.આ.શ્રી કલ્યાણ હેમસૂરિશ્વરજી મહારાજ સાહેબ તથા પૂ.સા.શ્રી તરંગલેખાશ્રી આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં સામૂહિક દીક્ષા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગઈકાલથી શરૂ થયેલા ત્રણ દિવસીય આ કાર્યક્રમ વિલેપાર્લા ઈસ્ટમાં યોજવામાં આવ્યો છે. ૧૪મે એ સવારે સાત કલાકે દીક્ષાવિધિનો આરંભ થશે.


## ક્લાસિફાઈડ

### ૧૭. જગ્યા આપવી છે

**NAPEANSEA ROAD**
3 BHK Walkin Flat for Rent fully furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

### ૨૦. ધંધાદારી જગ્યા

**REQUIRED**
For Elder Care Centre Approx. 7000 to 12000 sq. ft. Carpet area (Independent Residential / Commercial Building) Mumbai, Suburbs and Navi Mumbai. Gujarat (Vadodara and Ahmedabad) Contact: +918169400588. Email: property@aajicare.in (B-15967)

### ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૯૬૮)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# જૈન મરણ

ખાંભા-અમરેલી નિવાસી, પ્રવીણચંદ્ર દુર્લભજી શાહ હાલ ઘાટકોપર (ઉ.વ. ૭૩) તે સ્વ. દુર્લભજી જગજીવનદાસ ફીફાદ્રાના સુપુત્ર. હંસાબેનના પતિ. વૈશાલીબેન, જિજ્ઞાસાબેન સિદ્ધાર્થભાઈ દેસાઈ અને ડૉ. જીગરભાઈના પિતાશ્રી. ડૉ. દક્ષાબેન જીગરભાઈ શાહ અને સિદ્ધાર્થકુમાર કિર્તીભાઈ દેસાઈના સસરા. ધારી નિવાસી સ્વ. રતિલાલ મોહનલાલ શેઠના જમાઈ, રવિવાર, તા. ૧૧-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
ખડસલીયા નિવાસી, હાલ વાલકેશ્વર, હીરાબેન દોશી (ઉ.વ. ૯૪) તા. ૧૧-૫-૨૫નાં અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પરમાનંદ અમૃતલાલ દોશીના ધર્મપત્ની તથા શશીકાંત, ઉમાકાંત, ચેતન, ઈન્દિરા, રંજન, ભારતીના માતુશ્રી. હર્ષા, ભાવના, પૂર્ણા, જીતુભાઈ, મુકુંદભાઈ, દિલીપભાઈના સાસુ. પિયર પક્ષે છગનલાલ ગોવિંદજી ગાંધી, ભાવનગર. ઠે: શશીકાંત પરમાનંદ દોશી, ૧/૨૦ સમ્રાટ અશોક સો., આર.આર. ઠક્કર માર્ગ, વાલકેશ્વર, મુંબઈ-૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
ગોંડલ નિવાસી હાલ મુંબઈ, ગં.સ્વ. કુસુમગૌરી ઉદાણી (ઉ.વ. ૮૬) તા. ૧૦-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયવંતલાલ મણીલાલ ઉદાણીના ધર્મપત્ની. સ્વ. હિતેશ, પીયુષ, અલ્કા પંકજભાઈ કોઠારી, અલ્પા યોગેશભાઈ શાહના માતુશ્રી. મનીષા હિતેષભાઈ અને અલ્પના પીયુષભાઈના સાસુજી. હિરલ પ્રીતેશકુમાર વીકમણી, દિશા, હર્ષિત અને તેજસના દાદી. સ્વ. વિનોદરાય અને સ્વ. નટવરલાલ જમનાદાસ દેસાઈ, સ્વ. પુષ્પાબેન રતિલાલ વાલાણી, સ્વ. સુશીલાબેન હિંમતભાઈ મેઘાણી, ઈન્દુબેન અરુણભાઈ ધિયાના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**
સરદારગઢ નિવાસી (હાલ ભીવંડી) સ્વ. પ્રાણલાલ ન્યાલચંદ પારેખના ધર્મપત્ની રમીલાબેન (ઉ.વ. ૮૧) તા. ૯-૫-૨૫, શુક્રવારના અરિહંતશરણ પામ્યા છે. જે નીલેશભાઈ, સ્વ. હિતેશભાઈના માતુશ્રી. ભાવનાબેનના સાસુ. સંકેત, ધ્વનીના દાદી.

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

મંગળાબેન રમણીકલાલ પારેખ, મૃદુલાબેન અરવિંદ પારેખ, ઉષાબેન ધીરજલાલ પારેખ, સરોજબેન રસિકલાલ સંઘવી, હંસાબેન ચંદ્રકાંત પારેખ, સ્વ. નયનાબેન, સોનલબેન જગદીશ પારેખના ભાભી. શાંતિલાલ, અમૃતલાલ, ઝવેરીલાલ વિઠલજી કોરડિયા, પ્રભાબેન પ્રાણલાલ મહેતા, નીમુબેન તનસુખલાલ દોશીના બેન. તેમની પ્રાર્થના સભા તા. ૧૮-૫-૨૫, રવિવાર સવારે ૧૦ કલાકે. સ્થાન: શ્રી ઓશવાળ પાર્ક, ચંદ્રપ્રભુ જૈન મંદિર, અંજુરફાટા, ચિન્ચોટી રોડ, અંજુરફાટા, ભિવંડી.

**વાગડ વિ. ઓ. જૈન**
ગામ આધોઈ હાલે કાલીના સ્વ. લક્ષ્મીબેન વધાણ (ઉ.વ. ૭૫) તા. ૧૫-૫-૨૫, શનિવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. નાંગલબેન ભારમલના પુત્રવધૂ. સ્વ. શીવજીભાઈના ધર્મપત્ની. જયેશ, જિતેન્દ્ર, દિનેશ, મહેશ, પરાગના માતુશ્રી. રસીલા, અલ્પા, કિંજલ, હેમલના સાસુ. ધ્રુવ, પ્રથમ, રૂષભ, દેવ, ઈવા, ફલક, મિહિકાના દાદી. આધોઈના સ્વ. ધનીબેન નેણશી ગોપાલ ગાલાની દીકરી. પ્રાર્થના સભા બુધવાર, તા. ૧૪-૫-૨૫ના ૧૦.૩૦થી ૧૨.૦૦ સ્થળ: શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ સંચાલિત શ્રી કરશન લધુભાઈ નિસર હોલ, દાદર-વેસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**
બોટાદ નિવાસી હાલ કાંદિવલી સ્વ. શ્રી ચંદ્રકાંતભાઈ જીવનલાલ દોશી (ઉ.વ. ૮૨) ચંદ્રીકાબેનના પતિ. તે માનસીના પિતા. ભાવિન વોરાના સસરા. તે સ્વ. મંગળાબેન, સ્વ. જયંતીભાઈ, સ્વ. ભાસ્કરભાઈ, સ્વ. વિમળાબેન, સ્વ. ઉત્તમભાઈ, સ્વ. કુન્દનબેન ને બિપિનભાઈના ભાઈ. નંદલાલ શીવલાલ બાવીસીના જમાઈ. તા. ૧૦-૫-૨૫, શનિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
મોરબી નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. વ્રજકુંવર હરખચંદ સંઘવીના પુત્રવધૂ. શ્રી સુરેન્દ્ર સંઘવીના ધર્મપત્ની. શ્રીમતી ઈંદિરાબેન (ઉ.વ. ૮૧) રવિવાર, તા. ૧૧-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દર્શના હેમંત મહેતા, જાઈ જીતેન કોઠારી, રક્ષા પરેશ સત્રા, પૂર્વી સમીર શાહના માતુશ્રી. મનન-રાજવી, રીયા-ગૌરવ, દિક્ષા, હર્ષ, જીયાના, નેમીનના નાની. સ્વ. ચંપાબેન ભોગીલાલના દીકરી. સ્વ. સુરેશભાઈ, સ્વ. અનિલભાઈ, સ્વ. વિજયભાઈ, દિનેશભાઈ, સ્વ. જગતભાઈ, સ્વ.નિરંજનાબેન તથા કિરણબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ છે. દેહદાન કરેલ છે.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**
જામનગર નિવાસી હાલ મુંબઈ, સ્વ. રમણીકલાલ નવલચંદ મહેતાના પુત્રવધૂ તથા સ્વ. દિલીપભાઈ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. ચંદ્રિકાબેન મહેતા (ઉં. વ. ૭૫) ૧૦/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. ચિંતન તથા ભૈરવના માતુશ્રી. શ્રધ્ધા તથા માનસીના સાસુ. સ્વ. પ્રભુલાલ પ્રાણજીવનભાઈ શાહ વાંકાનેરના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**
દીક્ષાર દાણાવાણા નિવાસી હાલ બોરીવલી, શ્રીમતી રંજનબેન શાહ (ઉં. વ. ૭૯) તે સ્વ. ચંદુલાલ ઝવેરચંદ શાહના ધર્મપત્ની તા.૧૧.૫.૨૫ના બોરીવલી અરિહંતશરણ પામેલ છે. મનીષા, ભાવિનના માતુશ્રી. અમી, રાજેશકુમાર ચીમનલાલ શાહના સાસુ. સ્વ. નાગરદાસભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. ધીરુભાઈ, સ્વ. લલીતાબેન, સ્વ. ભાનુબેન, મંજુબેનના ભાભી. સ્વ. જયંતીભાઈ, સ્વ. વિનુભાઈ, સ્વ. જશુભાઈ, સ્વ. કાંતિલાલના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
દાઠા નિવાસી હાલ બોરીવલી, શાહ રંજનબેન કાંતિલાલ લાલચંદના સુપુત્ર ચી. નિલેશ (ઉં. વ. ૫૧) તા.૧૨/૫/૨૫ને સોમવાર અરિહંતશરણ પામેલ છે. તે નરેન્દ્રભાઈ, પ્રવીણભાઈ, મંછાબેન પ્રવીણચંદ્ર, નીરૂબેન ચીમનલાલ, રસીલાબેન નરેન્દ્રભાઈના ભત્રીજા. રીનાબેન હિતેનકુમાર, બીના મેહુલકુમાર, હીનાબેન ઉર્વીશકુમારના મોટાભાઈ. મહેક, અર્હમ, ધ્વનિ અને આરવના મામા. મોટા ઉજળાવાળા ચીમનલાલ તારાચંદ દોશીના ભાણેજ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
બિદડા (દ. ફ.)ના નિર્મળા (બચુબાઇ) છેડા (ઉં. વ. ૮૬) ૧૦-૫ના કાળધર્મ પામ્યા છે. ઉમરબાઇ ઘેલા માંડણના પુત્રવધૂ. ડુંગરશીના પત્ની. સ્વ. રમેશ, મુકેશ, અશ્વિન, ભાવનાના માતુશ્રી. ડેપા લધીબાઇ દેવજીના પુત્રી. લખમશી, દામજી, ના. ભાડીયા મણીબાઇ વેલજી, ખેતબાઇ હીરજી, બેરાજા કસ્તુર લીલાધરના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. મુકેશ છેડા, ડી-૭૦૨, ગુલમહોર હેરીટેજ, બીલ્ડીંગ નં. ૩, ઝીરો રોડ, નાલાસોપારા (વે.).

નારાણપરના માતુશ્રી લક્ષ્મીબેન શાંતિલાલ વોરા (ઉં. વ. ૮૭) તા. ૧૦-૫-૨૫ના અવસાન પામેલ છે. તેજબાઈ હીરજીના પુત્રવધૂ. સ્વ. શાંતીલાલના પત્ની. નવીન, ગીરીશ, જીતેન્દ્ર, પ્રેમીલા, જ્યોતિના માતા. ડુમરા જેતબાઇ વાલજી કારાણીના સુપુત્રી. રતનશીના બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી મહાજનવાડી, માટુંગા (સે.રે.). ટા. : ૪ થી ૫.૩૦. નિ. ગિરીશ વોરા / જીતેન્દ્ર વોરા, ૫૦૧/ ૫૦૨, દેવી કૌશલ્યા કૃપા, ચંદનબાગ લેન, મુલુંડ (વે.).

ગેલડાના ખીમજી જખુ સૈયા (પટેલ) (ઉં. વ. ૯૪) તા. ૧૦-૫-૨૫ના અવસાન પામેલ છે. સોનબાઇ જખુના પુત્ર. સ્વ. અમૃતના પતિ. ચંદ્રકાન્ત, લક્ષ્મીચંદ, જશવંતી, ચેતના, છાયા, મીના, હીનાના પિતા. ગાંગજી, મગન, લાલજી, ધનજી, ભુજપુર કાનબાઈ વેલજી, બેરાજા સુંદરબેન માવજી, નવીનાર રતનબેન શામજી, બેરાજા લક્ષ્મીબેન ધનજી, બારોઇ સાકરબેન કેશવજીના ભાઇ. કારાઘોઘા ખીમઇબાઇ/ઝવેરબેન પ્રેમજી મુરજી શેઠીયાના જમાઇ. પ્રા. શ્રી માટુંગા શ્વે. જૈન સંઘ સંચાલિત નારાણજી શામજી વાડી, ટા. ૪ થી ૫.૩૦. નિ. લક્ષ્મીચંદ સૈયા, એ-૪૦૨, ધર્મક્ષેત્ર નં. ૪, શીંપોલી રોડ, બોરીવલી (વે).

કોડાયના પ્રભાબેન મધુકાંત લાલન (ઉં. વ. ૬૯) તા. ૧૨-૫-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. સુંદરબેન જયંતીલાલ લાલનના પુત્રવધૂ. મધુકાંત જેન્તીલાલ લાલનના ધર્મપત્ની. કોડાયના સુંદરબેન ગાંગજી માલાણી વિસરીયાના સુપુત્રી. જયેશ,હીના, ગીતા, રૂપાના માતુશ્રી. સ્વ. ધનજીભાઇ, સ્વ. ભવાનજીભાઇ, વિદ્યાચંદ્ર મ.સા., સ્વ. દેવચંદભાઇ, સ્વ. કેસરબેન, સ્વ. સાકરબેન, સ્વ. કાંતાબેન, સ્વ. ચંચળબેનના બહેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. પ્રભાબેન લાલન, ગઢ ફરીયો, કોડાય, તાલુકો : માંડવી, કચ્છ-૩૭૦૪૬૦.

# હિન્દુ મરણ

**અનાવિલ બ્રાહ્મણ**
ગામ ટુકવાડા, હાલ વિલેપાર્લે, અરુણાબેન દિલીપભાઈ દેસાઈ (ઉં. વ. ૭૬) સોમવાર ૧૨-૫-૨૫ના દેવલોક પામ્યાં છે. તેઓ સ્વ. શારદાબેન અને સ્વ. ભુલાભાઈ રણછોડજી દેસાઈના પુત્રવધૂ. નિધિના માતા. ગામ સોનવાડા નિવાસી સ્વ. ચંચળબેન અને સ્વ. ભુલાભાઈ પરાગજી દેસાઈના પુત્રી. લૌકિક રિવાજ બંધ છે.

**કપોળ**
રાજુલાવાળા હાલ વિલેપાર્લે સ્વ. બળવંતરાય પ્રાણજીવનદાસ સંઘવીના ધર્મપત્ની પ્રવિણાબેન (ઉં. વ. ૮૦) શનિવાર, ૧૦-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વાતિ તુષાર મહેતા, હેમલ, હાર્દિકના માતુશ્રી. બીજલ, વૈશાલીના સાસુ. નીરુબેન તથા સરોજ રમેશચંદ્ર શેઠના ભાભી. સ્વ. પ્રભુદાસ મુળજી દોશીના દીકરી. સ્વ. કાંતિલાલ છોટાલાલ મોદીના ભાણેજ. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૫-૫-૨૫ના ૫ થી ૭. સ્થળ: જલારામ હોલ, એન. એસ. રોડ નં. ૬, જે. વી. પી. ડી. સ્કીમ, જોગર્સ પાર્કની સામે, જુહુ, વિલેપાર્લે (વે).

**ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**
મૂળ અંકલેશ્વર હાલ તિલકનગર મનીષ શુકલ (ઉં. વ. ૫૯) તે ચૈતાલીબેનના પતિ. ગં. સ્વ. દેવિયાનીબેન દીપકભાઈ શુકલના પુત્ર. વિપુલભાઈ અને મીનળબેન શૈલેશભાઈ શુકલના ભાઈ. ગં. સ્વ. મંદાકીનીબેન વિનયકાંત ખોખાણીના જમાઈ. નિશીતભાઈ ખોખાણીના બનેવી ૯મી મે શુક્રવારના દેવલોક પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**
સ્વ. દેવકાબાઈ કાનજી ચોથાણીના પૌત્ર સ્વ. વિરબાળાબેન હરીરામ (વેલજીભાઈ) રામજી ચોથાણીના મોટા પુત્ર અતુલ ચોથાણી (ઉં. વ. ૬૨) (કચ્છ ગામ સાયરા- જખૌ- હાલ મુલુંડ) ૧૧-૫-૨૫ના રામશરણ પામ્યા છે. તે જીગ્નાબેનના પતિ. વિકાસ અને રાશિના પિતા. કાજલ અને રિતેશના સસરા. સ્વ. કિશોર રતનશી પલણના મોટા જમાઈ. દક્ષાબેન ભરત ચંદે અને યોગેશ હરીરામ ચોથાણીના ભાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, ૧૩.૫.૨૫ના ૫.૩૦ થી ૭. ગોપુરમ હોલ, ડો. રાજેન્દ્રપ્રસાદ રોડ, મુલુંડ (વે).

**લુણાવાડા દશા પોરવાડ વણિક**
વિજયભાઈ (ઉં. વ. ૭૮) સ્વ. પદ્માબેન નટવરલાલ મહેતાના પુત્ર. રમાબેનના પતિ. પ્રિતેશ, સોનાલીના પિતા. સંગીતાના સસરા. પ્રિક્ષાના દાદા ૧૦મીના શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. બેસણું બુધવાર, ૧૪મીના ૫ થી ૭. નિવાસસ્થાને ૨૦૬ આનંદ મંગલ, સિક્કાનગર, નાનુભાઈ દેસાઈ રોડ લૌ. વ્ય. બંધ છે.

**કચ્છી લોહાણા**
ગામ રવાપર હાલ ચેમ્બુર તિલક નગર, સ્વ. લક્ષ્મીદાસ (વિઠ્ઠલદાસ) મનજી ચંદનના ધર્મપત્ની કસ્તુરબેન (ઉં. વ. ૮૫) તે મુરૂના સ્વ. ગોકલદાસ તુલસીદાસ તન્ના પુત્રી. તે સ્વ. દીપક, હસમુખ, ભગવતી, હર્ષાના માતુશ્રી. દિવ્યા, જાગૃતી, પ્રકાશ ખાંટ, ચંદ્રકાંત નરમના સાસુમા. તે સ્નેહ, નીકુંજકુમારના દાદીસાસુ. ભાવીક, શીતલ, આકાશના દાદી ૧૧-૫-૨૫ને રવિવારના રામશરણ પામેસ છે. પ્રાર્થનાસભા ૧૩-૫-૨૫, મંગળવારના ૫ થી ૭. સ્થળ: કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, ૧લે માળે, મુલુંડ (વેસ્ટ). લૌકીક વહેવાર બંધ છે.

**હાલાઈ લોહાણા**
બડોદરવાળા સ્વ. શાંતાબેન દેવરાજ (કારિયા)ઠક્કરના સુપુત્ર સૂર્યકાંત ઠક્કર (સુરેશ) (ઉં.વ.૭૭) હાલ કોલાબા, મુંબઈ ૧૧ મે ૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વિલાસબેનના પતિ. સ્વ. ઈન્દુબેન, સ્વ. ચંદુભાઈ, મધુકાંત, હંસાબેનના ભાઈ. સ્વ. નમ્રતા, પ્રિતેશ અને જીનલના પિતા. પાયલ અને જીગ્નેશના સસરા. વસંતબેન કાંતિભાઈ પોંદાના જમાઈ. પ્રાર્થનાસભા ૧૩ મે ૨૦૨૫ના સાંજે ૫થી ૭ કે.સી. કોલેજ ઓડિટોરિયમ, ચર્ચગેટ, મુંબઈ.

**બાજખેડા બ્રાહ્મણ**
અમદાવાદ હાલ મુંબઈ, સ્વ. બાલકૃષ્ણ દવેના ધર્મપત્ની શોભના દવે (ઉં.વ. ૮૫) તે નિર્મળાબેન, શિવપ્રસાદ, દેવીપ્રસાદ, સુમિત્રા, લક્ષ્મીકાંતના ભાભી. પ્રાણશંકર દવેના પુત્રી. હરીશ, દિલીપ અને ભાનુમતીના બેન. હિતેશ, આરતીના માતા. હેમલ, અજયના સાસુ. મીત, ક્રિશના દાદી, રવિવાર, તા. ૧૧ મે ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**મચ્છુ કઠિયા સઈ સુથાર જ્ઞાતિ**
મૂળ ગામ બરવાળા ડોમ્બીવલી હાલ અમદાવાદ, વિજયભાઈ ફુમકીયા (ઉં. વ. ૬૦) તા. ૫-૫-૨૫ના સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે શારદાબેન તથા મગનલાલ નાનજીભાઈ ફુમકીયાના પુત્ર. માલતીબેનના પતિ. રોનક અને ક્રિષ્નાલીના પિતા. મુકેશભાઈ, હેમાંશુભાઈ, મનીષાબેન કૌશિકકુમાર પીઠડીયાના મોટાભાઈ. નીતાબેન તથા રેખાબેનના જેઠ. ધીરજલાલ જીવાભાઈ ગોહેલના જમાઈ. પ્રાર્થનાસભા તા.૧૩-૦૫-૨૫ ના મંગળવારે ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, ડોમ્બીવલી ઇસ્ટ.

**હાલાઇ લોહાણા**
નાગપુર નિવાસી હાલ કાંદિવલી, હરીવલ્લભભાઈ (ઉં. વ. ૭૬) તા.૧૦/૦૫/૨૫ના શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પ્રભાબેન પોપટલાલ લાખાણીના પુત્ર. બકુલાબેનના પતિ. જીગ્નેશ, ગૌરવ, મનીષા નીતિન, નિશા પંકજના પિતા. સ્વ. અશોકભાઈ, ચંદ્રકાંતભાઈ, હરીશભાઈ, નયનાબેન હસમુખલાલ, ભારતીબેન વલ્લભદાસ, સ્વ. નિર્મળાબેન ભરતભાઈ, જયશ્રીબેન અનિલભાઈના મોટાભાઈ. સ્વ. વિજયાબેન ખેરાજલાલ પંચમતિયાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૩/૦૫/૨૫ના મંગળવારે ૫થી ૭. શેઠિયા બેન્કવેટ, ગ્રાઉન્ડ ફ્લોર, રઘુલીલા મોલ, પોઇસર ડેપોની પાછળ, કાંદિવલી વેસ્ટ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો

# તરોતાજા

## ક્યારેક કોઈ ઘટના પણ જોખમકારક બની શકે...

### એવે વખતે અગાઉથી કરેલું 'ફાઈનાન્શિયલ ડેટિંગ' ઉપકારક નીવડી શકે

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com




આનંદભાઈએ ૮ નવેમ્બરના બપોરે ૪.૩૦ વાગ્યે બૅન્કમાંથી દોઢ લાખ રૂપિયા કઢાવ્યા. ૧૦ નવેમ્બરે યોજાનારા એમની દીકરીના આરંગેત્રમના કાર્યક્રમ માટે એમણે આ ઉપાડ કર્યો હતો. કાર્યક્રમ પૂરો થયા બાદ ગુરુદક્ષિણા ઉપરાંત વાદકો, ગાયકો, સાઉન્ડ સિસ્ટમ, વગેરે માટે એમણે આ નાણાં ચૂકવવાનાં હતાં. વર્ષો સુધી ભરતનાટ્યમની સાધના કર્યા બાદ છેલ્લાં ૭ મહિનાથી દીકરી પાયલ આરંગેત્રમ માટે તૈયારી કરી રહી હતી. એનો એકલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેથી ખર્ચો પણ સારો એવો થવાનો હતો. પરિવારને આ મોટા પ્રસંગનો ઘણો જ ઉત્સાહ હતો, પરંતુ આ શું?

વડા પ્રધાને ૮ નવેમ્બરની રાતે આઠ વાગ્યે જાહેર કર્યું કે પાંચસો અને હજારની જૂની નોટો બંધ થઈ રહી છે!

આને કહેવાય ઈવેન્ટ રિસ્ક એટલે કે ઘટનાનું જોખમ. કોઈ ઘટના જોખમ ઊભું કરે એવી દુર્ઘટનાઓ ઘણી વાર આપણા જીવનમાં બનતી હોય છે.

ઝીણવટભર્યું આયોજન કરવા છતાં ગરબડો થઈ શકે છે. પાયલનો આરંગેત્રમનો પ્રોગ્રામ સારી રીતે પતી ગયો અને વાદકોએ તથા ગાયકોએ ચેકથી પેમેન્ટ સ્વીકારી લીધું. મેક-અપ આર્ટિસ્ટ, સાઉન્ડ સિસ્ટમના લોકો તથા બીજા કેટલાક લોકોએ થોડા દિવસ પેમેન્ટ માટે રાહ જોવાનું કહીને ઘરપત આપી. બૅન્કના મેનેજરે પણ થોડી ઘણી નાની નોટો આપવાની મદદ કરી.

આ ઘટનામાં ઊભું થયેલું જોખમ બાહ્ય ઘટનાને લીધે હતું, ક્યારેક લોકોના અંગત જીવનમાં બનનારી ઘટના પણ બધું ઊંધું-ચત્તું કરી નાખતી હોય છે,જેમકે...

શ્રદ્ધા એનો પતિ સમીર અને બે પુત્ર - પરેશ અને અમિતનો મધ્યમવર્ગીય પરિવાર હતો. સમીરની નોકરી સારી હતી અને શ્રદ્ધાએ દસ વર્ષીય સમીર અને સાત વર્ષના અમિતના ઉછેર માટે ગૃહિણી બની રહેવાનો નિર્ણય લીધો હતો. મુંબઈના ઉપનગરમાં એ પરિવાર રહેતો હતો. સમીર નિયમિત રીતે મ્યુચ્યુઅલ ફંડની ASIP માં રોકાણ કરતો હતો. આ ઉપરાંત એણે બે ટર્મ પ્લાન પણ લીધા હતા અને તેના રોકાણનો પોર્ટફોલિયો ડાઇવર્સિફાઇડ હતો. બીજી નાણાકીય બાબતોની પણ પૂરતી કાળજી રાખવામાં આવી હતી. એમના ઘરમાં ફાલતુ ખર્ચ થતો ન હતો.

એક શુક્રવારની સાંજે પુણેમાં બિઝનેસ મીટિંગ પતાવીને સમીર મુંબઈ પાછો ફરી રહ્યો હતો અને મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર એની કારને અકસ્માત નડ્યો. ઘટનાસ્થળે જ એનું નિધન થયું. શ્રદ્ધા અને બન્ને પુત્ર પર આપદા આવી ગઈ. એ વાતને સાત વર્ષ વીતી ગયાં. એ ત્રણેયે સંજોગોને સ્વીકારી લીધા, પણ એ સમયે તો એમના પારિવારિક જીવનમાં આફત આવી હતી.

ફાઇનાન્શિયલ પ્લાનર તરીકે હું કહી શકું છું કે ઉપરોક્ત બન્ને ઉદાહરણના આધારે આવી મુશ્કેલ ઘડીઓમાં કેવી રીતે કામ લેવું જોઈએ, પરંતુ મારે એટલું કબૂલ કરવું જોઈએ કે ઊપરવાળાની સામે કોઈનું ચાલતું નથી અથવા તો બધી પરિસ્થિતિઓ આપણા નિયંત્રણમાં હોતી નથી.

આવી પરિસ્થિતિમાં સર્વાંગી દૃષ્ટિકોણ અપનાવવો જરૂરી છે. જો કે, આમ કરવા કરતાં કહેવું સહેલું છે.

છેલ્લાં અનેક વર્ષોથી પ્રેક્ટિસિંગ ફાઇનાન્શિયલ પ્લાનર, કટારલેખક અને ટીવી શોના ગેસ્ટ તરીકેના મારા અનુભવ પરથી હું હંમેશાં સલાહ આપું છું કે લોકોએ પોતાની નાણાકીય સ્થિતિ પર નિયમિતપણે નજર નાખતાં રહેવું જોઈએ. એ કામ એકલા-એકલાએ નહીં, સજોડે કરવું જોઈએ. દર ત્રણ મહિને કે વર્ષમાં એક વાર થોડા કલાકો ગાળીને સ્થિતિનું અવલોકન કરવું જોઈએ. એ દિવસને 'ફાઇનાન્શિયલ ડેટિંગ' કહીએ તો કેવું!

આ દિવસોએ સજોડે આવક, ખર્ચ, વિવિધ રોકાણ, લોન હોય તો લોન, વગેરેની ચર્ચા કરવી અને તેને લગતા નાણાકીય દસ્તાવેજો જ્યાં પડ્યા હોય ત્યાં ફરીથી ચકાસી લેવા અને બરોબર ન રાખ્યા હોય તો તેનું ફાઇલિંગ કરી લેવું. રોકાણ કર્યું હોય એવી અલગ અલગ જગ્યાઓએ પોતાનું સરનામું પણ જરૂર પડ્યે અપડેટ કરાવી લેવું. કોઈ કામ માટે નાણાંની જરૂર પડવાની હોય તો તેનું પણ પ્લાનિંગ કરી લેવું.

કેટલીક ઘટનાઓ ઓચિંતી બનતી હોય છે. તેને બનતાં રોકી શકાય નહીં, પરંતુ એ વાત એટલી જ સાચી છે કે જે યુગલો નિયમિતપણે પોતાની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરતાં હોય છે એ અણધાર્યા મુશ્કેલ સમયને સારી રીતે સંભાળી શકે છે. ■

feedback@bombaysamachar.com
ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

## બિહેવિયરલ ફાઈનાન્સમાં... એન્કરિંગ બાયસ એ મોટો પૂર્વગ્રહ છે!

ગયા અઠવાડિયે આપણે બિહેવિયરલ ફાઇનાન્સ વિશે જાણ્યું. બિહેવિયરલ ફાઇનાન્સ એટલે રોકાણકારો તથા નાણાકીય બજારો પર મનોવૈજ્ઞાનિક અસરોનો વ્યવસ્થિત અભ્યાસ. આ વિષય પર આગળ વધીએ તો આજે આપણે એક મોટા પૂર્વગ્રહની વાત કરવાના છીએ. એની અસર ફક્ત આપણા રોકાણના નિર્ણયો પર નહીં, રોજિંદા જીવન પર પણ પડે.


આ પૂર્વગ્રહનું નામ છે 'એન્કરિંગ બાયસ'. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ પણ વ્યક્તિ નિર્ણય લેતી વખતે અમુક ચોક્કસ બાબત કે મુદ્દા પર ઘણો મોટો મદાર રાખતી હોય એને 'એન્કરિંગ' કહેવાય છે. એન્કર એટલે લંગર. જહાજને દરિયા કિનારે સ્થિર રાખવું હોય બાંધવું હોય ત્યારે એ લંગરથી શક્ય બને છે.

આ જ રીતે મનુષ્યનું મન કોઈ એક વાત -બાબત પર વધુ પડતો મદાર રાખતું થઈ જાય ત્યારે એ ખૂંટે બંધાઈ ગયા જેવું વર્તન કરવા લાગે છે. એમાં વિચારોનું મુક્તપણું રહેતું નથી, જેને કારણે યોગ્ય નિર્ણય લઈ શકાતા નથી.

આપણે કોઈ આયોજન કરતા હોઈએ અથવા અમુક વાતે અંદાજ બાંધતા હોઈએ ત્યારે આપણે 'એન્કરિંગ બાયસ' ને કારણે નવી માહિતીને પણ જૂના સંદર્ભમાં જ નિહાળીએ છીએ. તેના વિશે નિષ્પક્ષ-તટસ્થ રીતે વિચાર કરતા નથી. પરિણામે, આપણી નિર્ણયશક્તિ આડીઅવળી થઈ જાય છે- મર્યાદિત થઈ જાય છે અને આપણે જે પ્રમાણે આયોજન કરવું જોઈએ કે ધારણાઓ રાખવી જોઈએ એ પ્રમાણે કરવામાં અસમર્થ બની જઈએ છીએ.

એક ઉદાહરણ જોઈએ...

ધારો કે તમે સવારના પહોરમાં કાર સર્વિસિંગ કરાવવા માટે ગયા છો અને ત્યાંનો મિકેનિક કારની સ્થિતિ જોઈને તમને ૨૫,૦૦૦ રૂપિયાના ખર્ચનો વધારે પડતો અંદાજ આપે છે. આટલો



મોટો ખર્ચ સાંભળીને તમે ખિન્ન થઈ જાઓ છો. સાંજે તમે કાર પાછી લેવા જાઓ છો ત્યારે એ તમને કહે છે કે માત્ર ૧૫,૦૦૦ રૂપિયાનું બિલ થયું છે. તમારા ૧૦,૦૦૦ રૂપિયા સીધા બચી ગયા એ વાતની જાણ થતાં જ તમે રાજીના રેડ થઈ જાઓ છો અને તમે મિકેનિકને ફાઇવ સ્ટાર રેટિંગ આપી દો છો!

આને કહેવાય એન્કરિંગ બાયસ. વાસ્તવમાં તમારા ૧૦,૦૦૦ રૂપિયા બચ્યા નથી, કારણ કે એટલો ખર્ચ થવાનો જ ન હતો. તમે ૨૫,૦૦૦ રૂપિયાના ખર્ચની વાતને મક્કમપણે સ્વીકારી લીધી હતી અને જ્યારે બિલ ઓછું આવ્યું ત્યારે તમને લાગ્યું કે પૈસા બચી ગયા.

**વ્યક્તિગત અસર:** જ્યારે કોઈ એક આંકડા કે કાર્યયોજના સાથે અંકોડો ભરાઈ જાય એટલે કે એન્કરિંગ થઈ જાય ત્યારે આપણે નવી માહિતીને પણ જૂની દૃષ્ટિએ જ જોવા લાગીએ છીએ. તેને લીધે વાસ્તવિકતા નજરે ચડતી નથી. તેનું પરિણામ એ આવે છે કે અમુક ચોક્કસ ફેરફારો કરવાની જરૂર હોવા છતાં આપણે એ આયોજનમાં ફેરફાર કરવા તૈયાર થતા નથી.

હવે બીજું એક ઉદાહરણ જોઈ લઈએ....

ધારો કે શેરબજારમાં સાર્વત્રિક તેજી હોવાને લીધે કોઈ એક શેર થોડા મહિના પહેલાં તેની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો. કંપનીની ભાવિ કામગીરી પર વિપરીત અસર કરનારી અમુક સમસ્યાઓને લીધે આજની તારીખે એ શેરનો ભાવ ૪૦ ટકા ઘટી ગયો છે. કંપનીનાં ફંડામેન્ટલ્સ જ બદલાઈ ગયાં હોવાથી એ શેર કદાચ પાછો ઊંચકાશે જ નહીં. આમ છતાં જો રોકાણકાર એ શેર પાછો ઊંચે જશે એવી આશા રાખે તો એમ કહી શકાય કે એ એન્કરિંગ બાયસ ધરાવે છે. કંપનીની કામગીરીને જોતાં એમની આ ધારણા ભૂલભરેલી છે. આથી એ પેલા શેર બાબતે જે નિર્ણય લેશે એ ભૂલભરેલો હોવાની શક્યતા છે.

એન્કરિંગ બાયસને કેવી રીતે દૂર કરવો?

૧) તેનો સ્વીકાર કરવો: તમે પોતાની જાતને કેટલાક સવાલ કરશો તો ખયાલ આવી જશે કે તમે એન્કરિંગ બાયસ ધરાવો છો કે નહીં જેમકે....કોઈ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમની પસંદગી કરતી વખતે ફક્ત એની ભૂતકાળની કામગીરીને મહત્ત્વ આપવું નહીં. તેને સમકક્ષ હોય એવી સ્કીમ સાથે તુલના કરો, સ્કીમને લાગુ પડતાં જોખમો વિશે જાણો, સ્કીમના રોકાણના ઉદ્દેશ્ય ચકાસી જુઓ, વગેરે.

૨) પોતાનું મંતવ્ય તૈયાર કરો અને જરૂર પડ્યે એમાં ફેરફાર કરતાં જાઓ: જો તમે પોતાના સંજોગો અનુસાર

જાણીજોઈને કોઈ અંકોડો (એન્કર) તૈયાર કરો તો એ તમારા માટે લાભદાયક ઠરી શકે છે. તમે પોતાની આવશ્યકતાઓ અને નાણાકીય લક્ષ્યો અનુસાર એન્કર તૈયાર કરીને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે તેમાં ફેરફાર કરો. ■

feedback@bombaysamachar.com
ફોક્સ
ખુશ્બુ મુલાણી ઠક્કર

## ઉનાળામાં શું બનાવ્યું?



આજની પેઢી બધી વસ્તુ રેડી કેવી રીતે મળે તે શોધતી જ હોય છે. બહારની વસ્તુઓ રેડી તો હોવી જોઈએ સાથે પૌષ્ટિક પણ હોવી જોઈએ. કોઈની પાસે ઘરે બનાવવાનો ટાઈમ નથી. જ્યારે ઘણી મહિલાઓ હજી પણ ઘરમાં જ ઘણી વસ્તુઓ બનાવે છે. તેમને શોખ તો ખરો જ પણ સાથે સાથે ઘરનાઓને ચોખ્ખી વસ્તુ ખવડાવવાનો આગ્રહ. તેમને આ ઉંમરે કંટાળો પણ નથી આવતો, ઇન્ફેક્ટ પૌત્ર અને પૌત્રી ખાતા હોય એટલે બમણા ઉત્સાહથી નવી નવી વસ્તુઓ બનાવે. મુંબઈ સમાચારે અમુક મહિલાઓ સાથે આ બાબતે વાત કરી છે. ચાલો જાણીએ તેઓ કઈ કઈ વસ્તુ ઘરે બનાવે છે.

થાણે વેસ્ટમાં રહેતા ૬૭ વર્ષીય **ઉમા ઠક્કર** તો જાણે ઉનાળાની રાહ ન જોતા હોય. તેઓનું પ્લાનિંગ જાન્યુઆરી



મહિનાથી જ ચાલુ થઇ જાય કે આ વખતે શું શું બનાવવાનું છે. તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે તમે કઈ કઈ વસ્તુઓ બનાવો છો? ત્યારે તેઓએ જણાવ્યું કે, 'હું અથાણાં, બટેટા અને સાબુદાણાની વેફર્સ, સીઝનલ જામ, શરબત , ટોમેટો કેચ અપ, ચાટ મસાલો,. મુડગાપુડી ચટણી, ડ્રાય ગાર્લિક પાઉડર, કોથમીરની ડ્રાય ચટણી વગેરે ઘરે જ બનાવું છે. તેઓને આ બધું બનાવવાનો વિચાર કઈ રીતે આવ્યો તે જણાવતા ઉમાબેન કહે છે કે, મારા લગ્ન થયાં ત્યારે અમે જોઈન્ટ ફેમિલીમાં રહેતાં હતાં અને પહેલા એવી કોઈ જ સિસ્ટમ નહોતી કે ખાવાનું બહારથી મંગાવી શકીયે અને ઓવરઓલ થોડી ફાઇનાન્શિયલી પણ ખેંચ રહેતી હોય એટલે એમ વિચાર આવ્યો કે ઘરમાં બનાવીએ તો થોડી કરકસર પણ થશે. ઉમાબેન આગળ જણાવતાં કહે છે કે, આ બધું બનાવવા માટે ખૂબ જ ધીરજ અને પ્લાનિંગ જોઈએ. બહારની બનાવેલી વેફર્સ જાણે કઈ રીતે બનાવી હશે તે કોને ખબર છે. ક્યું તેલ વાપર્યું હશે તે કોને ખબર છે. તેથી જો ઘરે બનાવી હોય તો આપણને મનનો સંતોષ થાય કે વસ્તુઓ ઘરે જ બનાવી છે તેથી ચોખ્ખી તો છે. હું હર ઉનાળામાં બટેટા અને સાબુદાણાની વેફર્સ તો બનાવું જ છું.

ઉમાબેન જણાવતાં કહે છે કે, આ બધું કરવા માટે એક પ્લાનિંગની જરૂર છે. કશું પણ બનાવવા સમયનો ભોગ આપવો પડે છે.

મેં સૌથી પહેલા બટેટાની વેફર્સ બનાવવાનું ચાલુ કર્યું. હું ૨ કે ૩ દિવસની વેફર્સ એક સાથે તળી લઉં છું, જેથી કરી લોયાનું તેલ પણ પૂરું થઈ જાય. મારા ઘરમાં બધાંને જ જમવા સાથે કઈ સાઈડ પર જોઈએ ત્યારે આ વેફર્સ ખુબ જ સારી લાગે છે. અને હવે તો મારી ૧૦ વર્ષની પૌત્રી વિહાના પણ મને વેફર્સ બનાવવામાં મદદ કરે છે. ઉમાબેન આગળ જણાવતાં કહે છે કે, આશરે ૧૦ કિલો બટેટામાં ૨.૫ કિલો જેટલી વેફર્સ થાય છે. વેફર્સની સાથે સાથે મારા અથાણાં બનાવવાનો પણ કાર્યક્રમ ચાલુ જ હોય છે. લાડવા કેરી આવી નથી કે અથાણાં કર્યા નથી. ઉમાબેન આગળ ઉમેરે છે કે, આ તો થઇ ઉનાળાની વાત. હું આખા વર્ષમાં પણ ઘણી ખાવાની વસ્તુઓ ઘરે જ બનાવું છે, જેમકે ટોમેટો કેચઅપ . મને બહારના પ્રિઝર્વેટિવ્સ વાળા ટોમેટો કેચપ ગમતા નથી. મારી પૌત્રી વિહાનાને ઘણી વસ્તુમાં ટોમેટો કેચઅપ વગર ચાલે નહીં એટલે હું ઘરે જ બનાવું છું. સાથે સાથે જામ પણ બનાવું છું. સીઝનલ ફ્રૂટ જે મળે તેમાંથી હું જામ બનાવું છું. જામ તો એક સાથે બનાવી કાચની બોટલમાં આખા વર્ષનો સ્ટોર કરું છું. ફ્રીઝમાં રાખવાથી વસ્તુઓ બગડતી નથી. આ બધા સાથે ફ્લેવરવાળા શરબત બનાવું છું. મારુ સૌથી લોકપ્રિય શરબત લેમન જીંજર છે. શરબતના સીરપ હું ફ્રિજમાં રેડી રાખું છે. જ્યારે પીવું હોય ત્યારે સિરપમાં પાણી મિક્સ કરો એટલે શરબત રેડી. આ બધું શોખ વગર અધૂરું છે. મને હંમેશાં કંઈક નવું શીખવાનો કે નવું કંઈક બનાવવાનો ખૂબ જ શોખ છે.

ઉમાબેન વધુ કહે છે કે, મારો નાનો દીકરો હાર્દિક કેનેડા રહે છે. તેની માટે હું ચાટ મસાલો અને મુડગાપુડી ચટણી ઘરે જ બનાવું છું. આજકાલના રેડી ટુ ઈટ જમાનામાં મેં કોથમીરની ડ્રાય ચટણી બનાવી કે જ્યારે ખાવી હોય ત્યારે તેમાં પાણી ઉમેરો એટલે ચટણી રેડી. ગ્રીન ચટણીમાં જે વસ્તુઓ ઉમેરવાની હોય તે બધી જ વસ્તુઓ મેં ઉનાળામાં તડકે નાખી હતી. અને ત્યાર બાદ તેને મિક્સ કરી હતી જેથી વસ્તુ બગડે નહિં. આવી જ રીતે મેં લસણને સૂકવીને તેને પીસી નાખ્યું અને થઇ ગયો ગાર્લિક પાઉડર. જ્યારે પણ ઘરમાં સલણ ખલાસ થઇ જાય ત્યારે આ ગાર્લિક પાઉડર ખૂબ જ કામ લાગે છે. મેથીને સુકવીએ એટલે કસૂરી મેથી થઇ જાય. આ રીતે જે ઘરમાં થઇ શકે તે હું ઘરમાં જ બનાવું છું. ઉમાબેને વધુ જણાવ્યું કે, એક દિવસ મારી પૌત્રી વિહાનાને શ્રીખંડ ખાવાની ઈચ્છા થઇ એટલે મેં ઘરે શ્રીખંડ પણ બનાવ્યો. ક્યારેક સાંજના કઈ સુજે નહિ કે શું બનાવવું છે તો હું ઘરે પનીર બનાવી તેની પનીર ભુરજી ડિનર માટે બનાવું છું. સમય સુચકતા અને ક્રિએટિવિટી સાથે તમે પણ ઘણું બધું કરી શકો. બસ મનમાં એક ધગશ હોવી જોઈએ કે મારે કૈંક નવું શીખવું છે અને કંઈક નવું કરવું છે. આ બધું તમે પણ કરી શકો. સમય સુચકતા અને ક્રિએટિવિટી સાથે તમે ઘણું બધું કરી શકો. બસ મનમાં એક ધગશ હોવી જોઈએ કે મારે કૈક નવું શીખવું છે અને કંઈક નવું કરવું છે.

પાર્લા વેસ્ટમાં રહેતા ૭૨ વર્ષીય



**રમીલા ગાલા** કહે છે કે, તેઓ ૨૫ વર્ષથી અથાણાં બનાવે છે. મને પહેલેથી ખૂબ જ શોખ હતો અથાણાં બનાવવાનો. પહેલા માત્ર હું પરિવાર માટે જ અથાણાં બનાવતી. જ્યારે ઘરમાં કોઈ મહેમાન આવે ત્યારે મારો આગ્રહ હોય કે તેઓ પણ મારા બનાવેલા અથાણાં ચાખે. એક વખત મારા ભાભી ઉનાળામાં મારા ઘરે આવ્યાં હતાં ત્યારે મારું તાજું બનાવેલું અથાણું તેમને ચાખવા આપ્યું અને તેમને ખૂબ જ ભાવ્યું. એટલે મેં તેમને થોડું ઘરે લઇ જવા આપ્યું. તેમણે તેમના પાડોશીને ખવડાવ્યું અને તેમણે અથાણાંની માગણી કરી. ત્યારે મને વિચાર આવ્યો કે કે જો મારા અથાણાં સહુને આટલા ભાવે છે તો હું અથાણાં બનાવીને વેચું? ત્યારે એટલી હિંમત નહતી. એટલે મેં મારા પતિને પૂછ્યું કે આવું કઈ કરી શકાય? મારા પતિએ મને સાથ આપ્યો અને મેં અથાણાં વહેંચવાનું ચાલુ કર્યું. શોખ સાથે ઘરમાં થોડી આવક થશે એનો પણ વિચાર આવ્યો એટલે ક્યારેય પાછું વાળીને જોયું નથી. જ્યારે કોઈ ગમતા કામને વ્યવસાય બનાવી લઈએ ત્યારે કંટાળો કે થાક લાગતો નથી.

અથાણાં બનવવાની શરૂઆત ક્યારે કરો છો એ વાતનો જવાબ આપતા રમીલા બેન કહે છે કે, હોળી જાય પછી હું અથાણાં બનાવવાની શરૂઆત કરું છું. માર્કેટમાં મારો કેરીવાળો ભૈયો ફિક્સ જ છે. કેરી આવી નથી કે તેણે મારી પાસ બોણી કરાવી નથી. જેટલી પણ મોંઘી કેરી હોય મારા ઘરે લાડવા કેરીની ૨૧ કિલોની ગુણી આવી જ જાય. મારો એક સિદ્ધાંત છે કે, અથણામાં વપરાતો મારો માલ મોંઘો અને સારો હોવો જોઈએ. કોઈ ભેળસેળ મને પસંદ નથી. ગોળની ૩૨ કિલોની ભીલી હું ખાસ બોમ્બેથી મંગાવું છું. સાકર પણ હું ૩૨ કિલો એક સાથે લઇ આવું છું જેથી વારે વારે મસાલા લેવા જવું પડે નહિ.

રમીલા બેન આગળ જણાવતાં કહે છે કે, હું ૪ ટાઈપના અથાણાં બનાવું છે, જેમકે , છુન્દો , ગોળકેરી , મિક્સ અને ખાટું કેરીનું અથાણું. ૨૫ વર્ષ પહેલા જ્યારે મેં અથાણાં બનાવવાની શરૂઆત કરી હતી ત્યારે મેં ૫ કિલો થી કરી હતી. અત્યારે હું ૧૫૦ થી ૨૦૦ કિલો જેટલું અથાણું વેચું છું કોઈપણ જાહેરાત વગર માત્ર ને માત્ર માઉથ પબ્લિસિટીની મદદથી. મારું અથાણું કોઈ ખાય અને પાછું માગે નહિ એવું બને જ નહિં, આ આત્મવિશ્વાસ મને મારા પરિવારના સહયોગ અને વારંવાર આવતા જતા ઓર્ડરથી મળ્યો છે. મારું સૌથી લોકપ્રિય અથાણું એટલે મીઠું અથાણું કે જેમાં, કેરી, ગુંદા , ટીંડોરા અને ખારેક નાખું છું. ઘણા તો એમ જ કહે કે અમને ખારેકવાળું અથાણું આપો. આજના સમયમાં બધાને કૈંક નવું જોઈએ છે પણ ઓથેન્ટીસીટી છોડવી નથી. ગમે તેટલો જમાનો આગળ કેમ નથી આવ્યો પણ થેપલા સાથે છુન્દો જ જોઈએ. આ વખતે સિઝનનો મેં ચોથી વાર છુન્દો કર્યો. છુન્દો તડકે લેવા મુકવા માટે મેં માણસ રાખ્યો છે. ગોળકેરીની ડિમાન્ડ પણ એટલી જ છે. આપણા ગુજરાતીઓના ઘર અથાણાં વગર અધૂરા. જેમકે ખીચડી સાથે કેરીનું ખાટું અથાણું જ જોઈએ. ચાર જાતના જ અથાણાં બનાવું છું. પણ જેટલા બનાવું તેટલા પૂરા થઇ જાય છે. મારા અથાણાં તો આઉટ ઓફ ઇન્ડિયા પણ જાય છે. મને તો જાન્યુઆરી મહિનાથી જ ઓર્ડર આવવા માંડે છે. મારા અથાણાંના પેકિંગ ૧ કિલો અને ૧/૨ કિલોની પ્લાસ્ટિકની બરણીમાં પેક કેરીને રાખું છું .

અથાણાની સાવચેતી કેવી રીતે રાખવી તે બદલ રમીલા બહેન કહે છે કે, મારા બનાવેલા અથાણાં તમે બારે માસ બહાર રાખી શકો, ભીની ચમચી નાખવી નહિ, અથાણાં લઈને બરણીનું ઢાંકણું સરખી રીતે બંધ કરવું. મારા અથાણાંની હજી સુધી કોઈ ફરિયાદ આવી નથી. હું હંમેશાં સરખું રાયનું તેલ નાખું છું અને સાથે સાથે મેથીના , રાયના અને ધાણાના કુરિયા નાખું છે. મારો માલ હંમેશાં ચોખ્ખો વાપરું એવો જ મારો આગ્રહ હોય છે .

આ પરથી એ તારણ નીકળે કે, કામ અને ઉંમરને કોઈ નિસ્બત નથી. જો કૈંક કરી છૂટવાની કે કૈંક શીખવાની ધગશ હોય તો શોખને પણ વ્યવસાય બનાવી શકાય, મહિલા મલ્ટી ટાસ્કર છે. તમારી પાસે કોઈ એવી એક ખૂબી તો હશે જ કે તમેં તેને વ્યવસાયમાં બદલી શકો. જરૂર છે માત્ર પોતાનામાં ડૂબકી લગાવી પોતાની જાતને શોધવાની. ■

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# સમાધિ હઠયોગની સાધનાનું અંતિમ અંગ છે...



એક રેશમની પાતળી દોરી હાથમાં આવી ગઈ તો દીવાનને મુક્તિનો માર્ગ મળી ગયો. આ કથા દ્વારા પ્રાણાયામનું રહસ્ય સૂચિત થાય છે.

શરીર અને મનની વચ્ચે પ્રાણનું સ્થાન છે. પ્રાણ બંનને જોડતી કડી છે. પ્રાણ શરીર અને મન, બંનેને શક્તિ પૂરી પાડે છે અને બંનેને પ્રભાવિત કરે છે. જો પ્રાણ પર નિયંત્રણ સિદ્ધ થાય તો શરીર અને મન પર નિયંત્રણ સિદ્ધ થઈ શકે છે.

પ્રાણ પર નિયંત્રણ સિદ્ધ થાય કેવી રીતે? પ્રાણનો એક પાતળો છેડો બહાર, સ્થૂળ શરીર સુધી આવેલો છે. આ બહારના છેડાને પકડી શકાય તો તેના દ્વારા સ્થૂળ શરીર અને મનને પણ પકડી શકાય તેમ છે. શ્વોસોચ્છ્વાસ બહારનો છેડો છે. શ્વાસ જ તે રેશમની પાતળી દોરી છે. તેને પકડી શકાય તો તેના દ્વારા જાડું દરોડું હાથમાં આવી જશે અને તો મુક્તિનો માર્ગ મળી જશે.

શ્વાસની દોરીને પકડીને તેના દ્વારા પ્રાણમય શરીર પર નિયંત્રણ સિદ્ધ કરવાની વિદ્યા તે જ પ્રાણયામ છે. પ્રાણાયામ દ્વારા પ્રાણમય શરીર પર નિયંત્રણ સિદ્ધ થઈ શકે તેમ છે.

પ્રાણાયામ દ્વારા પ્રાણજય અને પ્રાણજય દ્વારા ચિત્તજય-આ હઠયોગનો કેન્દ્રસ્થ સિદ્ધાંત છે.

પ્રાણાયામના દીર્ઘ અભ્યાસથી કુંભક અને છેવટે કેવલકુંભ સિદ્ધ થાય છે. આ અવસ્થામાં શ્વાસ આપોઆપ સ્તબ્ધ બની જાય છે અને તે અવસ્થામાં સુખપૂર્વક રહી શકાય છે. શ્વાસ અને પ્રાણ વચ્ચે પ્રગાઢ સંબંધ છે. શ્વાસ વશ થતાં પ્રાણ વશ થાય છે. પ્રાણનો નિરોધ એ જ ખરો પ્રાણાયામ છે. પ્રાણ + આયામ = પ્રાણનું નિયંત્રણ કુંભકની અવસ્થા સિદ્ધ થતાં તેનાથી આપોઆપ કુંડલિની શક્તિનું જાગરણ થાય છે.

હઠયોગના પ્રાણાયામના સ્વરૂપ વિશે આ પ્રમાણે કહી શકાયઃ

'પ્રાણાયામ એટલે શ્વાસના જય દ્વારા પ્રાણજય સિદ્ધ કરીને, તેના દ્વારા કુંડલિની શક્તિના જાગરણની સાધના.'

પ્રાણાયામના અનેક પ્રકારો છે. મુખ્ય પ્રાણાયામ આઠ છે-સૂર્યભેદન, ઉજ્જાયી, સીત્કારી, શીતલી, ભસ્રિકા, ભ્રામરી, મૂર્છા અને પ્લાવિની.

**(૩) મુદ્રા :**

આસન અને પ્રાણાયામની જેમ મુદ્રા પણ કુંડલિની શક્તિના જાગરણ માટેની સાધના છે. આસનમાં શરીરની વિશિષ્ટ અવસ્થા ધારણ કરવામાં આવે છે. પ્રાણાયામમાં પ્રાણનો નિરોધ સાધવામાં આવે છે. મુદ્રામાં આ બંને તત્ત્વોનો સમન્વય સાધવામાં આવે છે. આમ હઠયોગમાં મુદ્રાને આસન અને પ્રાણાયામ પછીનું સોપાન ગણવામાં આવે છે.

મુદ્રામાં આસન અને પ્રાણાયામ, બંનેના મુખ્ય અંશોનો સમન્વય સાધવામાં આવ્યો હોવાથી તેનો અભ્યાસ વધુ અસરકારક, પરંતુ સાથે સાથે વધુ જોખમી પણ છે.

મુદ્રાનો અભ્યાસ જરૂર પડે ત્યારે જ, યોગ્ય ગુરુના માર્ગદર્શન હેઠળ અને ખૂબ સાવચેતીથી કરવો જોઈએ. વળી આસન અને પ્રાણાયામના દીર્ઘકાલીન અભ્યાસથી શરીર અને પ્રાણ તૈયાર કર્યા હોય તેમણે જ મુદ્રાનો અભ્યાસ કરવો જોઈએ.

મુદ્રાનો અભ્યાસ કુંડલિનીના જાગરણ માટે છે. આ વિશે હઠપ્રદીપિકાકાર કહે છે-:

**तस्मात् सर्वप्रयत्नेन**
**प्रबोधयितुमीश्वरीम् ।**
**ब्रह्मद्वारमुखे सुप्तां**
**मुद्राभ्यासं समाचरेत् ।।**

– ह. प्र.; ३–५/'તેથી બ્રહ્મદ્વાર (સુષુમ્ણા નાડી)ના મુખમાં સૂતેલી ઈશ્વરી (કુંડલિની)ને બધા પ્રયત્નો વડે જગાડવા માટે મુદ્રાઓનો સારી રીતે અભ્યાસ કરવો જોઈએ.'

મુદ્રાઓ ઘણી છે. હઠપ્રદીપિકામાં દશ મુદ્રાઓનું વર્ણન છે :

**महामुद्रा महाबन्धो**
**महवेधश्च खेचरी।**
**उड्डियानं मूलबन्धश्च बन्धो**
**जालंधराभिध ।।**
**करणी विपरीतारण्या**
**वज्रोली शक्तिचालनम् ।**
**इदं हि मुद्रादशकं**
**जरामरणनाशनम् ।।**

– ह. प्र.; ३–६/७'મહામુદ્રા, મહાબંધ, મહાવેધ, ખેચરી, ઉડ્ડિયાન, મૂલબંધ, જાલંધરબંધ, વિપરીતકરણી, વજ્રોલી અને શક્તિચાલિની- આ દશ મુદ્રાઓ વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો નાશ કરનારી છે.'

ઘેરંડ સંહિતામાં આ ઉપરાંત બીજી ઘણી મુદ્રાઓનું વર્ણન જોવા મળે છે. અશ્વિનીમુદ્રા, ષન્મુખી (યોનિ) મુદ્રા, તડાગીમુદ્રા, માંડુકીમુદ્રા, ભુજંગીમુદ્રા આદિ નોંધનીય છે.

**(૪) સમાધિ :**

સમાધિ હઠયોગની સાધનાનું અંતિમ અંગ છે. વસ્તુતઃ સમાધિ સાધના નહીં, પરંતુ સાધનાનું લક્ષ્ય અને પરિણામ છે.

હઠયોગના સિદ્ધાંત પ્રમાણે આસન, પ્રાણાયામ અને મુદ્રાઓના અભ્યાસથી કુંડલિની શક્તિનું જાગરણ થાય છે. ઉત્થિત કુંડલિની જ્યારે સહસ્રારમાં પહોંચે છે ત્યારે સાધક સમાધિ અવસ્થામાં પ્રવેશે છે.

સ્વાત્મારામે હઠપ્રદીપિકાના પ્રારંભમાં જ કહ્યું છે-

केवलं राजयोगाय हठविद्योपदिश्यते ।

– ह. प्र.; १–२

'કેવળ રાજયોગ માટે હઠવિદ્યાનો ઉપદેશ કરવામાં આવે છે.'

હઠપ્રદીપિકાકાર 'રાજયોગ' શબ્દ સમાધિના પર્યાયવાચક શબ્દ તરીકે પ્રયોજે છે, આ તથ્ય નીચેના શ્લોકો પરથી સ્પષ્ટ સમજાય છે :

**राजयोगः समाधिश्च उन्मनी च मनोन्मनी ।**
**अमरत्वं लयस्तत्वं शून्याशून्यं परं पदम् ।।**
**अमनस्कं तथाऽद्वैत निरालम्बं निरन्जनम् ।**
**जीवन्मुक्तिश्च सहजा तुर्या चेत्येक वाचकाः ।।**

'રાજયોગ, સમાધિ, ઉન્મની, મનોન્મની, અમરતા, લય, તત્ત્વ, શૂન્ય, અશૂન્ય, પરંપદ, અમનસ્ક, અદ્વૈત, નિરાલંબ, નિરંજન, નિરંજન, જીવનમુક્તિ, સહજાવસ્થા, તુરિયાવસ્થા- આ બધા શબ્દો એકાર્થવાચક છે.'

હઠપ્રદીપિકાકાર સમાધિના બે પ્રકારો વર્ણવે છે- સંપ્રજ્ઞાત સમાધિ અને અસંપ્રજ્ઞાત સમાધિ. અહીં તેઓ બંનેના સ્વરૂપનું વર્ણન સુંદર રીતે કરે છે. સંપ્રજ્ઞાત સમાધિ વિશે તેઓ કહે છેઃ

**सलिले सैन्धवं यद्वत् साम्यं**
**भजति योगतः ।**
**तथात्ममनसोरैकयं**
**समाधिरभिधीयते ।।**

–ह.प्र.; ४–५

'જેમ મીઠું પાણીમાં ઓગળીને પાણીરૂપ બની જાય છે, તેમ મન આત્મા સાથે એકરૂપ બની જાય; તે અવસ્થાને (સંપ્રજ્ઞાત) સમાધિ કહેવામાં આવે છે.'

હઠપ્રદીપિકાકાર અસંપ્રજ્ઞાત સમાધિનું વર્ણન નીચેની રીતે કરે છે-

**तत्समं च द्वयोरैकयं**
**जीवात्मपरमात्मनोः ।**
**प्रनष्ट सर्वसंङ्कल्प समाधिः**
**सोऽभिधीयते– ।।**

–ह.प्र.; ४–७

'તે જ રીતે જીવાત્મા અને પરમાત્માનું ઐક્ય સધાય છે અને સર્વ સંકલ્પો નાશ પામે છે, તે અવસ્થાને (અસંપ્રજ્ઞાત) સમાધિ કહે છે.'

નામની સમાનતા હોવા છતાં સમાધિના વર્ગીકરણ અને તેમના સ્વરૂપના વર્ણનમાં હઠપ્રદીપિકાકાર યોગસૂત્રકારથી જુદા પડે છે, એ નોંધનીય છે.

**૬. હઠયોગની વિશિષ્ટતાઓઃ**

(૧) હઠયોગની સૌથી મહત્ત્વપૂર્ણ વિશિષ્ટતા છે- કુંડલિની અને કુંડલિનીના જાગરણ માટેની વિશિષ્ટ સાધનપદ્ધતિ.

અધ્યાત્મસાધનના દરેક માર્ગમાં ચેતનાના જાગરણની ઘટના કોઈ ને કોઈ રીતે ઘટે જ છે. ચેતનાના

જાગરણની ઘટના અને કુંડલિનીના જાગરણની ઘટના આ બંને સર્વથા એક નથી. આમ છતાં બંનેમાં કાંઈક સમાનતા પણ છે જ.

જે સાધકો હઠયોગ સિવાયના અન્ય માર્ગે અધ્યાત્મપથનું અનુસરણ કરી રહ્યા હોય છે તેમના જીવનમાં પણ કુંડલિનીના જાગરણની ઘટના ઘટે છે, તેથી કુંડલિનીના જાગરણની ઘટના માત્ર હઠયોગના સાધકોના જ જીવનમાં ઘટે છે, તેમ નથી. પરંતુ આ વિષયમાં હઠયોગની વિશિષ્ટતા એ છે કે કુંડલિની અને કુંડલિની જાગરણ દ્વારા સમાધિ અવસ્થાની પ્રાપ્તિ એ હઠયોગની મૂળભૂત ધારણા છે. આ હઠયોગની મૌલિકતા અને પ્રધાન વિશિષ્ટતા છે. હઠયોગની સમગ્ર સાધના કુંડલિનીના જાગરણ માટે ગોઠવવામાં આવી છે. અન્ય સાધનપથમાં કુંડલિનીના જાગરણ માટે સાધના કરવામાં આવતી નથી; કુંડલિનીના જાગરણ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત નથી. એ તો આડપેદાશરૂપે બની આવે છે. અહીં હઠયોગમાં તો લક્ષ્ય જ કુંડલિનીના જાગરણ તરફ રાખવામાં આવે છે અને સાધનક્રમ પણ કુંડલિનીના જાગરણ માટે ગોઠવાયો છે. કુંડલિની વિશે આટલી વિશદ વિચારણા અને કુંડલિનીના જાગરણ માટે આટલી ચોક્કસ સાધન પદ્ધતિ અન્ય સાધનપથમાં જોવામાં આવતી નથી.

(૨) હઠયોગ પદ્ધતિસરની સાધના છે. આમ તો પ્રત્યેક સાધનમાર્ગને પોતાની પદ્ધતિ હોય છે, પરંતુ પદ્ધતિસરતાની દૃષ્ટિએ જોઈએ તો હઠયોગ એક વિશિષ્ટ સાધનપદ્ધતિ છે. શોધનકર્મ, આસન, પ્રાણાયામ, મુદ્રાઓ આદિના અભ્યાસ વિશે હઠયોગમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી વિચાર થયો છે અને સાધનપદ્ધતિ ખૂબ ચોકસાઈપૂર્વક રચવામાં આવી છે. ■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# ન દેવભક્તિ- ન દેહભક્તિ... હવે તો માત્ર એક દેશભક્તિ!



હમણાં દુશ્મનોની નવ છાવણીઓ પર હુમલો જોઈ હું બોલ્યો :

'ચંબુ, હવે આતંકવાદીઓના દેશમાં જ આતંકવાદીઓને ડરવાનો શુભારંભ થઈ ચૂક્યો છે. મોદીજી આણી મંડળીએ દુશ્મનોની છાવણીમાં જઈ 'સિંદુર ઓપરેશન'થી જમાવટ કરી દીધી.'

'અરે અંકલ, આ બધુ જોઈ મને પણ ફોજી બનવાનું ઝનૂન ઉપડ્યું એટલે બંદૂક શીખવા મેં ભીત ઉપરથી લટકતી રાઇફલ હાથમાં લઈ એક આંખ મીંચીને બાપા સામે જેવી ધરી તો બાપા તો બરાડયા :

'એ... એ... જંગલી, તારે મન મારી નાખવો છે?.. હજી પેલી અંદરની ગોળીઓ બહાર કાઢી નથી.' બાપાના ગળામાંથી કાગળ ફાટતો હોય એવો અવાજ નીકળ્યો.

'પણ બાપુ, મારો ટારગેટ ...'

'અરે, તારો તારગેટ હોય, ચર્ચગેટ હોય કે કોલગેટ.. ભૂલથી આ ટ્રિગર દબાઈ ગયું તો તારો બાપ પડશે નીચે ને જશે ઉપર.. મૂકી દે કઉ છું.. મૂકી દે.. નઇતર બંદૂકની જગ્યાએ મારો હારવાળો ફોટો લટકતો થઈ જશે.' બાપા તો ધમણની જેમ હાંફવા લાગ્યા.'

ચમ્બુએ એની વાત પૂરી કરી.

'હાંફે નહી તો શું ગરબા ગાય? આવા ટારગેટ માટે નોલેજ તો હોવું જોઈએને?' મેં કીધું

'અરે, પણ પોતાનો દીકરો આતંકવાદીને ખતમ કરવા માટે નિશાનેબાજ બનતો હોય તો સહકાર નઇ આપવાનો? એક બાપ આટલો સાથ ન આપે તો આવા બાપાને મારે શું ધોઈ પીવા છે...આવા બાપુ હોય તોય શું ને ન હોય તોય શું?'

સહેજ પોરો ખાઈને ચંબુ મૂળ વિષય પર પરત આવ્યો. મને કહે :

'આ આપણા મોદીજીએ તો 'સિંદુર ઓપરેશન' કરી આતંકવાદીઓનો ખતમો બોલાવી એમની પથારી ફેરવી કાઢી.'

'હા, હજુ તો 'સિંદુર ઓપરેશન' કર્યું છે. હજી નહીં સમજે તો હવે પછી 'મહેંદી' ને 'હળદળ' ઓપરેશન કરી પથારી જ નહીં, પણ ગાદલાં ગોદડા ને પલંગ બધું એવું ફેરવી નાખશે કે નઇ શાંતિથી સૂઈ શકે કે નઇ જાગી શકે..! ' મેં કહ્યું .

'પણ , આપણા સૈન્યએ ભારતનું નામ કેમ બદલી નાખ્યું?'

'હેં? ભારતનુ નામ બદલ્યું?'

'હાસ્તો, લોકો કહે છે સૈન્યએ દેશનું નામ 'રોશન' કર્યું છે. ભારત નામ શું ખોટું છે કે રોશન...'

'અરે બકા...દુશ્મનોને મારી નાખીને આખી દુનિયામાં દેશનું નામ ઉજળું કર્યું એને ગુજરાતીમાં 'રોશન' કહેવાય ને એ આ દેશ માટે ગૌરવની વાત છે. સમજ્યો?' મેં ફોડ પાડ્યો.

'ઓહ એમ વાત છે. પણ આપણે હજી થોડી ધીરજ રાખવાની જરૂર હતી...થોડી ઉતાવળ કરી.'

'અરે ચંબુ, ઘરમાં આગ લાગી હોય ને બાળકો ભરઉંઘમાં હોય તો પણ શાંતિથી ચલો બેટા, ઉઠો જાગો જુઓ આપણા ઘરમાં આગ લાગી છે આપણે ઘરમાંથી બહાર નીકળવાનું છે... થોડું જલદી કરો એવું ન કહેવાય... એ વખતે બાળકોનું બાવડું પકડીને જલ્દી જલ્દી નીકળી જવું પડે...નહીંતર ઘરમાં ચિતા ખડક્યા વગર જ બળી જવું પડે. સમજ્યો?.'

'ઠાકર ભૈ, એક વાત સમજાવો કે આખું વિશ્વ આપણા ફોજીને સેલ્યુટ મારે છે..કેમ?'

'અરે આ ફોજી તો કમાલના છે પોતાના ખિસ્સામાં-પાકિટમાં પરિવારના ફોટા રાખે છે ને હૈયામાં હિન્દુસ્તાન! ..તારે પણ સેલ્યુટ કરવી જોઈએ.'

'ચોક્કસ કરવી જોઈએ ને કરું છું, પણ મારી રિક્વેસ્ટ એ કે આટલા આતંકવાદીઓની જાન જાય છે, પણ મારી જાન હજી માંડવે ગઈ નથી એનું તમે કઇ કરી શકો તો...'

ચંબુની એ આવી વાહિયાત વાત સાંભળીને મારા મગજની તમામ નસો ફાટવા લાગી છે...હું ભડક્યો :

'ચંબુ , તારે ઘેર જા...નહીંતર હું ફૌજી બનીને તારા પર ત્રાટકીશ ...ભાગ અહીંથી!'

ચંબુ ભાગ્યો ,પણ પાછળથી મને મળેલા હેવાલ મુજબ ચંબુના નસનસમાં ફોજી બનવાનું ખુન્નસ હતું એટલે એણે ઘેર જઈને એના ૯૦ વર્ષના બાપુજીને પ્રાર્થના કરી :

'બાપુ મારે ફોજમા જોડાવું છે.'

'શું બોલે છે બેટા? આ ઉંમરે અમારી ઘડપણ ની લાકડી કોણ? મારે આવું જોખમ લેવું નથી.'

'અરે બાપુ, દરેક કામમાં જોખમ છે, પણ કઇ નઇ કરવામાં તો વધુ જોખમ છે. જુઓ બાપુ, આખી જિંદગી પથ્થરની મૂર્તિઓને નવડાવી-પૂજા કરી- દેવભક્તિ કરી. અરે, જે દેહ સ્મશાનની મિલકત છે છતાં એને શણગારી દેહભક્તિ કરી...અરે ડિયર બાપુ, આજ નઇ તો કાલે જનમ લેવાનો ગુનો કર્યો છે તો મૃત્યુ નામની સજા ભોગવવાની છે તો દેવભક્તિ કે દેહભક્તિ કરતાં દેશભક્તિ કરતાં-કરતાં શહીદ થઈ જવું એ તો ગૌરવની વાત નથી ? બસ, બાપુ તમે હસતા-હસતા આશીર્વાદ આપો'

-અને બાપુએ ચંબુના માથા પર હાથ ફેરવીને મોઢા પર સ્માઇલ ને આંખમાં પાણી સાથે એને ચંબુને રજા આપી ફૌજી બનવાની! બોલો, જયહિન્દ.

શું કહો છો..... ■

feedback@bombaysamachar.com

## વિશેષ

દિક્ષીતા મકવાણા

# ઉનાળામાં દરરોજ પીવો આ ઠંડા પીણાં...

## એક ગ્લાસ વરિયાળીનું પાણી પીવો, આ રોગોથી મળશે રાહત



ઉનાળામાં વરિયાળીનું પાણી પીવાથી ઘણા સ્વાસ્થ્ય લાભ થઈ શકે છે. ચાલો તેના ફાયદાઓ વિશે જાણીએ

ભારતીય રસોડામાં વરિયાળીનો ઉપયોગ મસાલા તરીકે થાય છે. તેના ઉપયોગથી અનેક પ્રકારની સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ ઓછી થઈ શકે છે. તે માત્ર પાચનમાં સુધારો કરતું નથી પણ વજન ઘટાડવા અને હોર્મોન્સને સંતુલિત કરવામાં પણ ફાયદાકારક છે. સવારે ખાલી પેટે વરિયાળીનું પાણી પીવાની આદત તમારા આખા શરીર પર સકારાત્મક અસર કરી શકે છે. ચાલો જાણીએ કે વરિયાળીનું પાણી પીવાના શું ફાયદા છે?

**તણાવ ઓછો કરે છેઃ** વરિયાળીની ઠંડક માનસિક તણાવ ઘટાડે છે અને સારી ઊંઘ લેવામાં પણ મદદ કરે છે. તમે સૂતા પહેલા પણ વરિયાળીનું પાણી પી શકો છો.

**આંખોની રોશની સુધારે છેઃ** વરિયાળીમાં વિટામિન-એ અને ઈ હોય છે, જે આંખોની રોશની સારી રાખવામાં મદદ કરે છે.

**માસિકધર્મના દુખાવામાં રાહતઃ** વરિયાળીનું પાણી સ્ત્રીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે. તે હોર્મોન્સને સંતુલિત કરે છે અને માસિક ધર્મ દરમિયાન દુખાવો અને મૂડસ્વિંગ ઘટાડે છે.

**બ્લડપ્રેશરને નિયંત્રિત કરે છેઃ** વરિયાળીમાં પોટેશિયમ હોય છે જે બ્લડપ્રેશરને સંતુલિત કરે છે અને હૃદયના સ્વાસ્થ્ય માટે સારું છે.

**શરીરને ડિટોક્સિફાઇ કરે છેઃ** વરિયાળીનું પાણી લીવરને સાફ કરે છે અને શરીરમાંથી ઝેરી તત્ત્વો દૂર કરે છે, જેનાથી ત્વચા ચમકીલી બને છે.

વજન ઘટશે - વરિયાળી ચયાપચયને ઝડપી બનાવે છે અને ભૂખને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. આનાથી વધુ પડતું ખાવાનું અટકે છે અને વજન નિયંત્રણમાં રહે છે.

## સત્તુ શરબત પીવો, તમને મળશે આ સ્વાસ્થ્ય લાભ

ઉનાળામાં સત્તુ શરબત સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોઈ શકે છે. તે તમને ગરમીના સ્ટ્રોકથી બચાવે છે, પરંતુ ઘણી સમસ્યાઓથી પણ રાહત આપી શકે છે. સત્તુ એટલે ભૂજેલા દાળિયાના છીલકા કાઢીને બનાવેલો પાઉડર.

**ઉનાળા માટે સત્તુ શરબતઃ** ઉનાળાની ઋતુમાં શરીરને ઠંડક આપવા અને ઊર્જા જાળવવા માટે સ્વદેશી ઉપાયો સૌથી અસરકારક છે. આમાંથી એક સત્તુ શરબત છે. સત્તુને સામાન્ય રીતે ગરીબોનું પ્રોટીન કહેવામાં આવે છે, પરંતુ તેના ગુણધર્મો કોઈ સુપરફૂડથી ઓછા નથી. તે ફક્ત શરીરને ઠંડું જ નથી કરતું પણ ઊર્જા, પોષણ, પાચન અને ત્વચા પર પણ સકારાત્મક અસર કરે છે. ચાલો જાણીએ ઉનાળામાં સત્તુ શરબત પીવાના શું ફાયદા છે?

**શરીરને ઠંડું રાખે છેઃ** ઉનાળામાં હિટસ્ટ્રોક, ડિહાઇડ્રેશન અને ચક્કર આવવા સામાન્ય છે. સત્તુ શરબત શરીરનું તાપમાન સંતુલિત રાખે છે અને ગરમીથી બચાવે છે. તે શરીરને અંદરથી ઠંડું પાડે છે.

**તમારી ઊર્જામાં વધારો કરે છેઃ** સત્તુ પ્રોટીન, ફાઇબર, આયર્ન, મેગ્નેશિયમ અને અન્ય ખનીજોથી ભરપૂર છે. સવારે ખાલી પેટે સત્તુ શરબત પીવાથી શરીર આખો દિવસ ઊર્જાવાન રહે છે અને થાક લાગતો નથી.

**પાચન સુધારે છેઃ** સત્તુમાં રહેલું ફાઇબર પાચનતંત્રને મજબૂત બનાવે છે. તે પેટની ગરમી ઘટાડે છે, જેનાથી એસિડિટી, કબજિયાત અને ગેસની સમસ્યાઓમાં રાહત મળે છે. ઉનાળામાં પેટ ફૂલવાની સમસ્યાથી છુટકારો મેળવવા માટે આ શ્રેષ્ઠ પીણું છે.

**વજન ઘટાડવુંઃ** જો તમે વજન ઓછું કરવા માગો છો, તો તમારા આહારમાં સત્તુનો ચોક્કસ સમાવેશ કરો. તે તમને લાંબા સમય સુધી ભૂખ લાગવાથી બચાવે છે અને વધુ પડતું ખાવાથી બચાવે છે. તે શરીરને જરૂરી પોષણ પણ પૂરું પાડે છે. આ તમને વજન ઘટાડવામાં ઘણી હદ સુધી મદદ કરશે.

**બ્લડ સુગર નિયંત્રિત કરે છેઃ** સત્તુ શરબત ધીમે ધીમે ગ્લુકોઝ મુક્ત કરે છે, જેના કારણે લોહીમાં શર્કરાના સ્તરમાં અચાનક વધારો થતો નથી. તે ડાયાબિટીસના દર્દીઓ માટે પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

**સત્તુ શરબત કેવી રીતે બનાવશો?:** સૌ પ્રથમ એક ગ્લાસ ઠંડા પાણીમાં સત્તુ મિક્સ કરો. તેને સારી રીતે મિક્સ કરો જેથી કોઈ ગઠ્ઠો ન રહે. આ પછી તેમાં લીંબુનો રસ, કાળું મીઠું અને થોડો બરફ ઉમેરીને મિક્સ કરો. આ રહ્યું, સ્વાદિષ્ટ અને ઠંડું સત્તુ શરબત તૈયાર છે. ■



feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# શરીરને સ્ફૂર્તિલું બનાવવું હોય તો ગરમીમાં ખાવ ગુંદર...



ઉનાળાની ગરમીમાં વારંવાર કાંઈ ઠંડું પીવાની માગ થતી હોય છે. શું પીવા આપવું જે તંદુરસ્તી જાળવી રાખે, સ્વાદિષ્ટ હોવું જોઈએ. તેવાં અનેક પ્રશ્નો ગૃહિણીને સતાવતાં હોય છે. જેમ કે કેરી પન્ના કે લીંબુનું શરબત, ફાલસા કે કોકમનું શરબત, મોળી છાસ, ઠંડાઈ, વિવિધ મિલ્ક શૅક વગેરેનો સમાવેશ થાય છે. આજે આપણે જે ખાદ્ય -પદાર્થ વિશે વાત કરવાના છીએ તેનો મુખ્યત્વે ઉપયોગ શિયાળામાં કરવામાં આવે છે. જી હા, 'ગુંદર'. શિયાળામાં ગુંદરનો ઉપયોગ કરીને વિવિધ વસાણાની સોડમ રસોડામાંથી આવતી જ હોય છે. ગરમીમાં અન્ય શરબતની સાથે ગુંદરનો ઉપયોગ કરીને બનતું શરબત સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. નિષ્ણાત આહાર તજજ્ઞો તથા નિષ્ણાત વૈદ્યની વાત ધ્યાનમાં રાખવા જેવી છે. તેઓની વાત માનીએ તો ગરમીનો એક માસ ગુંદરનું શરબત પીવાથી શરીરનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. ગુંદરની તાસીર ઠંડી કહેવાય છે. જેથી ગરમીમાં તેનો ઉપયોગ કરવાથી શરીરને ઠંડક મળે છે. નિર્જલીકરણની (ડિહાઈડ્રેટ)ની તકલીફથી બચી શકાય છે.

ગુજરાતીમાં જેને આપણે 'ગુંદર' કહીએ છીએ તેને હિન્દીમાં 'ગોંદ કતીરા' કહેવામાં આવે છે. અંગ્રેજીમાં તેને ટ્રેંગાકૈંથ ગમ અથવા આલમંડ ગમ કહેવામાં આવે છે. આયુર્વૈદિક ઔષધી તરીકે એસ્ટ્રાગૈલસ વૃક્ષના થડમાંથી જે રસ બહાર નીકળે છે તે સુકાઈ ગયા બાદ ગુંદર તરીકે ઓળખાય છે. ગુંદરની ગણના સૂકામેવામાં કરવામાં આવે છે. એક એવો સૂકોમેવો ગણાય છે જેમાં ન કોઈ સ્વાદ કે ના કોઈ સુગંધ છે. ગુંદર કે ગોંદ કતીરા તરીકે તે ઓળખાય છે. ગુંદરમાં રહેલાં પોષક તત્ત્વોની વાત કરીએ તો ૧૦૦ ગ્રામ ગુંદરમાં કેલ્શિયમની માત્રા ૮૦૦ મિલીગ્રામ, મેગ્નેશ્યિમની માત્રા ૧૦૦ મિલીગ્રામ, પોટેશ્યિમની માત્રા ૧૫૦૦ મિલીગ્રામ, સોડિયમની માત્રા ૬૦મિલીગ્રામ, આયર્નની માત્રા ૫ મિલીગ્રામ, ઝિંકની માત્રા ૨ મિલીગ્રામ, ડાયેટરી ફાઈબરની માત્રા ૬૫ ગ્રામ, કાર્બોહાઈડ્રેટની માત્રા ૭૫ ગ્રામ, કેલરીનું પ્રમાણ ૩૦૦ કિલો-કૅલરી પર કિલોગ્રામ (કેસીએએલ) જોવા મળે છે. ફેટની માત્રા શૂન્ય હોય છે.

## ગરમીના દિવસોમાં ગુંદરનો ઉપયોગ કરવાના ફાયદા

**પાચનમાં સુધારોઃ** ગરમીના દિવસોમાં એક માસ ગુંદરનું સેવન કરવામાં આવે તો પાચનક્રિયામાં સુધારો જોવા મળે છે. કબજિયાતની તકલીફ જેમને લાંબા સમયથી સતાવતી હોય તેમને માટે ઉત્તમ ઉપાય ગણાય છે. ગુંદરને પાણીમાં પલાળીને નિયમિત લેવાથી ગેસ, અપચો તથા એસિડીટીની તકલીફમાં રાહત મળે છે. સાદા પાણીમાં અથવા તો લીંબુના શરબતમાં તેને ભેળવીને પી શકાય છે. એવું કહેવાય છે કે ગરમીમાં ગુંદરનું સેવન કરવાથી આંતરડામાં લાંબા સમયથી ભરાઈ રહેલ ગંદકી દૂર થાય છે. પ્રમાણભાન રાખીને સેવન કરવું હિતાવહ છે. ક્યારેક ઉત્સાહમાં જો વધુ પડતું સેવન કરવામાં આવશે તો પાચનતંત્રને બગાડી શકે છે.

**ત્વચાની તંદુરસ્તી માટે ઉત્તમ :** ગુંદરનું સેવન કરવાથી ત્વચા ચમકદાર બને છે.ત્વચાની આર્દ્રતા જાળવી રાખવા માટે ગુણકારી છે. ગરમીની મોસમમાં રોજ એક ગ્લાસ લીંબુ પાણીમાં ગુંદરને ભેળવીને પીવામાં આવે તો ત્વચાના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે.

**સોજાને નિયંત્રણમાં લાવવામાં ગુણકારીઃ** ગુંદરનો ઉપયોગ શરીરના વિવિધ અંગોમાં જકડન કે સોજા આવી ગયા હોય તેને ઘટાડવા માટે ખાસ કરવામાં આવે છે. અનેક વખત શરીરમાં અંદરથી કળતર થયાં કરે છે. આવા સંજોગોમાં ગુંદરને પાણીમાં પલાળીને ઉપયોગ કરવો લાભકારક ગણાય છે.

**શરીરને શક્તિપ્રદાન કરે છેઃ** ગરમીને કારણે શરીરમાં થાક લાગે છે. તેમાં પણ વળી મુંબઈ જેવા શહેરમાં ભેજને કારણે બફારાની માત્રા વધી જાય છે. જેથી કામ કરવાનો ઉત્સાહ રહેતો નથી. 'હાય તોબા ગરમી..હાય તોબા ગરમી' જેવાં શબ્દો પ્રત્યેક વ્યક્તિ બોલતાં જોવા મળે છે. એરિયેટેડ પીણાંને બદલે ઘરમાં બનેલાં સાત્ત્વિક પીણાં શરીરને ઊર્જા બક્ષે છે. ગરમીથી બચાવે છે.

**હાડકાં તથા સાંધાના દુખાવામાં લાભકારીઃ** ગુંદરમાં સોજાને દૂર કરવાનો ગુણ રહેલો છે. જે સાંધાના દુખાવામાં તથા હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરે છે. કેમ કે ૧૦૦ ગ્રામ ગુંદરમાં કેલ્શિયમની માત્રા ૮૦૦ મિલીગ્રામ, ૧૦૦ મેગ્નેશ્યિમનું પ્રમાણ છે. ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો હોવાને કારણે હાડકાંમાં કળતર કે સાંધાના દુખાવામાં અકસીર ઉપાય તરીકે જાણીતો છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારીઃ** ગુંદરમાં ફાઈબરનું પ્રમાણ ભરપૂર હોય છે. જેથી તેનું સેવન કરવાથી લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. વારંવાર સ્વાદિષ્ટ વાનગીનું સેવન કરતાં રોકે છે. જેથી વજન નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

**પુરુષોની પ્રજનન ક્ષમતા વધારવામાં તથા મહિલા માટે ગુણકારીઃ** કેટલાંક અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે પુરુષોમાં શુક્રાણુની સંખ્યા વધારવામાં તથા તેની ગુણવત્તા સુધારવામાં ગુંદરનો ઉપયોગ ગુણકારી થઈ શકે છે. પ્રસૂતિ બાદ સ્ત્રીઓના શરીરમાં બદલાવ આવે છે. હાડકાંની મજબૂતાઈ માટે ગુંદરનો પાક બનાવીને દાદી-નાની સદાય ઘરના પ્રત્યેક સભ્યને પ્રેમથી ખવડાવતાં આવ્યા છે. શરીરને ઠંડક આપવાની સાથે લોહી શુદ્ધ કરે છે. શરીરને ઊર્જાવાન બનાવે છે.

## ગુંદરને કઈ રીતે ખાવો જોઈએઃ

**પલાળીનેઃ** ગુંદરને બજારમાંથી લાવ્યા બાદ બરાબર સાફ કરી લેવો. ત્યારબાદ તેને એક કલાક માટે ગરમ પાણીમાં પલાળી રાખવો. જેથી તે નરમ બની જશે. તેનું સેવન કરવું સરળ બનશે.

**ગાળીને પીવોઃ** ગુંદરને પાણીમાં પલાળીને રાખવો જોઈએ. વળી ગુંદરને બરાબર સાફ કર્યો હોય તેમ છતાં તેમાં કચરો ચોંટી જવાની શક્યતા નકારી શકાય નહીં. તેથી પાણીને ગાળીને પીવું આવશ્યક છે.

**ખાવાની રીતઃ** ગરમ દૂધમાં ગુંદર ઉકાળીને પીવાથી તેના બધા જ લાભ મેળવી શકાય છે. ગુંદરને તળીને તેને ખાંડી લીધા બાદ સુખડી કે શીરામાં ઉપયોગ કરી શકાય છે. ગુંદરના પાણીને ગાળીને તેમાં મધ કે ખડી સાકરના ભૂકાની સાથે લીંબુનો રસ ઉમેરીને પીવાથી શરીરને ઠંડક મળી રહે છે. દહીંમાં પલાળીને તેનું સેવન કરી શકાય છે. નરણાં કોઠે કે વહેલી સવારના ગુંદરનું સેવન કરવું ગુણકારી ગણાય છે.

## ગુંદરવાળું લીંબુનું શરબત



**સામગ્રીઃ** ૨ ચમચી ગુંદર, ૨ કપ ઠંડુ પાણી ગુંદર પલાળવા માટે, ૨ નંગ લીંબુનો રસ, ૮ ચમચી દેશી ખાંડ, ચપટી શેકેલાં જીરાનો પાઉડર, સ્વાદાનુસાર સંચળ, ૧ ચમચી પલાળેલાં તકમરીયા. ૧ ચમચી ફૂદીનો, ૧ નાનો ટૂકડો છીણેલું આદું.

**બનાવવાની રીતઃ** એક મોટી વાટકીમાં ગુંદર લેવો. તેમાં ગરમ પાણી ઉમેરવું. ૪-૫ કલાક પલાળીને રાખવું. એક તપેલીમાં ૨ લિટર પાણી લેવું તેમાં લીંબુનો રસ ઉમેરવો. ખાંડ ભેળવીને બરાબર હલાવી લેવું. સંચળ તથા જીરુંનો પાઉડર ઉમેરવો. પલાળેલાં તકમરીયાં ભેળવવાં. પલાળેલાં ગુંદરને ધીમે ધીમે લીંબુના શરબતમાં ઉમેરવું. બરફના ટુકડા ગ્લાસમાં ગોઠવી દેવાં. લીંબુનું શરબત તેમાં ભરીને ફુદીનાના પાનથી સજાવીને ચટપટું ઠંડક આપતું શરબત કુટુંબના પ્રત્યેક સભ્યને પીવડાવવું. તેમના દિલોદિમાગ ઠંડક અનુભવશે. આપને સાત્ત્વિક શરબત પીવડાવવાનો આનંદ મળશે.

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# ડબ્બાના પ્રોટીન હાનિકારક છે...

આજના આધુનિક યુગમાં સુંદર દેખાવ અને સાથે બોડીના શેપ માટે નવી ઘેલછા ચાલી રહી છે તે છે બોડી બિલ્ડિંગ. આજનો યુવાન વર્ગ અને થોડા પ્રમાણ યુવતી વર્ગમાં સુંદરતાની સાથે એબ્સ અને બાઈસેપ્સ બનાવવા કે સીક્સ પેક્સ એબ્સ કે એઈટ પેક્સ એબ્સ બનાવવાની હોડ ચાલી રહી છે.

આ બોડી બિલ્ડિંગ માટે યુવા વર્ગ લાખો રૂપિયા ખર્ચી રહ્યા છે, જેમાં પ્રોટીન પાવડર અને જીમ આ બે જગ્યાએ લાખો રૂપિયા ખર્ચ કરી રહ્યા છે. પ્રોટીનના ડબ્બાનો ઉપયોગ આજે અત્યાધિક વધી રહ્યો છે જીમમાં જઈ રહ્યા છે અને આ જીમ નિષ્ણાત પ્રોટીનના ડબ્બા માટે પ્રેરિત કરી ને બોડી બિલ્ડિંગ બનાવવાની સલાહ આપે છે. આ ડબ્બાના પ્રોટીન લગભગ નકલી પ્રોટીન જેવું છે. જેમાં અનેક હાનિકારક તત્ત્વો જે યુવા પેઢી માટે હાનિકારક અને રોગકારક છે. નાની ઉંમરમાં જ લોકો બીમાર પડી રહ્યા છે.

પ્રોટીન પાવડરમાં ઘણા કેમિકલ અને બીજાં ઘણાં હાનિકારક તત્ત્વો નાખવામાં આવે છે. એક શોધકર્તા એ લગભગ એકસો ચોત્રીસ પ્રોટીન ઉત્પાદન તપાસ્યા ત્યારે તેમાં મળેલાં હાનિકારક તત્ત્વો સીસુ, આર્સેનિક કેડિયમ, પારો જેવી ભારી ધાતુઓ મળી. બિસ્ફેનોલ-એ છે જે પ્લાસ્ટિક બનાવવા માટે ઉપયોગ થાય છે. અધિક માત્રામાં સાકર જે વજન વધારી દે છે.

વેનિલા ફલેવરવાળા ઉત્પાદનમાં જે વેનિલા વપરાય છે તે કોલટાર એટલે કે ડામરથી બને છે તેમ જ એક પ્રાણીના મળમાંથી બને છે તેવા વેનિલાનો ઉપયોગ કર્યો હતો. ભારી ધાતુઓના વપરાશથી અલગ-અલગ બીમારીઓ થતી જણાય છે જેથી યુવાવર્ગ જલદી બીમારીઓથી ગ્રસ્ત થઈ રહ્યો છે.

શોધકર્તાએ પોતાની શોધમાં જણાવ્યું કે આ હાનિકારક તત્ત્વોને કારણે વજન વધે છે. બોડીના મસલ્સ બની તો જાય છે પણ થોડા જ વખતમાં ગંભીર બીમારીઓ તેમજ હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. અત્યાધિક અને ખરાબ પ્રોટીનના કારણે શરીર બેકાર પણ બની રહ્યું છે.

પાચનની સમસ્યા જેમાં ગેસ બ્લોટિંગ અને ડાયરિયા જેવી બીમારીઓ સામાન્ય છે. આ પછી આઈ.બી.એસ.ની સમસ્યા પણ થાય છે. વધુ પડતી સાકર અંદર મેળવેલી છે. તેથી વજનનું વધવું. પ્રિઝર્વેટીવના કારણે યુરિક એસિડ વધી જાય છે જેથી કિડની પર અસર થાય છે. વધુ પડતા પ્રોટીન અને ખરાબ પ્રોટીનને કારણે કે સપ્લીમેંટને કારણે બોડીમાં એમીનો એસિડમાં તોડે છે ત્યારે મેટાબોલીઝમમમાં એક વેસ્ટ પ્રોડક્ટસ બને છે તે છે એમોનિયા. આ એમોનિયા લીવરમાં જાય અને તેનું રૂપાંતર યુરિયામાં થાય.

યુરિયાનો ભાર કિડની પર આવતા કિડનીને નુકસાન થાય છે. પ્રોટીનની સાથે તેમાં સાકરનું પ્રમાણ વધુ હોવાથી કિડનીના પ્રોમ્બલ વધતાં જાય એમોનિયાથી બનતું યુરિયા કિડની ફિલ્ટર કરી બહાર ફેંકે છે જેટલું ફેંકી શકે બીજું બધું તે ગ્લુકોઝમાં રૂપાતંર કરી નાખે છે. ગ્લુકોઝ વધતા શરીરને બીજી ઘણીએ બીમારી લાગુ પડે છે. લીવર પર અસર જણાય છે. પ્રોટીન પાવડર, લેક્ટોમિલ્ક પાવડરને કારણે ઘણીવાર એલર્જી થાય છે. ભારી માત્રામાં ધાતુઓના કારણે કેન્સર પણ થાય છે. યુવાવર્ગની આ ઘેલછા નુકસાન કારક છે.

શરીરને સુડોળ બનાવવા કે સુંદર રાખવા ખોરાકમાંથી મળતો પ્રોટીન લેવા જોઈએ, જેનું મેટાબોલીઝમ એક લયમાં થાય. પ્રોટીન પાવડર અને અન્ય સપ્લીમેન્ટ ફક્ત સરફેસ પર જ કામ કરે છે.

પ્રોટીન માટે કુદરતી ખાદ્ય-પદાર્થ લેવા જોઈએ. સીમિત પ્રમાણમાં દાળોનો ઉપયોગ કરવો જોઈએ, ફણગાવેલા ધાન્ય એક ટાઈમ લેવા જોઈએ. લીલી પાદડાવાળી વનસ્પતિમાં પણ સારા પ્રમાણમાં પ્રોટીન મળી રહે છે. સૂકોમેવો એ પ્રોટીનના ભંડાર છે. ઓરગેનિક દૂધ (જેમાં કોઈ ભેળસેળ ન હોય પણ આહારમાં એક ટાઈમ લઈ શકાય છે.

વ્યાયામ અને ચાલવું એ પણ શરીરને સુડોળ બનાવે છે. અધિક પ્રમાણમાં જીમ કરવું એ મસલ્સનો દુખાવો વધારી દે છે. મસલ્સના બિલ્ડપ માટે દવાઓનો સહારો લેવો એ મોટી મૂર્ખતા છે.

આ યુવા પેઢી એ જાગૃત થવાની જરૂર છે આ માટેનું જ્ઞાન મેળવું જરૂરી છે. બહારનો દેખાવ અને ખોટી માન્યતાઓથી દૂર રહેવું જ હિતાવહ છે.









feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ઉપવાસ એટલે શું?

**આધ્યાત્મિક દૃષ્ટિએ અર્થઃ**

ઉપ=નજીક, વાસ=નિવાસ કરવો. અર્થાત્ પરમાત્માની નજીક નિવાસ કરવો તેને ઉપવાસ કહેવાય છે. અને તેને માટે પંચવિષયો તજવા જરૂરી હોય છે.

**નેચરોપથીની દૃષ્ટિએ અર્થઃ**

ટૂંકો અર્થ છે કે, હોજરી, શરીર અને મનને આરામ આપવો. ઉપવાસ આ ત્રણ પ્રકારના આરામથી જ ફળદાયી નિવડે છે.

૧) શરીરમાં કોઈ પણ પ્રકારનું ખાદ્ય કે પ્રવાહી ન નાખવું.

૨) પરિશ્રમ નહિ કરતાં આરામપરાયણ રહેવું.

૩) મન આદિ અંતઃકરણને પણ ભગવત્સ્વરૂપમાં વિરામ આપવો, કહેતાં સંકલ્પ-વિકલ્પ કે અન્ય વિચારો પણ ન કરવા. અંદરથી શાંત રહેવું.

આમ, હોજરી, શરીર અને મન આ ત્રણેયને તેના તેના કાર્યથી વંચિત રાખવા; એને જ ખરા અર્થમાં લાભદાયી ઉપવાસ કહેવાય છે.

**આયુર્વેદની દૃષ્ટિએ અર્થઃ**

માત્ર સાદા પાણી ઉપર જ ચોવીસે કલાક રહેવું તેને ઉપવાસ કહેવાય છે. ઘણા લોકો ઉપવાસના દિવસે ચા-કોફી, દૂધ, ફળોના રસ વગેરે લઈને તેને 'મેં ઉપવાસ કર્યો છે' એમ માનતા હોય છે, પરંતુ એમને ઉપવાસનો સંપૂર્ણ ફાયદો થતો નથી.



એકાદશી આદિક વ્રતની દૃષ્ટિએ ઉપવાસ એટલે કેવળ જીહ્વા ઈન્દ્રિયને આહાર ન દેવો એટલું જ નહિ, આંખ, કાન આદિ ઈન્દ્રિયોને પણ એમના વિષયમાં લુબ્ધ થવા દેવા નહીં. તેમ જ મનને પણ પંચવિષયના સંકલ્પ-વિકલ્પ કરવારૂપ આહાર ન કરવા દેવો તે છે.

લાંઘણ કરીએ પરંતુ શરીરને આખો દિવસ શ્રમ કરાવ્યા કરીએ અથવા તો મગજને વિવિધ વિચારોથી શ્રમ કરાવ્યા કરીએ તો તેનાથી જોઈએ એવો ઉપવાસનો અર્થ સરતો નથી. અર્થાત્ સ્વાસ્થ્યમાં સંપૂર્ણ લાભ થતો નથી.

ઉપવાસ શા માટે?

આપણે સહુ જીવનનિર્વાહને અર્થે કાંઈને કાંઈ નોકરી અથવા ધંધાકીય પ્રવૃત્તિ કરીએ છીએ. તે પ્રવૃત્તિમાં અઠવાડિયે કે પંદર દિવસે એક રજા રાખીએ છીએ. આ રજાનો મુખ્ય હેતુ શરીર તથા મનને આરામ આપવો તે છે. શા માટે? તો સતત પ્રવૃત્તિમાં રહેલા આપણને જો એક દિવસ આરામ મળે, તો ફરીને કાર્યોમાં નવા ઉત્સાહ સાથે જોડાઈ શકીએ. અને આ રીતે લાંબા સમય સુધી જીવનમાં સ્વસ્થતાપૂર્વક કાર્યો કરી શકીએ.




તે જ રીતે શરીરના દરેક અંગ શરીરની જાળવણી માટે કોઈને કોઈ ચોક્કસ કાર્યમાં સતત પ્રવૃત્તિશીલ હોય છે. આહાર એ આપણા શરીરનો મુખ્ય આધાર છે. અને તે આહાર મુખ દ્વારા ગ્રહણ કરવાથી લઈને મળદ્વાર દ્વારા બહાર ન નીકળે ત્યાં સુધી શરીરના મોટા ભાગના અંગો સતત કાર્યાન્વિત હોય છે. માટે જો અઠવાડિએ કે પંદર દિવસે એક ઉપવાસ કરવામાં આવે તો શરીરના અંગોને આરામ મળે છે, તેમનું આયુષ્ય વધે છે અને તે ફરીને સારી રીતે કાર્ય કરવા સક્ષમ બને છે.


વળી, સ્વસ્થ કે બીમાર કોઈ પણ વ્યક્તિ પોતાના કાર્યમાંથી અમુક દિવસે એક રજા જરૂર ઈચ્છે છે. તે જ રીતે આપણે સ્વસ્થ હોઈએ કે બીમાર, પરંતુ અમુક દિવસે ઉપવાસ કરવો તે શરીર માટે ખૂબ જ લાભદાયક છે.

**ઉપવાસની તૈયારી :**

જેમ ઉપવાસના આગલા દિવસે જમીને આપણે શરીરને ઉપવાસ માટે તૈયાર કરીએ છીએ, તેમ જ મનને પણ તૈયાર કરવું જોઈએ.

ઉપવાસ ખૂબ જ ઉત્સાહ, આનંદ અને સહજતાથી કરવો જોઈએ. તે કરવા માટે મન ઉપર નિયંત્રણ હોવું ખૂબ જ આવશ્યક છે, કારણ કે મનને આધીન એવા નિર્બળ વ્યક્તિઓ ઉપવાસ કરી શકતા નથી. વૈજ્ઞાનિક સંશોધનોના આધારે રસાસ્વાદિયા વ્યક્તિઓને ઉપવાસના દિવસે માથું દુઃખવું, એસિડિટી, અશક્તિ વગેરે શારીરિક મુશ્કેલીઓ સામાન્ય વ્યક્તિઓ કરતાં વધુ થતી હોય છે, જેમકે ઉપવાસના દિવસે મનનાં સતત જમવા સંબંધી વિચારો આવતા હોય છે, પણ શરીરને આહાર ન મળતો હોવાથી મગજને ઉપવાસ ખૂબ જ બોજરૂપ લાગે છે, અને તેની અસર શરીરમાં થાય છે. માટે ઉપવાસના દિવસે મનમાં આહારસંબંધી વિચારો ન થવા દેવા.

ઉપવાસના દિવસે સાવ નવરા ન રહેવું કેમ કે, આપણે જ્યારે નવરા હોઈએ ત્યારે જમવાના વિચારો વધુ આવવાની સંભાવના હોય છે. માટે મનને ભજન, કથા કે કોઈ સેવા-પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું.



ઉપવાસ માત્ર કરવા ખાતર જ ન કરવો, પરંતુ કોઈ એક સ્પષ્ટ હેતુ સાથે કરવો, નહિં તો ઉપવાસના ફાયદાઓથી વંચિત રહેવાશે.

**ઉપવાસ કરવાની રીતઃ**

ઉપવાસના આગલા દિવસે રાખવાની સાવધાનીઃ

ઉપવાસ કરતી વખતે ઉપવાસના આગલા દિવસે કેવો અને કેટલો આહાર લેવો, તે અતિ અગત્યની બાબત છે. ઘણા ઓછી સમજણવાળા લોકો એવું માનતા હોય છે કે, 'કાલે જમવાનું નથી એટલે આજે ઠાંસી-ઠાંસીને જમી લઈએ તો ઉપવાસમાં ટેકો રહે.' તેવું કરવાથી ઉપવાસનો આધ્યાત્મિક, માનસિક કે શારીરિક એક પણ પ્રકારનો ફાયદો પ્રાપ્ત થતો નથી. ઉપવાસના આગલા દિવસે હંમેશાં માપસરનું જમવું જોઈએ. તેમાં કેવા પ્રકારનો આહાર લેવો અને ન લેવો, તેની વિગત અહીં આપી છે.

## ઉપવાસની આગલી સાંજે શું ન જમવું?

| વાતવર્ધક | વાતવર્ધક | | | | |
|---|---|---|---|---|---|
| કઠોળ (વાલ, વટાણા, ચણા, મગ વગેરે), બટેકા, શક્કરિયા, સૂરણ, રતાળુ, કેબીજ, ગુવાર, ભીંડો વગેરે | તળેલું ફરસાણ, સંપૂર્ણ તેલમાં તળેલા શાકો | તીખું વધારે પડતા તીખા દાળ-શાક, મરચું વગેરે | ગરમ રીંગણા, કઢી, વગેરે | ખાટું આથેલી વાનગીઓ, ખાટું દહીં-છાશ, ખાટા ફળો-શાકો, વગેરે | ખારું ખારા દાળ-શાક, બાજરીના રોટલા વગેરે |

વાયુ-પિત્ત વધવાથી અપચો, માથું દુઃખવું, ઓડકાર આવવા, કબજિયાત, થાકનો અનુભવ, સાંધાના દુઃખાવા વગેરે થાય છે.

# છત્તીસગઢમાં ટ્રેલર અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માતઃ ૧૩નાં મોત, ૧૪ ઘાયલ

રાયપુરઃ છત્તીસગઢના રાયપુરમાં ટ્રેલર અને માલવાહક ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત સર્જાયો હતો. જેમાં ૧૩ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જેમાં તમામ મહિલાઓ અને બાળકો હતાં. તેમજ ૧૪ લોકો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે સોમવારે આપી હતી.

રાયપુર જિલ્લામાં રાયપુર-બલોદાબજાર રોડ પર સારાગાંવ નજીક રવિવારે મોડી રાત્રે થયેલા આ અકસ્માતમાં ચાર બાળકો અને નવ મહિલાઓનાં મોત નીપજ્યાં હતાં. મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાંઇએ મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે.

રાયપુરના વરિષ્ઠ પોલીસ અધિક્ષક લાલ ઉમેદ સિંહે જણાવ્યું કે બાના-બંસરી ગામમાં એક પારિવારિક કાર્યક્રમમાંથી ૩૫ લોકો પરત ફરી રહ્યા હતા. જેમાં મોટાભાગના એક જ પરિવારના સભ્યો હતા. તેઓ જે માલવાહક ટ્રકમાં મુસાફરી કરી રહ્યા હતા તે વિરુદ્ધ દિશામાંથી આવતા એક ટ્રેલર સાથે અથડાઇ અને આગળ જઇને બીજા એક ભારે વાહન સાથે અથડાઇ હતી.

આ અકસ્માતની માહિતી મળ્યા બાદ પોલીસની એક ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી અને ઘાયલોને રાયપુરની ડો. ભીમરાવ આંબેડકર હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. જિલ્લા કલેક્ટર ગૌરવ સિંહે જણાવ્યું કે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કલેક્ટરે કહ્યું કે પોલીસે કેસ નોંધ્યો છે અને આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. રાજ્યના મુખ્ય પ્રધાન સાઇએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કરતાં મૃતકોના પરિવારજનોને પાંચ-પાંચ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાના વળતરની જાહેરાત કરી છે.■



**અંતિમસંસ્કારઃ** જમ્મુમાં ફરજ બજાવતી વખતે શહીદ થયેલા બીએસએફના કોન્સ્ટેબલ દીપક ચિન્ગાખામના મૃતદેહને સોમવારે અંતિમસંસ્કાર માટે લઈ જઈ રહેલા બીએસએફના અધિકારીઓ. (એજન્સી)

# દેશમાં બંધ કરાયેલાં ૩૨ એરપોર્ટ ફરી શરૂ

મુંબઇઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષને પગલે ગયા અઠવાડિયે કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવેલા ૩૨ એરપોર્ટ પર નાગરિક ઉડાન કામગીરી ફરી શરૂ કરવામાં આવશે. આ જાહેરાત એરપોટર્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એએઆઇ)એ સોમવારે કરી હતી.

સંઘર્ષને પગલે સુરક્ષા પગલાં વધારી દેવામાં આવ્યાં છે અને દેશના ઉત્તર અને પશ્ચિમ ભાગોમાં ઓછામાં ૩૨ એરપોર્ટને કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવ્યા હતા. શનિવારે ભારત અને પાકિસ્તાન તાત્કાલિક અસરથી જમીન, આકાશ અને સમુદ્ર પર તમામ ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે સહમત થયા હતા.

સોમવારે એક નિવેદનમાં સરકારી માલિકીની એએઆઇએ જણાવ્યું કે ૧૫ મેના રોજ સવારે ૫-૨૯ કલાક સુધી નાગરિક વિમાન સંચાલન માટે બંધ કરવામાં આવેલા ૩૨ એરપોર્ટ હવે તાત્કાલિક અસરથી કામગીરી માટે ઉપલબ્ધ છે. નિવેદનમાં જણાવાયું છે કે મુસાફરોને સીધી એરલાઇન્સ સાથે ફ્લાઇટ સ્ટેટસની તપાસ કરવાની અને નિયમિત અપડેટ માટે એરલાઇન્સની વેબસાઇટનું નિરીક્ષણ કરવાની સલાહ આપવામાં આવે છે.

નોંધનીય છે કે શ્રીનગર અને અમૃતસર સહિત ઉત્તર અને પશ્ચિમ ભારતના ૩૨ એરપોર્ટ પરથી નાગરિક ઉડાન કામગીરી ૯ મેથી ૧૫ મે સુધી સ્થગિત કરવામાં આવી હતી. એરપોટર્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એએઆઇ)એ અન્ય ઉડ્ડયન સત્તવાળાઓ સાથે મળીને એરમેનને નોટિસ (એનઓટીએએમએસ)ની શ્રેણી જારી કરી હતી. જેમાં ઉત્તર અને પશ્ચિમ ભારતના ૩૨ એરપોર્ટને તમામ નાગરિક ઉડાન કામગીરી માટે કામચલાઉ ધોરણે બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ■

# અમેરિકામાં દસ લોકો લિસ્ટેરિયા રોગચાળાની ઝપટે ચઢ્યાં

સાન ફર્નાન્ડોઃ અમેરિકામાં ઓછામાં ઓછા ૧૦ લોકો તૈયાર ખાદ્ય ઉત્પાદનો સાથે જોડાયેલા લિસ્ટેરિયા રોગચાળાની ઝપટે ચઢતાં બીમાર પડ્યા છે. ત્યારબાદ એક ઉત્પાદકે સ્વેચ્છાએ તેનાં અનેક ઉત્પાદનો પાછા ખેંચવાનું ચાલુ કર્યું છે. આ જાણકારી ફેડરલ અધિકારીઓએ આપી હતી.

યુ.એસ. ફૂડ અને ડ્રગ એડમિનિસ્ટ્રેશને શનિવારે જણાવ્યું હતું કે ફેડરલ, રાજ્ય અને સ્થાનિક અધિકારીઓ સાન ફર્નાન્ડોના ફ્રેશ રેડી ફૂડ્સ એલએલસી દ્વારા ઉત્પાદિત ખોરાક સાથે જોડાયેલા રોગચાળાની તપાસ કરી રહ્યા છે. એફડીએનું કહેવું છે કે બીમાર પડનારા ૧૦ લોકો કેલિફોર્નિયા અને નેવાડાના હતા. તેઓને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી. એજન્સીએ કહ્યું કે આ ઉત્પાદનો એરિઝોના, કેલિફોર્નિયા, નેવાડા અને વોશિંગ્ટનમાં હોસ્પિટલો, હોટલો, સુવિધા સ્ટોર્સ, એરપોર્ટ અને એરલાઇન્સ સહિત રિટેલર્સ અને ફૂડ સર્વિસ સેલ્સ પોઇન્ટ્સ દ્વારા વેચવામાં આવ્યા હતા.

લિસ્ટેરિયાનાં લક્ષણો સામાન્ય રીતે દૂષિત ખોરાક ખાવાના બે અઠવાડિયાની અંદર શરૂ થાય છે. હળવા કેસોમાં તાવ, સ્નાયુઓમાં દુખાવો, ઊબકા, થાક, ઊલટી અને ઝાડાનો સમાવેશ થઇ શકે છે. જ્યારે વધુ ગંભીર લક્ષણોમાં માથાનો દુખાવો, ગરદનમાં જડતા, મૂંઝવણ, સંતુલન ગુમાવવું અને તાણ પણ આવી શકે છે.

ફેડરલ અધિકારીઓએ જણાવ્યું કે તેઓએ ગત વર્ષે તાજેતરના રોગચાળાની તપાસ શરૂ કરી હતી, પરંતુ આ સંક્રમણના સ્ત્રોતની ઓળખ કરવા માટે તેની પાસે પૂરતા પુરાવા ન હતા.

તેમણે કહ્યું કે એપ્રિલમાં એફડીએ તપાસકર્તાઓને ફ્રેશ રેડી ફૂડ્સમાંથી એકત્રિત કરાયેલા નમૂનાઓમાં લિસ્ટેરિયા મળી આવ્યો હતો જે રોગચાળાનું કારણ બનેલા સ્ટ્રેન સાથે મેળ ખાતો હતો. જેના કારણે ફરી તપાસ શરૂ કરવામાં આવી હતી. ફ્રેશ રેડી ફૂડ્સે એક અખબારી યાદીમાં જણાવ્યું કે તેણે સમસ્યાના ઉકેલ માટે ઉપકરણો દૂર કરવા સહિત તાત્કાલિક સુધારાત્મક પગલાં લીધાં છે.

# અમે પાકિસ્તાનના પરમાણુ એકમ પર હુમલો કર્યો નથીઃ સેના

નવી દિલ્હીઃ ઓપરેશન સિંદૂર અંગે ભારતીય સેનાની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં સેનાએ મહત્ત્વની વાત જણાવી હતી. પાકિસ્તાનના ન્યુ ક્લિયર ઠેકાણા કિરાના હિલ્સ પર કોઈ હુમલો નહીં કર્યો હોવાનું જણાવ્યું હતું. સેટેલાઈટ ઈમેજરી સરગોધામાં મુશફ એરબેઝના રનવે પર હુમલો કરવામાં આવ્યો હતો, જે કથિત રીતે કિરાના હિલ્સની નીચે અંડરગ્રાઉન્ડ ન્યુક્લિયર સ્ટોરેજ સંબંધિત હતો. એના પછી અટકળો લગાવવામાં આવી રહી છે કે ભારતના ટાર્ગેટેડ હથિયારો પાકિસ્તાનના પરમાણુ સ્થળને નિશાન બનાવવામાં આવ્યા છે.

એર માર્શલ એકે ભારતીને જ્યારે સવાલ કરવામાં આવ્યો કે ભારતે કિરાના હિલ્સ પર હુમલો કર્યો હતો તો તેના જવાબમાં કહ્યું હતું કે આ પૂછવા માટે ધન્યવાદ એ વાત માટે કે કિરાના હિલ્સમાં અમુક ન્યુક્લિયર સ્ટોરેજ છે અમને એની ખબર પણ નથી. અમે કિરાના હિલ્સ પર હુમલો કર્યો નથી.

ડાયરેક્ટર જનરલ ઓફ એર ઓપરેશન (ડીજીએઓ) એર માર્શલ એકે ભારતીએ એ વાતને સ્વીકારી હતી કે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનના કિરાના હિલ્સ ન્યુક્લિયર ઠેકાણાને નિશાન બનાવ્યા નહોતા. ભારતે તેની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનના ૧૧ એરબેઝના ટાર્ગેટ કરીને સફાયો કર્યો હતો, જેમાં સરગોધાથી લઈને નૂર ખાન જેવા મહત્ત્વના સૈન્ય કેમ્પનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અમારા તમામ મિલિટરી બેઝ, સિસ્ટમ સંપૂર્ણ રીતે ઓપરેશનલ છે અને ભવિષ્યમાં જરૂરિયાત ઊભી થઈ તો આગામી મિશન માટે તૈયાર છીએ. અમારા તરફથી જે જાહેર કરવાનું શક્ય છે એ ફોટોથી દર્શાવીએ છીએ, જેમાં તુર્કીના ડ્રોન હોય કે પછી કોઈ પણ, અમારા કાઉન્ટર ડ્રોન સિસ્ટમ સંપૂર્ણ રીતે સક્ષમ છે. અમારી સાથે ડ્રોનને કાઉન્ટર કરવાની સ્વદેશી ટેક્નોલોજી છે, જેણે પુરવાર કર્યું છે, જે કોઈ પણ ટેક્નોલોજીને કાઉન્ટર કરી શકે છે.

પાકિસ્તાનના નેતાઓ છાશવારે ભારતને ધમકી આપતા હતા કે ભારત પર પરમાણુ હુમલો કરી શકે છે. પાકિસ્તાન પરમાણુ શસ્ત્રની તાકાત ધરાવતું રાષ્ટ્ર છે. પાકિસ્તાને પોતાનાં પરમાણુ હથિયારો છુપાવીને કિરાના હિલ્સમાં રાખવામાં આવી રહ્યા છે. કિરાના હિલ્સમાં અંડરગ્રાઉન્ડ ફેસિલિટી સરગોધા એરબેઝથી લગભગ આઠ કિલોમીટર દૂર છે. લગભગ ૭૦ વર્ગ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો વિસ્તાર સંપૂર્ણ રીતે પાકિસ્તાનના કબજામાં છે. આ વિસ્તાર દરેક પ્રકારની આફત સામે સુરક્ષિત છે, જ્યારે રેલવે, રોડ અને એર ટ્રાન્સપોર્ટ સાથે પણ કનેક્ટેડ છે.

૧૯૯૦ની આસપાસ અમેરિકન સેટેલાઈટ દ્વારા પરમાણુ ટેસ્ટની તસવીરો પકડાઈ હતી.

જોકે, અમેરિકાના વિરોધ પછી આ ટેસ્ટ રદ કરવામાં આવ્યો હતો, પરંતુ હજુ શંકા છે કે પાકિસ્તાને પોતાના પરમાણુ હથિયારો અહીં સંતાડ્યાં છે.

# નેપાળ અને ભારત સરહદ પર ૫.૭ની તીવ્રતાનો ભૂકંપ

નેપાળ અને ભારતની સરહદ નજીક ગત મોડી રાત્રે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. જોકે ભૂકંપનું કેન્દ્ર તિબેટમાં હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૭ માપવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ આ ભૂકંપ વિશે માહિતી આપી હતી. ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે લોકો મધરાત્રિએ પણ પોતાના ઘરની બહાર નીકળી ગયા હતા. ભૂકંપને કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ભૂસ્તરશાસ્ત્રીઓના મતે, ભારતના કુલ ભૂમિ વિસ્તારનો લગભગ ૫૯ ટકા ભાગ ભૂકંપ-સંભવિત માનવામાં આવે છે. વૈજ્ઞાનિકોએ ભારતમાં ભૂકંપ ક્ષેત્રને ઝોન-૨, ઝોન-૩, ઝોન-૪ અને ઝોન-૫ એમ ૪ ભાગોમાં વિભાજિત કર્યું છે. ઝોન-૫ ના વિસ્તારોને સૌથી સંવેદનશીલ ગણવામાં આવે છે. જ્યારે ઝોન-૨ ને ઓછો સંવેદનશીલ ગણવામાં આવે છે. આપણા દેશની રાજધાની દિલ્હી ભૂકંપ ઝોન-૪ માં આવે છે. ■

# પાકિસ્તાનમાં પણ ભૂકંપનો આંચકો

નવી દિલ્હી : નેપાળ અને ભારત સરહદે ગત મોડી રાત્રે આવેલા ભૂકંપ બાદ હવે પાકિસ્તાન પણ ભૂકંપના આંચકાથી હચમચ્યું છે. જેમાં મળતી માહિતી મુજબ ૧.૨૬ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ પશ્ચિમ પાકિસ્તાનમાં હતું.

ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૬ માપવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ આ ભૂકંપ વિશે માહિતી આપી હતી. ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી આવ્યા હતા. આ ૪.૬ ની તીવ્રતાના ભૂકંપને કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનમાં ૧૦ કિલોમીટર નીચે હતું. જેનું અક્ષાંશ ૨૯.૧૨ ઉત્તર અને રેખાંશ ૬૭.૨૬ પૂર્વ હતું. આ ભૂકંપ બપોરે ૧:૨૬ વાગ્યે આવ્યો હતો. શનિવાર ૧૦ મેના રોજ પાકિસ્તાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ■

**સુરક્ષાવ્યવસ્થાઃ** ભારત-પાક યુદ્ધને ધ્યાનમાં રાખીને ભારતીય નૌકાદળે આઈએનએસ વિક્રાંત સહિતનાં જહાજોને અરબી સમુદ્રમાં ગોઠવી દીધાં હતાં. (એજન્સી)






'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| થોર | AUTHORITATIVE |
| ઠોર | BORDER |
| કોર | CACTUS |
| તોર | TERRIBLE |
| ઘોર | SWEET |

## ઓળખાણ પડી?

હિન્દી ફિલ્મ સંગીતના સ્વરાંકનને વધુ કર્ણપ્રિય બનાવતા વાજિંત્રની ઓળખાણ પડી? આર. ડી. બર્મન આ વગાડવામાં ઉસ્તાદ ગણાતા હતા.



અ) સિમ્બલ બ) હાર્મોનિકા ક) એકોર્ડિયન ડ) યુકેલેલે

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | ૨ વા | ઈ | ૩ હુ | મ | લો | | ૪ મ | ળ | ૫ તી |
| ૬ જા | ડી | | ક | | | ૭ ખા | ના | | ખા |
| ર | | ૮ વ | | ૯ જો | ૧૦ વ | ના | ઈ | | રો |
| | ૧૧ સ | ફા | યો | | ૧૨ શી | ખ | | ૧૩ ખા | |
| ૧૪ ચો | પા | ઈ | | ૧૫ આ | ક | રા | | ૧૬ સ | ૧૭ ને |
| ૧૮ ક | ડું | | | ૧૯ હુ | ર | બી | ૨૦ ન | | સ્ત |
| સા | | ૨૧ તા | ડ | | ણ | | ૨૨ કા | મ | ના |
| ૨૩ ઈ | ૨૪ સ | રો | | ૨૫ દા | | ૨૬ વ | ર | | બૂ |
| | મા | | ૨૭ ર | ણ | ૨૮ છો | ડ | | ૨૯ વા | દ |
| ૩૦ અ | ધિ | કૃ | ત | | ૩૧ છ | લો | છ | લ | |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| | | ૭ | | | ૮ | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | | | | ૧૨ | | |
| ૧૩ | | | | ૧૪ | | ૧૫ | | | |
| | ૧૬ | ૧૭ | ૧૮ | | | ૧૯ | | | |
| ૨૦ | | ૨૧ | | | ૨૨ | | | | ૨૩ |
| ૨૪ | ૨૫ | | | | | | ૨૬ | | |
| ૨૭ | | | | ૨૮ | | | | | |
| ૨૯ | | ૩૦ | ૩૧ | | | | | ૩૨ | |
| ૩૩ | | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. વિગત સાથે, વિસ્તારપૂર્વક (૫)
૪. કાર્યક્રમ, કામ ચલાવવાની રીત (૪)
૭. બીક, ભય (૨)
૮. પ્રણાલિ, પરંપરા (૨)
૯. ઉપાયો (બ. વ.) (૨)
૧૦. છ ખૂણાવાળી આકૃતિ (૪)
૧૨. એદીપણું, સુસ્તી (૩)
૧૩. તડકો (૨)
૧૪. ત્વરા, વેગ, ઝાપટ (૩)
૧૬. હાથી (૩)
૧૯. જે ગુનાહિત નથી (૩)
૨૧. સધ્ધર, પૈસાદાર (૫)
૨૪. યુક્તિ, કરામત (૪)
૨૬. બેડોળ, નઠારા (૩)
૨૭. અંધારું, અજ્ઞાન, જડતા (૨)
૨૮. પચાસ કરતાં વધારે (૪)
૨૯. છાણ માટીનો ગારો (૪)
૩૨. સંગીતનું સાધન (૨)
૩૩. ફેરા, ધક્કા (૫)
૩૪. શ્રદ્ધાપૂર્વક આપેલી અંજલિ (૪)

**ઊભી ચાવી**

૧. ખાસિયત (૪)
૨. તાપ (૩)
૩. હાથી, વારવું તે (૩)
૪. પાનમાં ચૂનો --- લગાવે (૨)
૫. બહુ બોલું (૩)
૬. કાચી જેલ, કેદખાનું (૪) (જો. છૂ.)
૮. સમર્થ, થડ, શાખા વિભાગ (૩)
૧૧. ટીપું, ચિહ્ન (૩)
૧૫. દૂધની બનાવટ (૩) (જો. છૂ.)
૧૭. ઘા, ચીરો (૩)
૧૮. ખેલ, ક્રીડા (૩)
૨૦. વાકેફગાર, જાણકાર (૫)
૨૨. ક્યારેક હૃદય --- ચૂકી જાય (૪)
૨૩. શ્રદ્ધાંજલિ (૫)
૨૫. એક ખાટું ફળ (૪)
૨૬. જંગલ (૨)
૩૦. મહેલ, એક રાગ, વાસ (૨)
૩૧. યાદી, નોંધ, કેદની સજા (૨)
૩૨. પલાણ, ઉપયોગી સરસામાન (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'વિસ્તાર ઘણો વેરાન દીસે' પંક્તિમાં 'વેરાન' આ શબ્દનો અર્થ જણાવો.

અ) ઘનઘોર બ) શાંત ક) ગીચ ડ) ઉજ્જડ

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ AROMACHOLOGYના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) આરામ બ) હાથ ક) ગંધ ડ) વિસ્તાર

## માતૃભાષાની મહેક

આગળ ઉલાળ અને પાછળ ધરાળ ન હોવો કહેવત ગામડાના લોકો તરત સમજી જાય. બળદોને ધૂંસરીએ જોડવામાં આવતા હોય છે. જો ધૂંસરી તરફ વજન વધારે હોય તો બળદ થાકી જાય. ધૂંસરીનું દબાણ આવે. આ સ્થિતિને ધરાળ કહે છે. જો એવું વજન પાછળ આવી જાય તો તેને ઉલાળ કહેવાય છે. કોઈ પણ જવાબદારી લેવાનો નકાર કે પરવા ન હોવી એ દર્શાવવા આ કહેવત વપરાય છે.

## ઈર્શાદ

અચાનક આપણું મૃત્યુ તો કેવળ હોય છે બહાનું,
વીતેલી જિંદગી સન્માનપૂર્વક યાદ કરવાનું.

*મુકુલ ચોક્સી*

## સુડોકુ-૮૦૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૫ | ૨ | | ૩ | ૪ | | |
| ૮ | | | | | | | | |
| ૨ | ૯ | | ૪ | | ૧ | | | ૫ |
| ૪ | | | | | | ૮ | | |
| | ૨ | | ૫ | | ૪ | | ૬ | |
| | | ૭ | | | | | | ૪ |
| ૫ | | | ૯ | | ૭ | | ૪ | ૬ |
| | | | | | | | | ૩ |
| | | ૧ | ૩ | | ૬ | ૫ | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૪ | ૩ | ૯ | ૬ | ૧ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૯ | ૮ | ૪ | ૧ | ૬ | ૩ | ૨ |
| ૬ | ૧ | ૩ | ૭ | ૫ | ૨ | ૯ | ૮ | ૪ |
| ૫ | ૭ | ૨ | ૯ | ૬ | ૪ | ૮ | ૧ | ૩ |
| ૪ | ૩ | ૧ | ૫ | ૨ | ૮ | ૭ | ૯ | ૬ |
| ૯ | ૮ | ૬ | ૧ | ૭ | ૩ | ૨ | ૪ | ૫ |
| ૧ | ૪ | ૭ | ૨ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ |
| ૩ | ૯ | ૫ | ૬ | ૧ | ૭ | ૪ | ૨ | ૮ |
| ૨ | ૬ | ૮ | ૪ | ૩ | ૯ | ૫ | ૭ | ૧ |

## માઈન્ડ ગેમ

ભારત ઉપરાંત અન્ય કયો દેશ ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન તરીકે ઉજવણી કરે છે એ અહીં આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢી જણાવો.

અ) જાપાન બ) ચીલી ક) બેહરીન ડ) સ્લોવાકિયા

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કળી | BUD |
| ખાતર | MANURE |
| પર્ણ | LEAF |
| બી | SEED |
| કૂંડું | POT |

માઈન્ડ ગેમ: ૪ જુલાઈ

ઓળખાણ પડી?: ટ્રમ્પેટ

ગુજરાત મોરી મોરી રે: ભાષા

ચતુર આપો જવાબ અર્થ જણાવો: સુંદર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) ધીરેન ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડીયા (૧૩) લજિતા ખોના (૧૪) મહેન્દ્ર લોઢવિયા (૧૫) મહેશ દોશી (૧૬) પુષ્પા પટેલ (૧૭) નિખિલ બેંગાલી (૧૮) અમિષી બેંગાલી (૧૯) શ્રદ્ધા આશર (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) પ્રવીણ વોરા (૨૨) મીનળ કાપડિયા (૨૩) કિશોર બી. સંઘરાજકા (૨૪) ભાવના કર્વે (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) નુતન વિપીન શાહ (૩૧) હેમા હરિશ ભટ્ટ (૩૨) અલકા વાણી (૩૩) અંજુ ટોલિયા (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતિન જયંતીલાલ બજારિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) જયોત્સના ગાંધી (૩૯) રમેશભાઈ દલાલ (૪૦) ઈનાક્ષીબહેન દલાલ (૪૧) હિનાબેન દલાલ (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) વિના સંપટ (૪૫) દિપીકા દોશી

## રાજ્ય સરકારે માવઠાથી ખેડૂતોને થયેલી પાક નુકસાનીનો પ્રાથમિક અંદાજ મગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા પાંચેક દિવસથી કમોસમી વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે ખેતરનો ઊભો પાક નષ્ટ થયો છે. બાગાયતી પાકોને પણ નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદથી પશુઓના મોત થતાં પશુપાલકોની રોજગારી પર પણ અસર થઈ છે. આ દરમિયાન રાજ્ય સરકારે વરસાદથી થયેલા નુકસાનનો પ્રાથમિક અંદાજ મંગાવ્યો છે. પાક નુકસાની અંગે એસડીઆરએફના નિયમો મુજબના અંદાજોને આધારે કામગીરી આગળ વધારાશે.

ગુજરાતમાં છેલ્લા પાંચેક દિવસથી વરસી રહેલા કમોસમી વરસાદને કારણે અનાજ, શાકભાજી અને બાગાયતી પાકોને ભારે નુકસાન પહોંચ્યું છે. ચીકુ અને કેરી ઝાડ પરથી ખરી પડતાં વાડીના માલિકોને ભારે નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. બીજી તરફ, તલ, મગ સહિતના ધાન્ય પાકો પણ વરસાદમાં ધોવાઈ ગયા હોવાથી ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. ખેતરોમાં તૈયાર પાક વરસાદના પાણીમાં નસ્ટ થયો છે. ત્યારે ખેડૂતો દ્વારા સરકાર પાસે સરવે કરાવીને સહાય કરવામાં આવે તેવી માગ કરાઈ છે.

ખેડૂત યુનિયનોની માગ ધ્યાને રાખીને સરકારે જિલ્લા પ્રમાણે પાક નુકસાનીનો પ્રાથમિક અંદાજ મંગાવ્યો છે. જેમાં બાગાયતી અને ખાસ કરીને કેરીના પાકમાં પ્રાથમિક નુકસાનની વિગતો મંગાવાઈ છે. જેમાં એસડીઆરએફના નિયમો મુજબના અંદાજોને આધારે સરકાર કામગીરી આગળ વધારશે. ■

## હાઈ કોર્ટે ૨૦૩ સિવિલ જજ, ૨૦૦ સિનિયર સિવિલ, ડિસ્ટ્રિક્ટ કેડરના ૬૩ જજની ટ્રાન્સફર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટ દ્વારા સિવિલ જજ, સિનિયર જજ અને ડિસ્ટ્રિક્ટ જજની બદલી કરવામાં આવી હતી. જેમાં ૨૦૩ સિવિલ જજની આંતર જિલ્લા ટ્રાન્સફર કરી હતી. આ ઉપરાંત ૯૫ સિવિલ જજની સેમ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી છે. જેમાં અમદાવાદમાં ૦૭, આણંદ ૦૫, અરવલ્લી ૦૧, બનાસકાંઠા ૦૫, ભરૂચ ૦૭, ભાવનગર ૦૨, બોટાદ ૦૩, ગાંધીનગર ૦૪, જામનગર ૦૨, જૂનાગઢ ૦૧, કચ્છ ૦૪, ખેડા ૦૧, મહેસાણા ૦૭, પંચમહાલ ૦૧, પોરબંદર ૦૨, રાજકોટ ૦૭, સાબરકાંઠા ૦૩, સુરત ૦૮, સુરેન્દ્રનગર ૦૩, વડોદરા ૧૦, વલસાડ ૦૨નો સમાવેશ થાય છે.

જ્યારે હાઇ કોર્ટે ૨૦૦ સિનિયર સિવિલ જજની અન્ય જિલ્લામાં બદલી કરી હતી. આ ઉપરાંત ૪૬ની સેમ કોર્ટ ટ્રાન્સફર કરી હતી. જેમાં અમદાવાદમાં ૧૫, અરવલ્લી ૦૪, બનાસકાંઠા ૦૧, ભાવનગર ૦૧, છોટા ઉદેપુર ૦૧, દ્વારકા ૦૧, ગાંધીનગર ૦૧, ગીર સોમનાથ ૦૧, જામનગર ૦૧, જૂનાગઢ ૦૧, કચ્છ ૦૨, મહેસાણા ૦૧, નવસારી ૦૧, પંચમહાલ ૦૧, પોરબંદર ૦૧, રાજકોટ ૦૩, સુરત ૦૨, વડોદરા ૦૭, વલસાડ ૦૧નો સમાવેશ થાય છે.

તેની સાથે સાથે હાઇ કોર્ટે ડિસ્ટ્રિક્ટ જજ કેડરના ૬૩ જજીસને અન્ય જિલ્લામાં ટ્રાન્સફર કર્યા હતા. જ્યારે ૪૮ જ્યુડિશિયલ ઓફિસરને સેશન્સ જજ તરીકે નિમણૂક આપી હતી. ડિસ્ટ્રિક્ટ જજ કેડરમાં સેમ કોર્ટ બદલીમાં કુલ ૯૩ જજીસનો સમાવેશ થાય છે. જેમાં અમદાવાદમાં ૦૬, આણંદ ૦૬, બનાસકાંઠા ૦૩, ભરૂચ ૦૩, ભાવનગર ૦૪, છોટાઉદેપુર ૦૧, દાહોદ ૦૩, ગાંધીનગર ૦૩, ગીર સોમનાથ ૦૨, જામનગર ૦૪, જૂનાગઢ ૦૩, કચ્છ ૦૭, મહેસાણા ૦૫, નવસારી ૦૧, પંચમહાલ ૦૩, પાટણ ૦૫, રાજકોટ ૦૭, સુરત ૧૫, સુરેન્દ્રનગર ૦૪, વડોદરા ૦૮ નો સમાવેશ થાય છે. ■

## બાંગ્લાદેશીઓના ૫૦૦થી વધુ પાસપોર્ટ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશીઓનાં મકાનો પર બુલડોઝર ફેરવ્યા બાદ બાંગ્લાદેશીઓના ૫૦૦થી વધુ શંકાસ્પદ પાસપોર્ટની તપાસ શરૂ કરી છે. શહેર ક્રાઇમ બ્રાન્ચને જેમાં ૫૦૦થી વધુ પાસપોર્ટની વિગતો પાસપોર્ટ કચેરી દ્વારા મળી હતી, જેના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચે પાસપોર્ટની વિગતોની ચકાસણી શરૂ કરી છે, જેમાં ત્રણ પાસપોર્ટ બોગસ ડોક્યુમેન્ટના આધારે બની ગયા હોવાનો ઘટસ્ફોટ થયો હતો. ક્રાઇમ બ્રાન્ચે એક બાંગ્લાદેશી મહિલાની ધરપકડ કરી હતી, જ્યારે ચાર શંકાસ્પદ લોકોની અટકાયત કરી હતી. તમામ શંકમદોની પૂછપરછ કરવામાં આવી રહી છે, જ્યારે અત્યાર સુધીનું સૌથી મોટું બોગસ પાસપોર્ટ બનાવવાના કૌભાંડ ઝડપાય તેવી શક્યતાઓ છે. ક્રાઇમ બ્રાન્ચની તપાસ ત્રણ પાસપોર્ટ બનાવટી હોવાનું બહાર આવ્યું હતું, જ્યારે ૫૦૦ પાસપોર્ટની તપાસ ચાલુ છે. એજન્ટો દ્વારા એક જ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને મેળવેલા ૫૦૦થી વધુ શંકાસ્પદ પાસપોર્ટની પોલીસ હવે ચકાસણી કરવાની શરૂ કરી છે. ■

## રાજ્ય સરકાર દ્વારા કુલ ૪૩૧ કરોડના ૭૬,૪૦૦ મેટ્રિક ટન ચણાની ખરીદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે નિર્ધાર સાથે દર વર્ષે ભારત સરકારની પી.એમ.આશા યોજના હેઠળ ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. જે મુજબ, ગુજરાત સરકારે ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ કરી છે. રાજ્ય સરકારે કુલ ૪૩૧ કરોડની ૭૬૪૦૦ મેટ્રિક ટન ચણાની ખરીદી કરી છે. આ ખરીદીમાં સરકારે ખેડૂતોને ૧૦૦ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. ૧.૧૪ લાખ ખેડૂતોને ચણાની ખરીદી માટે મેસેજ મોકલવામાં આવ્યા હતા. રાજ્યમાં હાલમાં ૧૨૮ કેન્દ્રો પર ટેકાના ભાવે ચણાની ખરીદી ચાલુ છે.

ચણાની ખરીદી માટે ૩.૩૩ લાખ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. ૨૧ એપ્રિલથી ૯૦ દિવસ માટે આ ખરીદી શરૂ કરવામાં આવી છે. હાલમાં રાજ્યમાં ૧૨૮ કેન્દ્રો પરથી ચણાની ખરીદી ચાલી રહી છે. ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવી સિઝન દરમિયાન ચણા માટે અગાઉ રૂ.૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. ■

## રાષ્ટ્રવિરોધી સોશિયલ મીડિયા પોસ્ટ કરનારા ૧૪ લોકો સામે ગુજરાતમાં ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે ભારતીય સૈન્ય દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી, નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી પોસ્ટ કરનારા ૧૪ વ્યક્તિઓ સામે ગુજરાત પોલીસે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે. ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ આવી દેશવિરોધી અને વૈમનસ્ય ફેલાવનારી પોસ્ટ કરનારા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

આ સાથે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે પણ સોશિયલ મીડિયા પર રાષ્ટ્ર વિરોધી, નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી ખોટી માહિતી, અફવાઓ કે સૈન્યની સુરક્ષાને જોખમમાં મૂકનારી પોસ્ટનું નિરીક્ષણ કરી, તાત્કાલિક ગુનો દાખલ કરવા અને આવા તત્ત્વો સામે ત્વરિત કડક કાર્યવાહી કરવા રાજ્યની પોલીસને આદેશ આપ્યા હતા. ગુજરાત પોલીસની ઈન્ટેલિજન્સ શાખા અને સોશિયલ મીડિયા મોનિટરિંગ યુનિટ દ્વારા આવી પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી રહી છે.

આ દરમિયાન ૧૪ વ્યક્તિઓએ દેશવિરોધી, લોકોમાં વૈમનસ્ય ફેલાય અને સૈન્યનું મનોબળ તોડે તેવા લખાણો પોસ્ટ કર્યા હોવાનું ધ્યાને આવતા તેમની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. જેમાં ખેડા જિલ્લામાં બે, ભૂજમાં બે એફઆઈઆર ઉપરાંત જામનગર, જૂનાગઢ, વાપી, બનાસકાંઠા, આણંદ, અમદાવાદ, સુરત શહેર, વડોદરા, પાટણ અને ગોધરા જિલ્લામાં એક-એક મળી કુલ ૧૪ ફરિયાદ દાખલ કરી કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ■

## પહલગામ આતંકવાદી હુમલા પર 'વાંધાજનક' વીડિયો પોસ્ટ કરવા બદલ સુરતના ઉદ્યોગપતિની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ૪૦ વર્ષના એક વેપારીની પોલીસે ધરપકડ કરી હતી. સુરતના વેપારીએ તા. ૨૨ એપ્રિલના પહલગામમાં આતંકવાદી હુમલાનો વાંધાજનક વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. ગુજરાત સરકારે તેના પર ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ કેસમાં તે વ્યક્તિએ જણાવ્યું હતું કે, પહલગામ પર થયેલો હુમલો પૂર્વાયોજિત હતો. વધુમાં તેણે જણાવ્યું હતું કે આતંકવાદના વડાઓ ભારતમાં રહે છે. આવા ખોટા અને તથ્ય વગરના સંદેશાઓ સોશિયલ મીડિયાના ફેસબુક પ્લેટફોર્મ પર વાયરલ કર્યો હતો. આ બનાવને પગલે રવિવારે અમરોલી પોલીસ સ્ટેશનના કર્મચારીએ દીપેન પરમારની ધરપકડ કરી હતી. અમરોલી પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દિપેન પરમારે ફેસબુક પેજ પર 'જાગો ઈન્ડિયા'નો પોસ્ટ કરેલો વીડિયો દ્વારા લોકોમાં પાયાવિહોણો અને ભ્રામક સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસે દિપેન પરમાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા બીએનએસની કલમ ૧૯૭ (૧) (ડી) હેઠળ ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાની સુરક્ષાને જોખમમાં મૂકતી ખોટી તેમજ ગેરમાર્ગે દોરતી માહિતી પ્રકાશિત કરવા બદલ એફઆઈઆર નોંધી હતી અને ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. આતંકવાદીઓએ પહલગામના સુંદર અને આહલાદક સ્થળ બૈસરનમાં હુમલો કર્યો હતો, જે દેશભરના પ્રવાસીઓનું પ્રિય સ્થળ છે, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો ભારતે વળતો જવાબ આપવા તા. ૭ મેના વહેલી સવારે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાન અને પીઓકેમાં નવ આતંકવાદીના અડ્ડાનો નાશ કર્યો હતો. ■

## અમદાવાદનું નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમ જર્જરિતઃ સાવચેતી માટે ગ્રીન નેટ બાંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમ જર્જરિત હાલતમાં છે. સ્ટેડિયમના આરસીસીના પગથિયા તેમ જ બાંધકામ નબળું પડી ગયું છે. આ સિવાય કોરિડોરમાં આવેલો આરસીસીનો ભાગ જર્જરિત થઈ ગયો છે. સ્ટેડિયમનું બાંધકામ જર્જરિત અવસ્થામાં હોવા છતાં પણ તેને બંધ કર્યું નથી. હાલના સમયમાં પણ આ ગ્રાઉન્ડ પર ક્રિકેટ મેચ રમાય છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ લોકો વહેલી સવારે ચાલવા માટે આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોના સાવચેતીના ભાગરૂપે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે લીલા રંગની જાળી બાંધવામાં આવી હતી.

મ્યુનિસિપલ કમિશ્નરની સૂચના અનુસાર જ્યાં સુધી રિપેરિંગ કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી પગથિયાની નીચેના ભાગમાં અવર-જવર તેમ જ કોઈ પણ પ્રકારની રમત-ગમત કે કસરત કરવી નહીં.

આ સ્ટેડિયમના બાંધકામની મરામત કરવામાં આવશે. સ્ટેડિયમની મરામત કરતા પહેલા સ્ટેબિલિટી ટેસ્ટ કરવામાં આવશે. એએમસીના નિર્ણય બાદ નિર્ણય લેવામાં આવશે કે સ્ટેડિયમને તોડીને નવું બનાવવું કે મરામત કરવી. ■

## ધોલેરા-ભાવનગર હાઈવે પર બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતઃ એક મહિલા સહિત પાંચનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અકસ્માતની ઘટનાઓ દિવસે દિવસે વધી રહી છે. હાઈવે પર બેફામ બની વાહનો હંકારતા બેજવાબદાર વાહનચાલકોના કારણે સર્જાતા અકસ્માતોમાં નિર્દોષ લોકો મોતને ભેટી રહ્યાં છે. ધોલેરા-ભાવનગર હાઈવે પર સાંઢીડા નજીક સોમવાર સવારે બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બે કાર વચ્ચેની સામસામી ટક્કરમાં એક મહિલા અને ચાર પુરુષો સહિત કુલ પાંચ લોકોનાં મોત થયા હતા. અકસ્માત સર્જાતા આસપાસમાંથી લોકોના ટોળેટાળાં ઊમટી પડ્યા હતા. પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તમામ ઇજાગ્રસ્તો અને મૃતકોને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ધોલેરા-ભાવનગર હાઇવે પર કીયા અને સ્કોર્પિયો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ભાવનગર તરફથી આવી રહેલી કિયા કાર અને ધોલેરાથી ભાવનગર તરફ જઈ રહેલી સ્કોર્પિયો કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતની જાણ થતાં જ ધોલેરા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ઘાયલોને તાત્કાલિક સારવાર માટે ભાવનગરની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

આ ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં ૧.ગોરધનભાઇ ગોબરભાઈ ડોબરીયા, ૨.અશોકભાઈ ગોબરભાઈ ડોબરીયા, ૩.ગૌરવભાઈ ગોબરભાઈ ડોબરિયા, ૪.તીર્થ ગૌરવભાઈ ડોબરિયા, ૫.દિશાબેન કિરીટભાઇ પ્રબતાણી, પાલિતાણાનો સમાવેશ થાય છે.

પ્રાથમિક માહિતી અનુસાર સ્કોર્પિયો કારમાં સવાર લોકો મૂળ ભાવનગરના મહુવા તાલુકાના અને હાલમાં અમદાવાદ શહેરના સાયન્સ સિટી વિસ્તારમાં રહેતા હોવાનું, જ્યારે કીયા કારમાં સવાર લોકો ભાવનગરના પાલિતાણાના વતની હોવાનું જાણવા મળ્યું હતું. ■



## ભારત-પાકિસ્તાન સીઝફાયર બાદ ભુજ-જામનગર અને હીરાસર સહિત આઠ એરપોર્ટ ખોલવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત-પાકિસ્તાન વચ્ચે ઊભી થયેલી યુદ્ધની સ્થિતિને પગલે ૧૦ મેના રોજ રાજ્યનાં આઠ સહિત દેશભરનાં ૩૨ એરપોર્ટ્સ ૧૪ મે સુધી બંધ કરવામાં આવ્યાં હતાં. જોકે ૧૦ મેના રોજ સાંજના ૫ વાગ્યે બન્ને દેશે સીઝફાયરની જાહેરાત કરી હતી, એને પગલે હવે જનજીવન પૂર્વવત્ થવા લાગ્યું છે. હાલની આ સ્થિતિને ધ્યાનમાં રાખી ગુજરાતના બંધ કરાયેલા આઠ એરપોર્ટ પણ શરૂ કરવામાં આવ્યા છે.

એરપોર્ટ ઓથોરિટીએ મંજૂરી આપતાં પેસેન્જર ફ્લાઈટ માટે ૧૪ મેને બદલે હવે બે દિવસ પહેલા જ આ એરપોર્ટ શરૂ કરવામાં આવ્યા છે. ઇન્ડિગો અને એર ઇન્ડિયા દ્વારા બુકિંગ શરૂ કરાયા બાદ ફ્લાઇટ રાબેતા મુજબ શરૂ કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૦ મેના રોજ ૧૪ મે સુધી ગુજરાતના ભુજ, કંડલા, કેશોદ, જામનગર, નલિયા, મુંદ્રા, હીરાસર (રાજકોટ) અને પોરબંદર એરપોર્ટ બંધ કરાયાં હતાં. ■

## સુરત પાલિકા સંચાલિત સ્કૂલમાં એ-વન ગ્રેડ મેળવનાર બોર્ડના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકાની સુમન સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે એ-ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓને રોકડ સહાય જાહેર કરી છે.

ગુજરાત બોર્ડની પરીક્ષામાં એ ગ્રેડમાં આવનારા વિદ્યાર્થીઓને સાત હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે, જેના કારણે આ વર્ષે પાલિકાની સ્કૂલના ધોરણ ૧૦ અને ૧૨ માં એ-વન ગ્રેડ મેળવનાર ૩૦૬ વિદ્યાર્થીઓને પાલિકા સ્કોલરશીપ આપશે.

સુરત પાલિકા સંચાલિત સુમન સ્કૂલમાં ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ ૯૫ ટકાથી વધુ આવ્યું છે. સુરત પાલિકાના આ વર્ષના બજેટમાં પાલિકા સંચાલિત સ્કૂલમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટેની યોજના બનાવી છે. આ પહેલા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં એ-વન ગ્રેડ લાવનારા વિદ્યાર્થીઓ માટે એક લાખની રકમ ફાળવવામાં આવી હતી. તેમાંથી બધા વિદ્યાર્થીઓને પૈસા સરખે ભાગે આપવામાં આવશે.

સુમન સ્કૂલનું આ વર્ષે બોર્ડનું પરિણામ ૯૫ ટકાથી વધુ આવ્યું છે. આ વર્ષે ધોરણ ૧૦ના ૨૩૪ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ના ૭૨ વિદ્યાર્થીઓ એ-વનગ્રેડમાં આવ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓને બજેટમાં જાહેર કર્યા મુજબ એ-વનગ્રેડ ધરાવતા તમામ વિદ્યાર્થીઓને સાત હજાર રૂપિયા આપવામાં આવશે. એ-વન ગ્રેડમાં આવતા વિદ્યાર્થીઓની માર્કશીટ આવ્યા બાદ ૩૦૬ વિદ્યાર્થીના બેંક એકાઉન્ટની કામગીરી હાથ ધરવામાં આવી છે. ■

## ગુજરાતના યુવાનોને ઈન્ડસ્ટ્રી ૪.0 ટેકનોલૉજીની તાલીમ માટે અમદાવાદમાં આઈ-ફેક્ટરી લેબ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા ઈન્ડસ્ટ્રી ૪.૦ જેવી ઊભરતી ટેક્નોલૉજી અંગે રાજ્યના યુવાનોને તાલીમ આપવા ઈન્ડસ્ટ્રી ૪.૦ લેબની શરૂઆત કરવામાં આવી છે. ભારત સરકારના ભારે ઉદ્યોગ મંત્રાલયના સહયોગથી કૌશલ્યા યુનિવર્સિટીએ અમદાવાદના કુબેરનગર ખાતે આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં આ આધુનિક આઈ-ફેક્ટરી લેબનું નિર્માણ કર્યું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના યુવાનોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે સતત પ્રયાસો કર્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતે 'ફ્યુચર-રેડી' હ્યુમન રિસોર્સ વિકસિત કરવા માટે નવીન અને આધુનિક અભિગમ અપનાવ્યો છે. આ લેબના માધ્યમથી વિવિધ અભ્યાસક્રમો દ્વારા ગુજરાતના યુવાનોને રોબોટિક્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ડેટા એનાલિટિક્સ, અને સાયબર-ફિઝિકલ સિસ્ટમ જેવી ઈન્ડસ્ટ્રી ૪.૦ ટૅક્નોલૉજીની તાલીમ મળશે.

ઈન્ડસ્ટ્રી ૪.૦ના અમલીકરણ માટે આ લેબમાં સાયબર ફિઝિકલ સિસ્ટમ્સ, આઈ. ઓ. ટી., રોબોટીક્સને લગતા વિવિધ મોડ્યુલની તાલીમ આપવામાં આવશે. આ લેબમાં પ્રોડક્ટના ઓર્ડરથી લઈ તેના ડિલિવરી સુધીની સમગ્ર પ્રક્રિયા ઓટોમેટીક થાય તે માટેની ટૅક્નોલૉજીની તાલીમ આપવામાં આવશે. તેનાથી ઉદ્યોગોમાં કાર્યરત માનવબળ આ નવીન ટૅક્નોલૉજીથી માહિતગાર થશે. આ લેબના માધ્યમથી વિવિધ ઉદ્યોગો સંબંધિત માનવબળને તાલીમ આપી આ ટૅક્નોલૉજી અપનાવે તે મુખ્ય હેતુ છે. આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક તેમ જ ટેકનિકલ સંસ્થાઓના વિદ્યાર્થીઓને પણ તાલીમ આપવામાં આવશે, જેથી રાજ્યના ઉદ્યોગોને જરૂરિયાત અનુસારનું કુશળ માનવબળ મળી રહેશે અને રાજ્યના યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી થશે. આ પ્રયાસો માત્ર તાલીમ પૂરતા નથી, પણ રાજ્યમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઉદ્યોગોનું માળખું ઊભું કરવાનું મુખ્ય લક્ષ્ય છે. ■

## વર્ષ ૨૦૨૪ની બેચના આઠ પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીની મુખ્ય પ્રધાન સાથે સૌજન્ય મુલાકાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૨૪ની બેચના ગુજરાતને ફાળવાયેલા આઠ યુવા પ્રોબેશ્નરી આઈ.એ.એસ. અધિકારીઓએ ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી.

આ પ્રોબેશ્નરી આઈ.એ.એસ. અધિકારીઓ રાજ્યના ખેડા, અમરેલી, કચ્છ, રાજકોટ, ભરૂચ, તાપી, બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાઓમાં સુપરન્યુમરી આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમણૂક માટે ફાળવવામાં આવ્યા છે. પોતાને ફાળવાયેલા જિલ્લાઓમાં ફરજરત થતાં પહેલા આ અધિકારીઓએ ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત કરી હતી.

મુખ્ય પ્રધાને આ પ્રોબેશ્નરી આઈ.એ.એસ. અધિકારીઓને માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના વિકાસના રોલ મોડલ રાજ્ય એવા ગુજરાતમાં જન સેવાની તેમને જે વિશિષ્ટ તક મળી છે તેને અમૃતકાળમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવા આ યુવા અધિકારીઓ પોતાનું સંપૂર્ણ યોગદાન આપીને ઉજાગર કરશે એવો તેમને વિશ્વાસ છે. આ શુભેચ્છા મુલાકાત વેળાએ મુખ્ય પ્રધાનના અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ, વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગના અગ્ર સચિવ હારીત શુક્લ અને મુખ્ય પ્રધાનના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ ઉપસ્થિત રહ્યા હતાં. ■

## વડોદરાના બાપોદમાં મહિલાઓની છેડતીના આરોપમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના બાપોદમાં ગઈકાલે રાત્રે બે જૂથ વચ્ચે માથાકૂટ થઈ હતી. વિજયનગર માળી મહોલ્લા વિસ્તારમાં અસામાજિક તત્વો દ્વારા મહિલાઓની છેડતી કરી હોવાનો આરોપ કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં બે જૂથ વચ્ચે બોલાચાલી થતા મારામારી થઇ હતી અને કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

પ્રાપ્ત થતી વિગત અનુસાર, શહેરના બાપોદ વિસ્તારમાં વિજયનગર માળી મહોલ્લા આવેલું છે.

આ વિસ્તારમાં મંદિર પાસે કેટલાક અસામાજિક તત્વોએ મહિલાઓની છેડતીનો આરોપ કર્યો હતો. આ બનાવને લઈને બંને જૂથ વચ્ચે બોલાચાલી થઇ હતી. બોલાચાલી ઉગ્ર બનતા એકબીજા સાથે હાથાપાઈ કરી પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

આ બનાવમાં મહિલા સહિત કેટલાક લોકોને ઈજા પહોંચી હતી. આ મામલો ઉગ્ર બનતા બાપોદ પોલીસ સ્ટેશને ઈજાગ્રસ્ત મહિલા અને સ્થાનિકો દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. સ્થાનિક રહેવાસીઓ દ્વારા તાત્કાલિક અસામાજિક તત્ત્વો સામે પોલીસ કાર્યવાહી કરે તેવી માંગ ઊઠી હતી. ■

## વડોદરા કોર્પોરેશનને એરપોર્ટની આસપાસના ગેરકાયદે દબાણ હટાવવા આદેશઃ કમિશનર



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મહાનગરપાલિકાને કમિશ્નરે એરપોર્ટની આસપાસના ગેરકાયદે દબાણો દૂર કરવા આદેશ આપ્યો હતો. પ્રાપ્ત થતી માહિતી અનુસાર વડોદરાના એરપોર્ટ આજુબાજુ કેટલાક ગેરકાયદે દબાણો થયેલા હતા. વડોદરાની દબાણ શાખાને મ્યુનિસિપલ કમિશનરે સૂચના આપી હતી. વડોદરા એરપોર્ટની આસપાસ એરપોર્ટની કમ્પાઉન્ડ વોલની પાસે અડીને બનેલા ગેરકાયદેસર દબાણોને ત્વરિત તોડી પાડવાનો આદેશ કર્યો હતો. કમિશ્નરની સૂચના હેઠળ શનિવારે આ દબાણ હટાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ દબાણ હટાવ કાર્યવાહી અંગેની વિશેષ વિગત આપતા દબાણ ઈન્સ્પેક્ટર દેવુભા ગોહિલે જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનરના આદેશ મુજબ એરપોર્ટની દીવાલને અડીને આવેલા દબાણોને ત્વરિત તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# ‘ચીકુ’થી ‘વિરાટ’ અને ‘કિંગ કોહલી’ સુધીની સફર







## વિરાટ કોહલીએ યુવાઓને ટેસ્ટ ક્રિકેટને પ્રેમ કરવા કર્યા મજબૂર

નવી દિલ્હીઃ ટીમ ઈન્ડિયાનો સૌથી અનુભવી બેટ્સમેન વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. ૨૦૦૮માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર આ બેટ્સમેને ક્રિકેટની એક નવી પરિભાષા રચી હતી. ‘રન મશીન’ અને ‘ચેઝ માસ્ટર’ તરીકે જાણીતા વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઘણા રેકોર્ડ બનાવ્યા છે, પરંતુ વિરાટની આ સફળતા પાછળ તેની મહેનત છે. દિલ્હીના ચીકુમાંથી ટીમ ઇન્ડિયા ‘કિંગ કોહલી’ બનવા પાછળની સફર ખૂબ શાનદાર રહી હતી.

પોતાના સિનિયરો માટે ‘ચીકુ’, સાથી ખેલાડીઓ માટે વિરાટ અને હવે જુનિયર્સ માટે ‘ભૈયા’, ‘કિંગ કોહલી’એ એક લાંબી સફર પૂર્ણ કરી છે અને સમાન રીતે ખુશીઓ અને નિરાશાનો અનુભવ કર્યો છે.

એક ૧૮ વર્ષનો કોહલી હતો, જેણે ૨૦૦૬માં પોતાના પિતા પ્રેમ કોહલીના અંતિમ સંસ્કાર અટકાવ્યા અને ૯૦ રન કરીને દિલ્હીને ફોલોઓનથી બચાવ્યું હતું અને ફિરોઝશાહ કોટલાથી સીધા સ્મશાનગૃહ પહોંચ્યો હતો. બાદમાં ૨૦૨૫માં ૩૬ વર્ષીય ગ્લોબલ સુપરસ્ટાર કોહલીને રેલવેના ઓછા જાણીતા મધ્યમ ઝડપી બોલર હિમાંશુ સાંગવાને લગભગ ૨૦,૦૦૦ ચાહકોની સામે રણજી ટ્રોફી ગ્રાઉન્ડમાં તેને આઉટ કર્યો હતો. છેલ્લાં ૧૮ વર્ષના ગાળામાં તેણે ૩૦ ટેસ્ટ સદી ફટકારી અને તેમના ફોલોઅર્સની સંખ્યામાં ઝડપથી વધારો થયો.

કોહલી બધાં જ યોગ્ય કારણોસર ક્રિકેટ રમ્યો હતો. કોઇને શંકા ના હોવી જોઇએ કે તેણે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા માટે યોગ્ય સમયની પસંદગી કરી છે. તે હજુ પણ વન-ડેમાં જોવા મળશે, એક એવું ફોર્મેટ જ્યાં તે દોઢ દાયકાથી અજોડ રહ્યો છે. એવા સમયમાં જ્યાં એક સરેરાશ ભારતીય ફેનનું ધ્યાન ઇન્સ્ટાગ્રામ રીલ જેટલું ઓછું હોય છે. કોહલીએ મિલેનિયલ્સ અને જનરેશન-ઝેડ (યુવાઓ)ને ટેસ્ટ ક્રિકેટ પ્રત્યે પ્રેમ કરતા શીખવ્યું હતું અને તેમનું ધ્યાન આઇપીએલ તરફથી હટાવી દીધું હતું.

છેલ્લાં કેટલાંક વર્ષોથી તેનું ટેસ્ટ ફોર્મ ઘટતું જઈ રહ્યું હતું. તેને ૧૦,૦૦૦ ટેસ્ટ રન પૂરા કરવા માટે બીજા ૭૭૦ રનની જરૂર હતી, જે હજુ પણ સૌથી લાંબા ફોર્મેટમાં બેટ્સમેન માટે એક મોટું લક્ષ્ય છે. ઇંગ્લેન્ડનો જો રૂટ ટેસ્ટમાં ૧૩,૦૦૦ રન પૂરા કરવાથી થોડા રન દૂર છે જ્યારે સ્ટીવ સ્મિથે પણ ૧૦,૦૦૦ રનનો આંકડો પાર કરી લીધો છે. કેન વિલિયમ્સનને ૭૨૪ રનની જરૂર છે અને તે ચોક્કસપણે આ સીમાચિહ્ન પૂર્ણ કરશે.

પરંતુ ૨૦૧૪ થી ૨૦૧૯ દરમિયાન કોહલીનું ટેસ્ટમાં ફોર્મ શાનદાર રહ્યું હતું. ૨૦૧૪ના ઇંગ્લેન્ડના ભયાનક પ્રવાસ પછી બધું બદલાઈ ગયું હતું. ૨૦૧૮માં ઇંગ્લેન્ડ પાછો ફર્યો હતો. તે ફિટનેસ માટે બેન્ચમાર્ક બન્યો અને એક એવો કેપ્ટન પણ બન્યો જે કોઈપણ કિંમતે ટેસ્ટ જીતવા માગતો હતો. ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં શરમાતો ન હતો. કોહલીને ટેસ્ટ ક્રિકેટ ખૂબ ગમતું હતું. તે ક્યારેય તેંડુલકર કે રોહિત શર્માની જેમ સ્પિનરો સામે સ્વીપ કરી શક્યો નહીં, પરંતુ કોહલી એક એવો ખેલાડી હતો જે તેની શક્તિઓથી વાકેફ હતો. ■

## કોહલીએ ‘વિરાટ ટેસ્ટ કારકિર્દીમાં’ ૧૬,૬૦૮ બોલમાં બનાવ્યા ૯,૨૩૦ રન

### ▸ પાકિસ્તાન સામે એકેય ટેસ્ટ નહોતો રમ્યો, સૌથી વધુ રન ઑસ્ટ્રેલિયા સામે કર્યા

મુંબઈઃ ભારતના ભૂતપૂર્વ કેપ્ટન અને ક્રિકેટ જગતના મહાન બેટ્સમેનોમાં ગણાતા લેજન્ડરી ક્રિકેટર વિરાટ કોહલીએ ટી-૨૦ પછી હવે તેના સૌથી પ્રિય ટેસ્ટ ક્રિકેટને સોમવારે સવારે ગુડ-બાય કરી એ સંદર્ભમાં આપણે અહીં તેના ખાસ ટેસ્ટ-વિક્રમો અને સિદ્ધિઓ પર એક નજર કરીએ. ઉલ્લેખનીય છે કે ૨૦૦૮ના મુંબઈ-ટેરર અટેક બાદ ભારતે પાકિસ્તાન સાથે ક્રિકેટમાં દ્વિપક્ષીય સંબંધો તોડી નાખવાને કારણે ૨૦૧૧માં ટેસ્ટ-ડેબ્યૂ કરનાર કિંગ કોહલીને ૧૪ વર્ષની કરીઅરમાં પાકિસ્તાન સામે એકેય ટેસ્ટ નહોતી રમવા મળી.

કોહલી ૩૬ વર્ષનો છે. તે વન-ડે રમવાનું ચાલુ રાખશે. તેણે ૨૦૧૧માં કિંગસ્ટનમાં વેસ્ટ ઇન્ડિઝ સામે ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું.

કોહલીએ ટેસ્ટ કરીઅરમાં સૌથી વધુ ૨,૨૩૨ રન ઑસ્ટ્રેલિયા સામે કર્યાં હતા અને સૌથી વધુ નવ સેન્ચુરી પણ ઑસ્ટ્રેલિયા સામે નોંધાવી હતી. ■

### પિતાના અગ્નિસંસ્કાર બાદ રમવા આવી ગયેલો

મૂળ દિલ્હીના આ ક્રિકેટરે તેની શાનદાર કરીઅર હજી શરૂ પણ નહોતી થઈ ત્યારે ડોમેસ્ટિક ક્રિકેટની ચાર દિવસીય એક મેચ વખતે રાત્રે તેના પિતાના અવસાન બાદ સવારે તેમની અંતિમ ક્રિયા કર્યા બાદ વિરાટ ગણતરીના કલાકોમાં દિલ્હી વતી ફરી રમવા આવ્યો હતો અને અસાધારણ બેટિંગ પર્ફોર્મન્સથી દિલ્હીની ટીમને પરાજય સામે બચાવી હતી. ત્યાર બાદ તેની ભવ્ય કારકિર્દીનો સૂરજ ઊગ્યો હતો.

### ટેસ્ટ કરીઅરની આંકડાબાજી...

- ટોપ ઓર્ડરનો રાઈટ-હેન્ડ બેટ્સમેન વિરાટ કોહલી ૨૦૧૧-૨૦૨૫ દરમ્યાન ૧૨૩ ટેસ્ટની ૨૧૦ ઇનિંગ્સ રમ્યો હતો.
- વિરાટે ૪૬.૮૫ની સરેરાશે કુલ ૧૬,૬૦૮ બોલનો સામનો કરીને ૯,૨૩૦ રન કર્યા હતા. -
- તેણે ૩૦ સેન્ચુરી અને ૩૧ હાફ સેન્ચુરી ફટકારી હતી.
- સાઉથ આફ્રિકા સામેના અણનમ ૨૫૪ રન તેનો હાઈએસ્ટ સ્કોર હતો.
- તેણે કુલ સાત ડબલ સેન્ચુરી મારી હતી.
- તે ૧૩ વખત અણનમ રહ્યો હતો.
- તેણે કુલ ૩૦ સિક્સર અને ૧,૦૨૭ ફોર ફટકારી હતી.
- કોહલીએ ૧૨૩ ટેસ્ટમાં ૧૨૧ કેચ ઝીલ્યા હતા.

### કિંગ કોહલીની રેકોર્ડ-બુક


- ★ કેપ્ટન તરીકે સૌથી વધુ નવ ટેસ્ટ સિરીઝ-વિજય.
- ★ ભારતીય કેપ્ટન તરીકે સૌથી વધુ ૪૦ ટેસ્ટ-વિજય.
- ★ ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝ જીતનાર પ્રથમ એશિયન સુકાની (૨૦૧૮-૧૯માં).
- ★ સતત ચાર ટેસ્ટ શ્રેણીમાં ડબલ સેન્ચુરી.
- ★ કેપ્ટન તરીકે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ છ ડબલ સેન્ચુરી.
- ★ ભારતીય ટેસ્ટ કેપ્ટન તરીકે સૌથી વધુ ૨૦ સેન્ચુરી.
- ★ ભારતીય કેપ્ટન તરીકે સૌથી વધુ ૫,૮૬૪ ટેસ્ટ રન.
- ★ ભારતીય ટેસ્ટ કેપ્ટનોમાં હાઈએસ્ટ ઇનિંગ્સ-સ્કોર (સાઉથ આફ્રિકા સામે અણનમ ૨૫૪).
- ★ સતત ૫૦ ટેસ્ટ ઇનિંગ્સમાં સૌથી વધુ રન કરનારાઓમાં ૩,૩૦૯ રન સાથે બ્રેડમેન, રિચર્ડ્સ, સંગકારા, જયવર્દને, લારા, પોન્ટિંગ પછી સાતમા નંબરે.
- ★ ઑસ્ટ્રેલિયામાં ભારતીય બેટ્સમેન તરીકે હાઈએસ્ટ સાત સદી.
- ★ ભારતીય બેટ્સમેનોમાં હાઈએસ્ટ સાત ડબલ સેન્ચુરી.
- ★ ભારતીય બેટ્સમેનોમાં પાંચ વાર કેલેન્ડર-યરમાં હાઈએસ્ટ રન (૨૦૧૨, ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૮ અને ૨૦૨૩માં). ■

## કોહલીની ટેસ્ટમાં નિવૃત્તિ પર ઈમોશનલ થઈ અનુષ્કા, કહ્યુંઃ મને તે આંસુ યાદ રહેશે જે ક્યારેય બતાવ્યા નથી

નવી દિલ્હીઃ વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેમના નિર્ણયથી તેમના ચાહકો ખૂબ જ દુઃખી થયા. આ દરમિયાન વિરાટ કોહલીની પત્ની અને અભિનેત્રી અનુષ્કા શર્માએ ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ મૂકી અને વિરાટ માટે એક ઇમોશનલ નોટ પણ લખી હતી.

અભિનેત્રીએ વિરાટ કોહલીની ટેસ્ટ ક્રિકેટ સફરને યાદ કરીને એક લાંબી નોંધ લખી હતી. અભિનેત્રીએ લખ્યું હતું કે, ‘તે રેકોર્ડ્સ યાદ રાખશે, પણ મને તે આંસુ યાદ રહેશે જે તમે ક્યારેય બતાવ્યા નહીં.’ એ સંઘર્ષ જેને ક્યારેય કોઇએ જોયો નથી અને તે અતૂટ પ્રેમ જે તમે ક્રિકેટના આ ફોર્મેટને આપ્યો છે. મને ખબર છે કે આ બધાએ તારી પાસેથી કેટલું બધું છીનવી લીધું છે. દરેક ટેસ્ટ સીરિઝ બાદ તમે થોડા વધુ સમજદાર, થોડા નમ્ર થઇને પાછા ફરતા હતા. તમને આ બધામાંથી પસાર થતા જોવું એ મારા માટે લહાવો રહ્યો હતો. તમે હંમેશાં વિચાર્યું હતું કે વ્હાઇટ કપડામાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈશ. તમે હંમેશાં તમારા હૃદયની વાત સાંભળી છે, તેથી હું ફક્ત એટલું જ કહેવા માગું છું કે મારા પ્રેમ, તમે આ વિદાયની દરેક ક્ષણને હાંસલ કરી છે.

વિરાટ કોહલી હવે ફક્ત વન-ડે ફોર્મેટમાં રમશે. ગયા વર્ષે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. કોહલી અને શર્માએ ૨૦૧૭માં લગ્ન કર્યા હતા અને તેમને બે બાળકો છે - પુત્રી વામિકા (ચાર) અને ૧૫ મહિનાનો પુત્ર અકાય છે. ■



## કોહલીની ટેસ્ટમાંથી નિવૃત્તિ પર સચિને કહ્યુંઃ તમે ભારતીય ક્રિકેટને રન જ નહીં પેઢી પણ આપી

નવી દિલ્હીઃ સ્ટાર ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેતા ભારતીય ક્રિકેટ ચાહકોમાં નિરાશા જોવા મળી રહી છે. ક્રિકેટના ભગવાન કહેવાતા સચિન તેંડુલકરે પણ આ નિર્ણય પર પોતાની ભાવનાત્મક પ્રતિક્રિયા આપી છે. તેમણે સોશિયલ મીડિયા પર વિરાટના નિવૃત્તિના પ્રસંગે પોતાના નિવૃત્તિની ક્ષણને યાદ કરી હતી. ‘માસ્ટર બ્લાસ્ટર’ એ એક દોરાને યાદ કર્યો જે તેમની વચ્ચે મજબૂત કડી બન્યો હતો. ૧૨ વર્ષ પહેલાં જ્યારે તેંડુલકર મુંબઈમાં પોતાની છેલ્લી ટેસ્ટ રમી રહ્યો હતો, ત્યારે કોહલી જે તે સમયે ૨૪ વર્ષનો હતો અને પહેલેથી જ વિશ્વ ચેમ્પિયન હતો અને તેની ટેસ્ટ કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં હતો. કોહલીએ ટેસ્ટમાંથી નિવૃત્તિ લેતા ભારતીય ક્રિકેટ ચાહકો નિરાશ છે.

સચિન તેંડુલકરે સોશિયલ મીડિયા પર લખ્યું હતું ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધા બાદ મને ૧૨ વર્ષ અગાઉ મારી અંતિમ ટેસ્ટ દરમિયાન તમારા દ્વારા કરવામાં આવેલા વિચારપૂર્ણ હાવભાવની યાદ આવી રહી છે. ‘‘તમે તમારા સ્વર્ગસ્થ પિતા તરફથી મને




એક દોરો ભેટમાં આપવાની ઓફર કરી હતી. તે સ્વીકાર કરવા માટે મારા માટે ખૂબ જ વ્યક્તિગત બાબત હતી, પરંતુ તે હાવભાવ હૃદયસ્પર્શી હતો અને ત્યારથી મારી સાથે રહ્યો છે.’’

તેંડુલકરે એક્સ પર એક પોસ્ટમાં આધુનિક સમયના મહાન ખેલાડીને શુભકામનાઓ પાઠવી, જેણે ૧૨૩ ટેસ્ટ રમીને અને ૯૨૩૦ રન ફટકારીને નિવૃત્તિ લીધી હતી. સચિને કહ્યું કે ‘‘મારી પાસે બદલામાં આપવા માટે કોઈ દોરો નથી પણ મને મારી ખૂબ પ્રશંસા અને શુભેચ્છાઓ છે. વિરાટ, તમારો સાચો વારસો અસંખ્ય યુવા ક્રિકેટરોને રમત અપનાવવા માટે પ્રેરણા આપવામાં રહેલો છે.

કોહલીએ કિશોરાવસ્થામાં જ પોતાના પિતા ગુમાવ્યા હતા અને ઘણીવાર પોતાના જીવનના આ ખાલીપન વિશે વાત કરી છે. કોહલીએ ક્યારેય સચિન પ્રત્યેનો પોતાનો આદર છુપાવ્યો નથી. ૨૦૧૧ના વર્લ્ડ કપ બાદ વિજય યાત્રા દરમિયાન તેણે તેંડુલકરને પોતાના ખભા પર ઉઠાવ્યો હતો.

તેંડુલકરે આ બેટ્સમેનની પ્રશંસા કરી હતી જેને તેનો અનુગામી ગણવામાં આવે છે, ભલે તે ૧૦,૦૦૦ રનના આંકડા સુધી પહોંચી શક્યો નહીં. તેંડુલકરે લખ્યું કે ‘‘તમારી ટેસ્ટ કારકિર્દી કેટલી અદ્ભૂત રહી છે! તમે ફક્ત ભારતીય ક્રિકેટને રન જ આપ્યા નથી પરંતુ તમે ઝનૂની પ્રશંસકો અને ખેલાડીઓની એક નવી પેઢી આપી છે. ખૂબ જ ખાસ ટેસ્ટ કારકિર્દી માટે અભિનંદન.’’. ■

## એક યુગનો અંતઃ વિરાટ કોહલીએ ટેસ્ટમાંથી નિવૃત્તિ લેતા ભાવુક થયું ક્રિકેટ જગત

નવી દિલ્હીઃ ટેસ્ટ ક્રિકેટમાંથી વિરાટ કોહલીની નિવૃત્તિને ‘એક યુગનો અંત’ ગણાવતા ક્રિકેટ જગતે આ મહાન બેટ્સમેનની પ્રશંસા કરી હતી. ૩૬ વર્ષીય કોહલીએ ૧૨૩ મેચમાં ૪૬ સદી ફટકારી હતી. તેણે ૮૫ની સરેરાશથી ૩૦ સદી સહિત ૯૨૩૦ રન ફટકાર્યા બાદ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું હતું. તે ટી-૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે.

બીસીસીઆઇએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર લખ્યું હતું કે ‘‘ટેસ્ટ ક્રિકેટમાં એક યુગનો અંત આવ્યો પરંતુ તેમનો વારસો હંમેશાં જીવંત રહેશે.’’ ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી દીધું. તેમનું યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે.

આઇસીસીએ કહ્યું હતું કે ‘‘ભારતના મહાન ટેસ્ટ ક્રિકેટરોમાંના એક વિરાટ કોહલીએ પરંપરાગત ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી છે. સફેદ જર્સી પહેરશે નહીં પરંતુ તાજ યથાવત્ રહેશે. વિરાટ કોહલી એક અતુલનીય વારસો છોડીને વિદાય લઇ રહ્યો છે.’’ આઇસીસી ચેરમેન જય શાહે કહ્યું હતું કે, ‘‘વિરાટ કોહલીને શાનદાર ટેસ્ટ કારકિર્દી બદલ અભિનંદન. ટી-૨૦ ક્રિકેટ વધી રહ્યું છે ત્યારે પરંપરાગત ફોર્મેટની લોકપ્રિયતા જાળવી રાખવા બદલ અને શિસ્ત, ફિટનેસ અને પ્રતિબદ્ધતાનું અસાધારણ ઉદાહરણ સ્થાપિત કરવા બદલ આભાર.‘‘

કોહલીની આઈપીએલ ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુએ કહ્યું હતું કે તેઓને ટેસ્ટ ફોર્મેટમાં ભૂતપૂર્વ કેપ્ટન અને પોતાના સ્ટાર ખેલાડીની ખોટ સાલશે. તેની ચાલ, તેના શોટ્સ, તેના હાવભાવ, ઉજવણી કરવાની તેનો અંદાજ. બધાની ખોટ સાલશે.’’

તેમાં કહેવામાં આવ્યું હતું કે, ‘‘એક મહાન ટેસ્ટ યુગનો અંત આવ્યો પણ તેમનો વારસો હંમેશાં જીવંત રહેશે.’’ ગર્વ સાથે. આ સાહસ, આક્રમકતા અને અજોડ જુસ્સા બદલ વિરાટનો આભાર. તમે ફક્ત ટેસ્ટ ક્રિકેટ જ રમ્યા નહીં, પણ તેને વધુ સારું બનાવ્યું. તેના ભૂતપૂર્વ સાથી ક્રિકેટર અજિંક્ય રહાણેએ લખ્યું, ‘‘તમારી સાથે રમવાની સફર ખાસ હતી.’’ ઘણી બધી સારી યાદો અને ભાગીદારી. શાનદાર ટેસ્ટ કારકિર્દી માટે અભિનંદન. ‘‘ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ઇરફાન પઠાણે લખ્યું હતું કે, ‘‘વિરાટ કોહલીને શાનદાર ટેસ્ટ કારકિર્દી બદલ અભિનંદન. એક કેપ્ટન તરીકે તમે માત્ર મેચ જ નહીં જીતી પણ માનસિકતા પણ બદલી નાખી. તમે ફિટનેસ, આક્રમકતા અને ટેસ્ટ ક્રિકેટ રમવાના ગર્વને નવી ઊંચાઈઓ પર લઈ ગયા.’’ ■

## કોહલીની નિવૃત્તિઃ બોલિવૂડ સ્ટાર્સની પ્રતિક્રિયા

નવી દિલ્હીઃ ક્રિકેટના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. વિરાટે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી આ જાણકારી આપી હતી. કોહલીની નિવૃત્તિ પર રણવીર સિંહથી લઇને વિક્કી કૌશલ સહિતના બોલિવૂડ સ્ટાર્સે પ્રતિક્રિયા આપી છે.

વિક્કી કૌશલ, રણવીર સિંહ, ફરહાન અખ્તર અને અભિષેક બેનર્જી એવા સિનેમા સ્ટાર્સે વિરાટ કોહલીના ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન માટે આભાર વ્યક્ત કર્યો હતો. ૩૬ વર્ષીય કોહલીએ ૧૨૩ મેચોમાં ૪૬.૮૫ની સરેરાશથી ૩૦ સદી સાથે ૯૨૩૦ રન ફટકાર્યા બાદ ટેસ્ટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

કોહલીની પત્ની અનુષ્કા શર્માએ પણ ઇમોશનલ પોસ્ટ લખી હતી. અભિનેત્રીએ લખ્યું હતું કે, ‘તે રેકોર્ડ્સ યાદ રાખશે, પણ મને તે આંસુ યાદ રહેશે જે તમે ક્યારેય બતાવ્યા નહીં.’ એ સંઘર્ષ જેને ક્યારેય કોઇએ જોયો નથી અને તે અતૂટ પ્રેમ જે તમે ક્રિકેટના આ ફોર્મેટને આપ્યો છે. મને ખબર છે કે આ બધાએ તારી પાસેથી કેટલું બધું છીનવી લીધું છે. દરેક ટેસ્ટ સીરિઝ બાદ તમે થોડા વધુ સમજદાર, થોડા નમ્ર થઇને પાછા ફરતા હતા.

વિક્કી કૌશલે પ્રશંસા કરી હતી. વિક્કીએ ઇન્સ્ટાગ્રામ પર લખ્યું કે ‘‘એક અદ્ભુત પ્રેરણાદાયી ટેસ્ટ કારકિર્દી માટે અભિનંદન અને યાદો માટે આભાર ચેમ્પ!. કોહલીની પોસ્ટમાં અભિનેતા રણવીર સિંહ, ફરહાન અખ્તર, અપારશક્તિ ખુરાના, અભિષેક બેનર્જી અને નેહા ધૂપિયા સહિત ઘણા ચાહકોએ કોમેન્ટ્સ કરી હતી. ■

## બાંગ્લાદેશ મૂંઝવણમાં, ક્રિકેટ ટીમને પાકિસ્તાન મોકલવી કે નહીં?

ઢાકાઃ પહલગામના ઘાતક આતંકવાદી હુમલા પછી ભારતીય સશસ્ત્ર દળોના હાથે (ખાસ કરીને ભારતીય હવાઈ દળના હાથે) બેશરમ પાકિસ્તાને એટલો બધો માર ખાધો છે કે દેશમાં ખાનાખરાબી થઈ ગઈ છે. લાહોર, રાવલપિંડી સહિત અનેક શહેરો પાયમાલ થઈ ગયા છે એવામાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ પોતાની ક્રિકેટ ટીમને અગાઉ નક્કી થયા મુજબની ટી-૨૦ સિરીઝ રમવા પાકિસ્તાન મોકલવી કે નહીં એની દ્વિધામાં છે.

પાકિસ્તાન લશ્કરની હરકતોને કારણે ભારત સાથેની સરહદ પર હજી પણ તંગદિલી છે એટલે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સાથે શ્રેણીની બાબતમાં ચર્ચા ચાલુ રાખી છે.

બાંગ્લાદેશ ઈચ્છે છે કે તેના ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફના મેમ્બર્સની પૂરેપૂરી સલામતી પાકિસ્તાનમાં રહે.

અગાઉ નક્કી થયેલા શેડ્યૂલ મુજબ બાંગ્લાદેશની ટીમ લાહોર અને ફૈસલાબાદમાં પાકિસ્તાન સામે કુલ મળીને પાંચ મેચની ટી-૨૦ સિરીઝ રમવાની છે.

જોકે બીસીબીના એક અધિકારીએ જણાવ્યું છે કે ‘અમારા ખેલાડીઓની સલામતી અમારા માટે સર્વોત્તમ મુદ્દો છે અને રહેશે.’

ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે ભારત સાથે યુદ્ધ છેડવાનું પાકિસ્તાને દુઃસાહસ કર્યું એને પગલે પીસીબીએ પોતાની પાકિસ્તાન સુપર લીગ (પીએસસેલ) મોકૂફ રાખવી પડી હતી. પીસીબીએ બાકીની પીએસએલને દુબઈમાં રાખવા યુએઈને વિનંતી કરી હતી, પરંતુ યુએઈએ એ વિનંતી ફગાવી દીધી હતી.

પાકિસ્તાનમાં પીએસએલની એ ગોઝારી ટૂરનો બાંગ્લાદેશના ખેલાડી રિશાદ હોસૈનને કડવો અનુભવ થયો છે. યુદ્ધને પગલે રિશાદે અન્ય વિદેશી ખેલાડીઓ સાથે જઈને પાકિસ્તાનથી દુબઈ જતા રહેવું પડ્યું હતું, તેની સાથે ઇંગ્લેન્ડનો ક્રિકેટર ટોમ કરેન પણ હતો જે પાકિસ્તાન ઍરપોર્ટ છોડ્યા પછી યુદ્ધના ગભરાટને કારણે રડી પડ્યો હતો. ન્યૂ ઝીલેન્ડના ઑલરાઉન્ડર ડેરિલ મિચલે તો રિશાદને ત્યાં સુધી કહ્યું હતું કે તે હવે પછી ક્યારેય પાકિસ્તાન નહીં જાય.

બાંગ્લાદેશની ટીમ પાકિસ્તાન સામેની સિરીઝ પહેલાં યુએઈ સામે બે ટી-૨૦ મેચ રમવા દુબઈ જવાની છે. આ બે મેચ ૧૭ અને ૧૯ મેએ રમાશે. ■

# ભારત-પાક વચ્ચે શસ્ત્ર વિરામ અને અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ ડીલ સાથે ઈક્વિટી બજારની મંદીને વિરામ

## સેન્સેક્સમાં ૨૯૭૫ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૯૧૭ પૉઈન્ટનો સૌથી મોટો એક દિવસીય ઉછાળો, રોકાણકારોની સંપત્તિમાં ₹ ૧૫.૧૫ લાખ કરોડનો તીવ્ર વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારત અને પાકિસ્તાનં લશ્કરી કાર્યવાહી અટકાવીને શસ્ત્ર વિરામ કર્યો હોવાના નિર્દેશ ઉપરાંત અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ ડીલમાં બન્ને દેશો ટૅરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવા સહમત થયાના અહેવાલ સાથે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં મંદીને વિરામ મળ્યો હતો અને તેજી ભભૂકી ઊઠી હતી અને બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સત્ર દરમિયાન એક તબક્કે સૌથી વધુ ૩૦૪૧ પૉઈન્ટની તેજી જોવા મળ્યા બાદ અંતે ૨૯૭૫.૪૩ પૉઈન્ટની તેજી સાથે સાત મહિનાની ટોચે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં સત્ર દરમિયાન ૯૩૬.૮ પૉઈન્ટની તેજી જોવા મળ્યા બાદ અંતે ૯૧૬.૭૦ પૉઈન્ટની તેજી સાથે બંધ રહ્યો હતો. તેમ જ આજની ઝડપી તેજીમાં બીએસઈ ખાતે લિસ્ટેડ થયેલા શૅરનું માર્કેટ કેપિટલાઈઝેશન અથવા તો આજની તેજીમાં રોકાણકારોની સંપત્તિ રૂ. ૧૬,૧૫,૨૭૫.૧૯ કરોડ વધીને રૂ. ૪,૩૨,૫૬,૧૨૫.૬૫ કરોડ (૫.૦૫ ટ્રિલિયન ડૉલર)ની સપાટીએ રહી હતી. વધુમાં આજે પાકિસ્તાનની ઈક્વિટી માર્કેટમાં પણ તેજીનું વલણ રહેતાં કરાચી ૧૦૦ ઈન્ડેક્સ ૯.૪૪ ટકા અથવા તો ૧૦,૧૧૮.૬૪ પૉઈન્ટની તેજી સાથે ૧,૧૭,૨૯૩.૨૭ની સપાટીએ બંધ રહ્યો હોવાના અહેવાલ હતા. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૭૯,૪૫૪.૪૭ના બંધ સામે તેજીના અન્ડરટોને ૮૦,૮૦૩.૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૦,૬૫૧.૦૭ અને ઉપરમાં ૮૨,૪૯૫.૯૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૩.૭૪ ટકા અથવા તો ૨૯૭૫.૪૩ પૉઈન્ટ વધીને ૮૨,૪૨૯.૯૦ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૪,૦૦૮ના બંધ સામે ૨૪,૪૨૦.૧૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૪,૩૭૮.૮૫થી ૨૪,૯૪૪.૮૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૩.૮૨ ટકા અથવા તો ૯૧૬.૭૦ પૉઈન્ટની તેજી સાથે ૨૫,૦૦૦ની લગોલગ ૨૪,૯૨૪.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે મુખ્યત્વે આઈટી, મેટલ, રિઅલ્ટી અને ટૅક્નોલૉજી ક્ષેત્રના શૅરોમાં આક્રમક લેવાલી નીકળતાં સેન્સેક્સ અને નિફ્ટીમાં સૌથી મોટો એક દિવસીય ઉછાળો જોવા મળ્યો હતો. આ પૂર્વે ગત ત્રીજી જૂન ૨૦૨૪ના રોજ સેન્સેક્સ અને નિફ્ટીમાં અનુક્રમે ૨૫૦૭.૪૫ પૉઈન્ટનો અને ૭૩૩.૨૦ પૉઈન્ટનો સૌથી મોટો એક દિવસીય ઉછાળો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે જમ્મુકાશ્મીરના પહલગામ ખાતે થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતે ગત સાતમી મેના રોજ ઓપરેશન સિંદૂર અમલી બનાવીને પાક કબ્જા હેઠળના કાશ્મીર સહિત પાકિસ્તાનનાં નવ ઠેકાણા પર આવેલા આતંકવાદીઓના કેમ્પો પર મિસાઈલ હુમલા કરવામાં આવ્યા હતા અને ત્યાર બાદ પાકિસ્તાન દ્વારા લશ્કરી કાર્યવાહી કરતાં બન્ને દેશો વચ્ચે ભૂરાજકીય તણાવમાં વધારો થયો હતો. જોકે, ગત શનિવારે બન્ને દેશો વચ્ચે થયેલા શસ્ત્ર વિરામના અહેવાલ અને અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ ડીલ સફળ થઈ હોવાના પ્રોત્સાહક અહેવાલે બજારની તેજીને મોકળુ મેદાન મળ્યું હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ એનાલિસ્ટ વિનોદ નાયરે જણાવ્યું હતું. તે જ પ્રમાણે રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે ભારત-પાક વચ્ચેનાં શસ્ત્ર વિરામના અહેવાલ ઉપરાંત અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ ડીલના પ્રોત્સાહક અહેવાલે રોકાણકારોના વિશ્વાસમાં વધારો કર્યો હોવાથી તેજીને ટેકો મળ્યો છે. નોંધનીય બાબત એ છે કે અમેરિકા અને ચીન ગત રવિવારે ૯૦ દિવસ સુધી ઊંચા ટૅરિફ મોકૂફ રાખવાની સાથે અમેરિકા ચીની ઉત્પાદનો પરની ટૅરિફ જે ૧૪૫ ટકા હતી તે ઘટાડીને ૩૦ ટકા ટૅરિફ લાદવા અને ચીન અમેરિકી ઉત્પાદનો પરની ટૅરિફ જે ૧૨૫ ટકા હતી તે ઘટાડીને ૧૦ ટકા લાદવા સહમત થયાના અહેવાલ હતા.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર સન ફાર્મા અને ઈન્ડસઈન્ડ બૅન્કમાં અનુક્રમે ૩.૩૬ ટકાનો અને ૩.૫૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય તમામ ૨૮ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જેમાં સૌથી વધુ ૭.૯૧ ટકાનો ઉછાળો ઈન્ફોસિસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એચસીએલ ટેક્નોલૉજીસમાં ૬.૩૫ ટકા, ટાટા સ્ટીલમાં ૬.૧૬ ટકા, ઈટર્નલમાં ૫.૬૮ ટકા, ટેક મહિન્દ્રામાં ૫.૩૪ ટકા અને ટીસીએસમાં ૫.૧૭ ટકા વધી આવ્યા હતા. તેમ જ આજે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ ચાર ટકાની તેજી જોવા મળી હતી.

વધુમાં આજે બીએસઈ ખાતેના તમામ સેક્ટોરિયલ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યા હતા. જેમાં આઈટી ઈન્ડેક્સમાં ૬.૭૫ ટકાની, ફોકસ્ડ આઈટીમાં ૬.૭૪ ટકાની, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૫.૮૭ ટકાની, મેટલ ઈન્ડેક્સમાં ૫.૨૪ ટકાની, ટૅક્નોલૉજી ઈન્ડેક્સમાં ૫.૨૧ ટકાની, યુટિલિટી ઈન્ડેક્સમાં ૫.૦૭ ટકાની, પાવર ઈન્ડેક્સમાં ૪.૮૨ ટકાની અને ઈન્ડસ્ટ્રીયલ ઈન્ડેક્સમાં ૪.૨૪ ટકાની તેજી જોવા મળી હતી.

આજે એશિયામાં, દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હેન્ગસેન્ગ સુધારાના અન્ડરટોને બંધ રહ્યો હતો. તેમ જ યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

### યસ બૅન્કના શૅરના ભાવમાં આઠ ટકાનો ઉછાળો

નવી દિલ્હીઃ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા અને સાત અન્ય ધિરાણકર્તાઓએ યસ બૅન્કમાં તેનાં સંયુક્ત હિસ્સા પૈકીનો ૨૦ ટકા હિસ્સો જાપાનની સુમીટોમો મિત્સુઈ બૅન્કિંગ કોર્પોરેશનને રૂ. ૧૩,૪૮૩ કરોડમાં વેચવાની જાહેરાત કરતાં આજે એક તબક્કે યસ બૅન્કના શૅરના ભાવમાં આઠ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આજે ઉક્ત જાહેરાત પશ્ચાત્ બીએસઈ ખાતે યસ બૅન્કના શૅરના ભાવ ૮.૭ ટકા વધીને શૅરદીઠ રૂ. ૨૧.૭૪ના મથાળે અને એનએસઈ ખાતે શૅરના ભાવ ૮.૩૯ વધીને રૂ. ૨૧.૭૦ની સપાટીએ રહ્યા હતા. તેમ જ બીએસઈ ખાતે માર્કેટ વૅલ્યુએશન્સ રૂ. ૧૪૧૫.૧૫ કરોડ વધીને રૂ. ૬૪,૧૨૩.૩૮ કરોડની સપાટીએ રહ્યું હતું. જોકે, સત્રના અંતે બીએસઈ ખાતે શૅરના ભાવ ૨.૪૦ ટકા વધીને રૂ. ૨૦.૪૮ના મથાળે અને એનએસઈ ખાતે ભાવ ૧.૯૫ ટકા વધીને રૂ. ૨૦.૪૧ની સપાટીએ બંધ રહ્યા હતા. સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા અને સાત ધિરાણકર્તાઓએ ગત શુક્રવારે જાહેરાત કરી હતી કે તેઓ તેનો યસ બૅન્કનો સંયુક્ત ૨૦ ટકા હિસ્સો જાપાનની સુમીટોમો મિત્સુઈ બૅન્કિંગ કોર્પોરેશન (એસએમબીસી)ને રૂ. ૧૩,૪૮૩ કરોડમાં વેચીને ભારતીય બૅન્કિંગ ક્ષેત્રમાં સૌથી મોટું દરિયાપારનું રોકાણ કરી રહ્યા છે. આ સોદાની સાથે એસએમબીસી મુંબઈ સ્થિત યૅસ બૅન્કમાં સૌથી મોટી શૅરધારક બનશે. આ ૨૦ ટકા હિસ્સા પૈકી સ્ટેટ બૅન્ક યસ બૅન્કમાંથી ૧૩.૧૯ ટકા હિસ્સો રૂ. ૮૮૮૯ કરોડમાં એસએમબીસીની તરફેણમાં છૂટો કરશે, જ્યારે ૬.૮૧ ટકા હિસ્સો અન્ય સાત ધિરાણકર્તા છૂટો કરશે, જેમાં એક્સિસ બૅન્ક, બંધન બૅન્ક, ફેડરલ બૅન્ક, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, આઈડીએફસી ફર્સ્ટ બૅન્ક અને કોટક મહિન્દ્રા બૅન્ક અંદાજે રૂ. ૪૫૯૪ કરોડમાં તેનો હિસ્સો છૂટો કરશે.

### રિલાયન્સ પાવરના નફામાં વધારો થતાં શૅરના ભાવમાં તેજી

મુંબઈઃ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગત માર્ચ મહિનાના અંતે પૂરા થયેલા ચોથા ત્રિમાસિકગાળામાં રિલાયન્સ પાવરનો ચોખ્ખો નફો ૧૨.૫૦ ટકા વધીને રૂ. ૧૨૬ કરોડની સપાટીએ રહ્યો હોવાના નિર્દેશો સાથે આજે બીએસઈ અને એનએસઈ ખાતે એક તબક્કે શૅરના ભાવ ૧૨.૫૪ ટકાના ઉછાળા સાથે રૂ. ૪૩.૫૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત સાલના સમાનગાળામાં કંપનીએ રૂ. ૩૯૭.૫૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, પરંતુ આ વર્ષે મુખ્યત્વે ખર્ચમાં ઘટાડો થવાથી નફામાં ઉછાળો આવ્યો હતો. વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની કુલ આવકો ગત સાલના સમાનગાળાના રૂ. ૨૧૯૩.૮૫ કરોડ સામે ઘટીને રૂ. ૨૦૬૬ કરોડના મથાળે રહી હતી, જ્યારે કંપનીનો કુલ ખર્ચ ગત સાલના સમાનગાળાના રૂ. ૨૬૧૫.૧૫ કરોડ સામે ઘટીને ૧૯૯૮.૪૯ કરોડ રહ્યો હતો. જોકે, કોન્સોલિડેટેડ ધોરણે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કંપનીનો ચોખ્ખો નફો આગલા વર્ષનાં રૂ. ૨૦૬૮.૩૮ કરોડ સામે વધીને રૂ. ૨૯૪૭.૮૩ કરોડની સપાટીએ રહ્યો હોવાનું કંપનીએ યાદીમાં ઉમેર્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦નો સુધારો

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહી હોવા છતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, જ્યારે રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૮૨ના મથાળે ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં અને રૂ. ૩૯૪૦થી ૩૯૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ ડીલના આશાવાદમાં વૈશ્વિક સોનું ૩.૩ ટકા તૂટ્યું

# સ્થાનિકમાં ૯૯૫ ટચ સોનું ₹ ૩૩૨૭ના કડાકા સાથે ₹ ૯૩,૦૦૦ની અંદર

મુંબઈઃ અમેરિકા અને ચીનના અધિકારીઓ વચ્ચેની જીનિવા ખાતેની બેઠકમાં વાટાઘાટો સફળ રહી હોવાનાં નિર્દેશો સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ ઓસરી ગઈ હતી અને રોકાણકારો ઈક્વિટી જેવી જોખમી અસ્ક્યામતો તરફ વળતાં આજે સોનાના હાજર ભાવ ૩.૩ ટકાનો અને વાયદામાં ૩.૭ ટકા જેટલા તૂટીને અને ચાંદીના ભાવ ૧.૮ ટકાના ઘટાડા સાથે ક્વૉટ થઈ રહ્યાના અહેવાલો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૨૭થી ૩૩૪૦નો કડાકો બોલાઈ ગયો હતો, જેમાં ૯૯૫ ટચ સોનાએ રૂ. ૯૩,૦૦૦ની સપાટી ગુમાવી હતી અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૬૩૧ના ઘટાડા સાથે રૂ. ૯૫,૦૦૦ની સપાટીની અંદર ઉતરી ગયા હતા. આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૬૩૧ના ઘટાડા સાથે રૂ. ૯૪,૦૯૫ના મથાળે રહ્યા હતા. આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીનો અભાવ તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ પાંખી રહેતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૨૭ ઘટીને રૂ. ૯૨,૭૦૩ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૩૪૦ના ઘટાડા સાથે રૂ. ૯૩,૦૭૬ના મથાળે રહ્યા હતા. અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ ડીલનાં આશાવાદ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૪ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૨૭૭.૮૪ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે બે ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૨૭૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી અધિકારીઓએ ચીન સાથેની વેપાર ખાધ ઘટાડવા પર ભાર મૂક્યો હતો, જ્યારે ચીની અધિકારીઓએ મહત્ત્વના મુદ્દાઓ પર સહમતી સધાઈ હોવાનું જીનિવા ખાતેથી એક યાદીમાં જણાવ્યું હતું. ચીન અને અમેરિકાએ ટૅરિફના મુદ્દે જેવા સાથે તેવાની નીતિ અપનાવી હોવાથી ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવી હતી.

સામાન્યપણે આર્થિક અને રાજકીય અનિશ્ચિતતાના સંજોગોમાં સોનામાં સલામતી માટેની માગ રહેતી હોય છે અને હવે ટ્રેડ વૉરની ચિંતા હળવી થવાથી આજે સોનામાં સલામતી માટેની માગ ઓસરી હતી. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો આવતાં સોનાના વૈશ્વિક ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું રિલાયન્સ સિક્યોરિટીઝનાં વિશ્લેષક જિગર ત્રિવેદીએ જણાવ્યું હતું. દરમિયાન ગત શુક્રવારે બેથ હેમ્મેક ફેડનાં પ્રમુખ ક્લેવલેન્ડે જણાવ્યું હતું કે ટ્રમ્પની ટૅરિફ અને વેપારની નીતિઓ સ્પષ્ટ ન થાય અને તેની અર્થતંત્ર પર કેવી અસર પડશે તેની સમીક્ષા વિના ફેડરલ રિઝર્વની વ્યાજદરમાં કપાત અંગેની સ્પષ્ટતા જોવા નહીં મળે, આથી વ્યાજદરમાં કપાતનો આધાર આગામી આર્થિક ડેટાઓ પર જ અવલંબિત રહેશે. હવે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે. તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં પુનઃ મજબૂત વલણ જોવા મળી રહ્યું હોવાથી નજીકના ભવિષ્યમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૨૦૦ ડૉલરની સપાટી સુધી ઘટે તેવી શક્યતા ત્રિવેદીએ વ્યક્ત કરી હતી.

# ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ચોક્કસ ધાતુઓમાં ધીમો સુધારો

મુંબઈઃ અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ ડીલ થવાના આશાવાદ સાથે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ તેમ જ લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા અને નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો. આજે મુખ્યત્વે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૫૫૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૨૪, રૂ. ૮૧૫ અને રૂ. ૨૫૬ તથા કોપર કેબલ સ્ક્રેપ, કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૩૫, રૂ. ૮૮૦, રૂ. ૨૩૯ અને રૂ. ૧૩૬૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને નિરસ માગ રહેતા ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૨૭૮૨ના મથાળે અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૪૨ અને રૂ. ૧૮૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૮૦ અને રૂ. ૧૯૮ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મર્સિડીઝ બૅન્ઝ સપ્ટેમ્બર સુધીમાં બે તબક્કામાં તેના વાહનોના ભાવ ત્રણ ટકા વધારશે

નવી દિલ્હીઃ મર્સિડીઝ-બૅન્ઝ ઈન્ડિયાએ આજે જણાવ્યું હતું કે તેઓ ડૉલર સામે રૂપિયામાં નોંધપાત્ર થયેલા ફેરફારની આંશિક ધોરણે માઠી અસર ખાળવા માટે એક્સ શૉ રૂમ ધોરણે વિવિધ મોડેલના ભાવમાં રૂ. ૯૦,૦૦૦થી રૂ. ૧૨.૨ લાખ સુધીનો વધારો કરશે. આગામી જૂનથી સપ્ટેમ્બર દરમિયાન સી-ક્લાસ વાહનોમાં રૂ. ૯૦,૦૦૦ સુધીનો અને મેબેચ સી ૬૮૦ માં રૂ. ૧૨.૨૦ લાખ સુધીનો વધારો કરવામાં આવશે. આ લક્ઝરી કાર ઉત્પાદક કંપની પહેલી જૂનથી વાહનોના ભાવમાં એકથી બે ટકાનો અને પહેલી સપ્ટેમ્બરથી ૧.૫ ટકાનો વધારો કરવાની યોજના ધરાવે છે. પીટીઆઈ સાથે વાતચીત કરતાં મર્સિડીઝ બૅન્ઝ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સંતોષ ઐયરે જણાવ્યું હતું કે બે તબક્કામાં ત્રણ ટકા જેટલો ભાવવધારો થતાં ખરીદદારો પર નાણાકીય અસર ઓછી થશે. છેલ્લાં ચાર મહિનાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં યુરો સામે રૂપિયામાં ૧૦ ટકા જેટલું ધોવાણ થયું હોવાથી અમારી પડતરોમાં નોંધપાત્ર વધારો થયો હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે યુરો-ભારતીય રૂપિયા વચ્ચેના વિનિમય દરમાં વધેલી ચંચળતાને કારણે અમારા કોમ્પોનન્ટ અને સીબીયુ કારની આયાત પડતરો પર માઠી અસર પડી છે.

# ચીન અને વિયેટનામથી આયાત થતાં અમુક સોલાર ગ્લાસ પર પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી

નવી દિલ્હીઃ ભારતે ચીન અને વિયેચનામથી આયાત થતાં અમુક પ્રકારના સસ્તા સોલાર ગ્લાસ સામે સ્થાનિક ઉત્પાદકોનાં હિત જાળવી રાખવા માટે આ બન્ને દેશોથી થતી આયાત સામે પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી હોવાનું એક સરકારી નોટિફિકેશનમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર) દ્વારા ચીન અને વિયેટનામથી આયાત થતાં ટેક્સ્ચ્યોર્ડ ટફન્ડ (ટેમ્પર્ડ)કોટેડ અને અન કોટેડ ગ્લાસનાં ડમ્પિંગ તપાસ હાથ ધર્યા બાદ કરવામાં આવેલી ભલામણને ધ્યાનમાં લેતા આ એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી છે.

સામાન્યપણે આ ગ્લાસનો ઉપયોગ મુખ્યત્વે સોલાર પેનલમાં થઈ રહ્યો છે. આ ગ્લાસને સોલાર ગ્લાસ, લૉ આયર્ન સોલાર ગ્લાસ, સોલાર પીવી ગ્લાસ, હાઈ ટ્રાન્સમીશન ફોટોવોલેટિક ગ્લાસ અને ટેમ્પર્ડ લૉ આયર્ન પેટર્નડ સોલાર ગ્લાસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ડીજીટીઆરએ તપાસના અંતે તારણમાં જણાવ્યું હતું કે આ બન્ને દેશોમાંથી આ ગ્લાસની નોંધપાત્ર માત્રામાં આયાત થતાં થયેલા ડમ્પિંગને કારણે સ્થાનિક ઉત્પાદકોનાં હિતો નોંધપાત્ર સ્તરે જોખમમાં મૂકાયા છે. નોટિફિકેશનમાં જણાવ્યાનુસાર પ્રોવિઝનલ એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી ત્યારથી અથવા તો ગત ૪ ડિસેમ્બર, ૨૦૨૪થી પાંચ વર્ષ સુધી અથવા તો તે પૂર્વે પાછી ખેંચવામાં ન આવે ત્યાં સુધી અમલી રહેશે. તેમ જ તેનાં પર ટનદીઠ ૫૭૦થી ૬૬૪ ડૉલર સુધીની રેન્જમાં ડ્યૂટી લાદવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સ્થાનિક ઉદ્યોગ વતી બોરોસિલ રિન્યુએબલ્સ લિ. દ્વારા કરવામાં આવેલી ફરિયાદને ધ્યાનમાં લેતા આ તપાસ હાથ ધરવામાં આવી હતી અને તપાસના અંતે ડ્યૂટી લાદવાની ભલામણ કરવામાં આવી હતી.

# નાણાકીય વર્ષ ૨૦૨૬માં પેસેન્જર વાહનોના હોલસેલ ધોરણે વેચાણમાં એકથી બે ટકાની વૃદ્ધિનો આશાવાદઃ એસએમસી

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતીય પેસેન્જર વાહન ઉદ્યોગમાં હોલસેલ ધોરણે વેચાણ વૃદ્ધિદર એકથી બે ટકા જેટલો રહેશે તેમ જ મારુતિ સુઝુકી લિ.નો વૃદ્ધિદર ઉદ્યોગના વૃદ્ધિદર કરતાં વધુ રહે તેવી શક્યતા મારુતિ સુઝુકી મોટર કોર્પોરેશન (એસએમસી)એ વ્યક્ત કરી છે.

કંપનીએ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ. ૩૮૦ અબજ યેનનો મૂડીગત ખર્ચ નિર્ધારિત કર્યો છે અને ભારતમાં કુલ રોકાણ પૈકી ૫૦ ટકાના રોકાણનો અંદાજ મૂકવામાં આવ્યો છે તેમ જ પેસેન્જર વાહનોના ઉત્પાદનમાં વધારો કરવાની કંપનીની યોજના છે. સુઝુકી મોટર કોર્પોરેશને ભારતમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ભાવિ અંગે ઈન્વેસ્ટર્સ પ્રેઝન્ટેશનમાં જણાવ્યું હતું કે બજારમાં એસયુવીની મજબૂત સ્થિતિ છતાં કોમ્પેક્ટ કારની માગ મંદ રહેશે, પરંતુ એકંદરે પેસેન્જર વાહન ઉદ્યોગનો હોલસેલ ધોરણે વૃદ્ધિદર એકથી બે ટકા જેટલો રહેશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે બીઈવી અને વિટારા સહિતનાં બે નવાં એસયુવી માડૅલનાં લૉન્ચ સાથે મારુતિ સુઝુકી લિ.નો હોલસેલ ધોરણે વેચાણ વૃદ્ધિદર ઉદ્યોગનાં વૃદ્ધિદર કરતાં વધુ રહેશે. ખારખોડા ખાતેનાં એકમમાં આ વર્ષે ફેબ્રુઆરી મહિનાથી ઉત્પાદન શરૂ થયું છે અને એસયુવી બ્રિઝાના ઉત્પાદનમાં આ એકમનો હિસ્સો હજુ વધશે. એસએમસીએ ફાળવેલા ૩૮૦ અબજ યૅન પૈકી ભારતમાં મુખ્યત્વે ઉત્પાદન વૃદ્ધિ માટે અંદાજે ૫૦ ટકા જેટલો ઉપયોગ થશે. આ વર્ષે માર્ચ મહિનામાં મારુતી સુઝુકી ઈન્ડિયાના બૉર્ડે હરિયાણાના ખારખોડા ખાતે વર્ષે ૨.૫ લાખ વાહનોના ઉત્પાદની ક્ષમતા માટેના એકમમાં રૂ. ૭૪૧૦ કરોડનું રોકાણ કર્યું હતું. વધુમાં નિકાસ બાબતે એસએમસીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪-૨૫માં આફ્રિકા સહિત અન્ય દેશોમાં નિકાસ વિસ્તરણ કર્યું હતું અને નિકાસ ૫૦,૦૦૦ નંગથી વધીને ૩.૩૩ લાખ નંગ સુધી પહોંચી હતી.

# વર્તમાન ખાંડ મોસમમાં એપ્રિલ સુધીમાં ૪.૨૪ લાખ ટન ખાંડની નિકાસઃ આઈસ્ટા

નવી દિલ્હીઃ ગત ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની ખાંડ મોસમમાં ગત એપ્રિલ સુધીમાં ૪.૨૪ લાખ ટન ખાંડની નિકાસ થઈ છે, જેમાંથી સૌથી વધુ ૯૨,૭૫૮ ટન ખાંડની નિકાસ સોમાલિયા ખાતે થઈ હોવાનું સ્થાનિક વેપાર ઉદ્યોગના સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)એ એક યાદીમાં જણાવ્યું છે.

વધુમાં એસોસિયેશને શેરડીનાં ફેર રેમ્યુનરેટિવ પ્રાઈસ (એફઆરપી અથવા તો સામાન્ય વળતરદાયી ભાવ)માં થઈ રહેલા સતત વધારાને ધ્યાનમાં લેતા સરકાર સમક્ષ ખાંડના લઘુતમ વેચાણ ભાવને શેરડીનાં ભાવની સમકક્ષ વધારવા મટે અનુરોધ કરવાની સાથે સાથે ઈથેનોલનાં પ્રાપ્તિ ભાવમાં પણ ૧૦ ટકાનો વધારો કરવાની માગણી કરી હોવાનું એસોસિયેશને યાદીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની માર્કેટિંગ મોસમ માટે ગત જાન્યુઆરી મહિનામાં સરકારે ૧૦ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી આપી હતી.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન માર્કેટિંગ મોસમમાં ગત ૩૦મી જાન્યુઆરી સુધીમાં દેશની ખાંડ મિલોએ ૪,૨૪,૦૮૯ ટન ખાંડની નિકાસ કરી છે. જેમાંથી ૩.૨૭ લાખ ટન સફેદ ખાંડની, ૭૭,૬૦૩ રિફાઈન્ડ ખાંડની અને ૧૮,૫૧૪ ટન કાચી અથવા તો રૉ ખાંડની નિકાસ કરવામાં આવી છે. તેમ જ ૨૫,૦૦૦ ટન ખાંડ હજુ લોડિંગની પ્રક્રિયા હેઠળ હોવાનું એસોસિયેશને ઉમેર્યું હતું.

વધુમાં એસોસિયેશનના જણાવ્યાનુસાર અત્યાર સુધીમાં થયેલી કુલ નિકાસ પૈકી સૌથી વધુ ૯૨,૭૫૮ ટન ખાંડની નિકાસ સોમાલિયા ખાતે થઈ છે, ત્યાર બાદ અનુક્રમે ૬૬,૯૨૭ ટન ખાંડની નિકાસ અફઘાનિસ્તાન ખાતે, ૬૦,૩૫૭ ટન ખાંડની નિકાસ શ્રીલંકા ખાતે અને ૪૭,૧૦૦ ટન ખાંડની નિકાસ દિજબુટી ખાતે થઈ છે. હાલના નિકાસના સિનારિયાને ધ્યાનમાં લેતા વર્તમાન મોસમમાં કેન્દ્ર સરકારે આપેલી ૧૦ લાખ ટન ખાંડની નિકાસ મંજૂરી પૈકી આઠ લાખ ટન ખાંડની નિકાસ થવાનો અંદાજ એસોસિયેશને મૂક્યો છે.


PUBLIC NOTICE **પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે, રતલામ મંડળ**

ઈ-ટેન્ડર નોટિસ

ભારતના રાષ્ટ્રપતિ વતી પશ્ચિમ રેલવેના રતલામ વિભાગના ટ્રેક્શન વિતરણના સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર IREPS પોર્ટલના માધ્યમથી નિમ્નલિખિત કામ માટે ખુલ્લા ટેન્ડર મંગાવે છે. **ટેન્ડર નં.:** EL/TRD/58/2024-25/12RT **કામનું નામઃ** રતલામ વિભાગના વિવિધ સ્ટેશનો (MAM, JKT અને PCN) પર વધારાની લૂપ લાઈનના જોડાણમાં TRDનું કામ. **અંદાજીત મૂલ્યઃ** રૂા. ૧,૫૧,૭૩,૧૦૦/-. **બાનાની રકમઃ** રૂા. ૨,૨૫,૯૦૦/-. **કામનો સમયગાળોઃ** ૧૮ મહિના. **ટેન્ડર દસ્તાવેજનું મૂલ્યઃ** શૂન્ય. **ઓનલાઈન બિડીંગ બંધ થવાની તારીખ અને સમયઃ** ૦૬.૦૬.૨૦૨૫ના ૧૫.૦૦ કલાકે. **ઓફરની માન્યતાઃ** ટેન્ડર ખૂલવાની તારીખથી ૬૦ દિવસ. **વેબસાઈટઃ** www.ireps.gov.in **નોટિસ બોર્ડઃ** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન વિતરણ, રતલામ મંડળ, પશ્ચિમ રેલવેની કચેરીના પ્રવેશદ્વારની સામે.

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર ટીઆરડી
રતલામ મંડળ, પશ્ચિમ રેલવે

V/038

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રતલામ મંડળ**

ઈ-ટેન્ડરિંગ એન્જિનિયરિંગ વિભાગ

ઈ-ટેન્ડર નંબરઃ RTM-2025-26-47

સંખ્યાઃ W/૬૨૩/૫/૧/NIT તારીખઃ ૦૮/૦૫/૨૦૨૫ મંડળ રેલ વ્યવસ્થાપક/મંડળ કાર્યાલય (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે, રતલામ, ભારતના રાષ્ટ્રપતિ વતી નીચે જણાવેલા કાર્ય માટે ખોલેલા ટેન્ડરને ઈ-ટેન્ડર માધ્યમથી www.ireps.gov.in વેબસાઈટ પર આમંત્રિત કરે છે. વિવરણ આ પ્રકારે છે. ઈ-ટેન્ડરિંગઃ RTM-2025-26-47 **કામનું નામઃ** ગોધરા-નાગડા સેક્સનમાં લેવલ ક્રોસિંગ ખાતે ટ્રેક પર રબરનું આવરણ પૂરું પાડવું. **અંદાજિત માત્રાઃ** ટેન્ડરના સમયપત્રક મુજબ. **અંદાજિત ખર્ચઃ** રૂ. ૧,૩૩,૮૨,૫૧૫.૪૪. **કુલ રકમઃ** રૂ. ૨૨,૧૬,૯૦૦/- **કામ પૂરું કરવાનો સમયગાળોઃ** ૧૨ મહિના. **એ જ પ્રકારનું કામઃ** જુલાઈ-૨૦૧૯ RDSOની માર્ગદર્શિકાની કલમ 4(i) અને 4(ii)ની પૂર્તિ કરનાર બિડર અથવા પશ્ચિમ રેલવે અથવા ભારતીય રેલવેમાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન એક લેવલ ક્રોસિંગે ટ્રેક પર રબરનું આવરણ ચઢાવવાનું કામ પૂરું કર્યું હોય. આ પ્રકારના બિડર (જો તે સિસ્ટમ પૂરી પાડનાર ન હોય)એ વિગતવાર વર્ણન મુજબની સામગ્રી પૂરી પાડવાને લગતા (એમઓયુ/કરાર) રજૂ કરવું જરૂરી. આ કરાર જુલાઈ-૨૦૧૯ RDSOની માર્ગદર્શિકાની કલમ 4(i) અને 4(ii)નું સ્પષ્ટપણે સમર્થન કરતા હોવા જોઈએ. REF: W ૩૫૦/૨૪ તારીખઃ ૨૧/૦૭/૨૦૨૦ પશ્ચિમ રેલવેનું વડુમથક. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૦૭/૦૫/૨૦૨૫. ટેન્ડર ખૂલવાની તારીખઃ ૩૦/૦૫/૨૦૨૫ ટેન્ડરની વિસ્તૃત સૂચના, લાગુ શરતો અને અન્ય શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

મંડળ રેલ વ્યવસ્થાપક (કાર્યલેખા)
રતલામ મંડળ, પશ્ચિમ રેલવે

V/039

અમને અહીં લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે, રતલામ મંડળ**

ઈ-ટેન્ડર નોટિસ

GeM Tender No. GEM/2025/B/6218048

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે સિનિયર કોચિંગ ડેપો અધિકારી; ઈન્દોર/રતલામ મંડળ પશ્ચિમ રેલવે દ્વારા નિમ્નલિખિત કાર્ય/કાર્યો માટે ઓપન GeM ટેન્ડર (ઓપન ટેન્ડર, ટુ પૅકેટ સિસ્ટમ) મગાવવામાં આવી રહ્યા છે. જો કોઈ કારણસર ટેન્ડર ખૂલવાના દિવસે રજા આવી જશે તો સંબંધિત ટેન્ડર રજાને આગલે દિવસે નિર્ધારિત સમય પર ખોલવામાં આવશે. **કામનું નામ અને સ્થળઃ** ૦૨ વર્ષના સમયગાળા માટે ડૉ. આંબેડકર નગર સ્ટેશન આધારિત ટ્રેનોમાં ઓબીએચએસની જોગવાઈ માટે જનશક્તિ આધારિત કરાર. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૩૬૭૪૧૧૦૬.૮૯/- બધા ટેક્સ અને જીએસટી સહિત. **આગોતરી રકમઃ** રૂ. ૩૩૩૭૧૦/-. **કાર્યની મુદતઃ** ૨ વર્ષ (૨૪ મહિના) એલ.ઓ.એ. જારી થવાની તારીખથી. **ટેન્ડર ખૂલવાના સ્થળનું સરનામુંઃ** સિનિયર કોચિંગ ડેપો અધિકારીની કચેરી, ઈન્દોર/રતલામ મંડળ (પ.રે.). **ટેન્ડર ફોર્મ જમા કરવાની અને ખૂલવાનો સમયઃ** ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ ૩૧.૦૫.૨૦૨૫ના ૧૫.૦૦ ક. ખૂલવાનો સમયઃ ૩૧.૦૫.૨૫ના ૧૫.૩૦ કલાકે. **વેબસાઈટ અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડર સંબંધી પૂરી વિગતો મેળવી શકાશેઃ** ટેન્ડર GeMની વેબસાઈટ https://gem.gov.in પર જોઈ શકાશે. આ સંબંધી કોઈપણ જાણકારી સિનિયર કોચિંગ ડેપો ઓફિસરની કચેરી, ઈન્દોર/રતલામ મંડળ (પ.રે.)થી કામકાજના દિવસોએ મેળવી શકાશે.

સિનિયર કોચિંગ ડેપો, અધિકારી,
રતલામ મંડળ, પશ્ચિમ રેલવે.

V/040

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## પાકિસ્તાન સખણું નથી રહેતુંઃ હજી સાયબર અટૅક ચાલુ જ છે

મુંબઈઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ માટે સમજૂતી સધાઇ હોવા છતાં ભારતીય સરકારી વેબસાઇટ્સને પડોશી દેશ તેમ જ બાંગ્લાદેશ અને મધ્ય પૂર્વ ક્ષેત્રમાંથી સાયબર હુમલાઓનો સતત સામનો કરવો પડી રહ્યો છે, એમ મહારાષ્ટ્રના સાયબર અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ એવી માહિતી આપી હતી કે બાવીસ એપ્રિલના પહલગામમાં પર્યટકો પર આતંકવાદી હુમલા બાદ દોઢ કરોડ સાયબર હુમલા કરાયા હતા અને તેમાંથી ૧૫૦ સફળ થયા હતા.

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, એવિયેશન અને પાલિકા યંત્રણા તથા ચૂંટણીપંચની વેબસાઇટને લક્ષ્ય બનાવીને ડેટા ચોરવાના હૅકરના દાવાને મહારાષ્ટ્ર સાયબર વિભાગના સિનિયર અધિકારીએ રદિયો આપ્યો હતો.

મહારાષ્ટ્ર સાયબર રાજ્ય સરકારની નોડલ એજન્સી છે, જે સાયબર ક્રાઇમની તપાસ અને સુરક્ષા જાળવણીનું કામ કરે છે.

તપાસમાં એવું ધ્યાનમાં આવ્યું હતું કે સરકારી વેબસાઇટ પરના સાયબર હુમલા ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ પછી ઓછા થયા છે, પરંતુ પૂરી રીતે બંધ થયા નથી. આ હુમલા પાકિસ્તાન, બાંગ્લાદેશ, ઇન્ડોનેશિયા, મોરક્કો અને મધ્ય પૂર્વના દેશોમાંથી કરવામાં આવ્યા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષની શરૂઆત થઈ ત્યારથી જ ભારતની સાયબર સ્પેસમાં પાકિસ્તાનના હુમલાઓની સંખ્યા એકદમ જ વધી ગઈ હતી. જોકે આને કારણે કોઈ મોટું નુકસાન થયું નહોતું. (પીટીઆઇ)■

## એસએસસીનું રિઝલ્ટ આજે

નાગપુરઃ મહારાષ્ટ્રના ધોરણ ૧૦ (એસએસસી) બોર્ડના પરિણામ ૧૩ મે (મંગળવાર)ના રોજ બપોરે એક વાગ્યે જાહેર કરવામાં આવશે એમ શિક્ષણ વિભાગના એક ઉચ્ચ ક્રમાંકિત અધિકારીએ જણાવી ઉમેર્યું હતું કે પરિણામ ૧૨ મેના રોજ જાહેર થઈ શકે એમ હતું પરંતુ એ દિવસે બુદ્ધ પૂર્ણિમાની રજા હોવાથી રિઝલ્ટ ૧૩મીએ જાહેર કરવામાં આવશે. બોર્ડના ઇતિહાસમાં આટલું વહેલું પરિણામ પહેલી વાર જાહેર થઈ રહ્યું છે. પરીક્ષા વહેલી શરૂ થઈ હોવાથી એ શક્ય બન્યું છે. મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ૨૧ ફેબ્રુઆરીથી ૧૭ માર્ચ દરમિયાન ૨૦૨૫ એસએસસીની પરીક્ષાઓ લેવામાં આવી હતી. પરીક્ષા માટે અંદાજે ૧૬.૧૧ લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. એમાં ૮.૬ લાખ છોકરાઓ, ૭.૪૭ લાખ છોકરીઓ અને ૧૯ ટ્રાન્સજેન્ડર ઉમેદવારોનો સમાવેશ થાય છે. રાજ્ય કુલ નવ વિભાગીય બોર્ડ દ્વારા ધોરણ ૧૦ (એસએસસી) અને વર્ગ (૧૨) એચએસસીની પરીક્ષા લે છે. દરેક વિભાગીય બોર્ડ તેમના અધિકારક્ષેત્ર હેઠળના જિલ્લાઓમાં યોજાયેલી પરીક્ષાઓના પેપરના સંચાલન અને મૂલ્યાંકન માટે જવાબદાર છે. એક વખત સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ જાય પછી દરેક વિભાગીય બોર્ડ તેનો ડેટા પુણેના બોર્ડ મુખ્યાલયને મોકલે છે. ■

# આજે ફરી વરસાદની આગાહી

## હવામાન ખાતાની થાણે માટે પણ યલો અલર્ટની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના અનેક જિલ્લામાં હાલ કમોસમી વરસાદ પડી રહ્યો છે. મુંબઈમાં પણ ગયા અઠવાડિયામાં કમોસમી વરસાદ પડી ગયા બાદ હવામાન ખાતાએ મંગળવાર માટે ફરી એક વખત વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે, જેમાં મુંબઈ સહિત થાણે અને રાયગડ માટે યલો અલર્ટની ચેતવણી આપવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદ પડી રહ્યો છે. મે મહિનામાં પડી રહેલા કમોસમી વરસાદને પગલે કેરીના પાક સહિત અનેક ઉત્પાદનોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે ત્યારે આગામી ત્રણેક દિવસ વીજળીના ગડગડાટ અને પવન ફૂંકાવાની સાથે રાજ્યના (જુઓ પાનું ૪) ▶▶

### નાશિકમાં કમોસમી વરસાદ ચાલુ જ છે

નાશિકઃ નાશિક શહેર અને જિલ્લાના કેટલાક ભાગોમાં સોમવારે કમોસમી વરસાદ પડતા છેલ્લા કેટલાક દિવસથી વચ્ચે વચ્ચે વરસી રહેલા વરસાદનો સિલસિલો ચાલુ રહ્યો હતો. એક દિવસ અગાઉ ભારે પવન સાથે ધોધમાર વરસાદને પગલે સિડકો, સાતપુર અને અન્ય ઉપનગરોમાં વૃક્ષો ઉખડી ગયા હતા. જૂના નાશિકના અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં.

સોમવારે બપોરે ૨.૧૫ વાગ્યાની આસપાસ શહેરમાં ભારે વરસાદ પડતા મેઇન રોડ, શાલીમાર, સીબીએસ અને અન્ય વિસ્તારોમાં પાણી ભરાયાં (જુઓ પાનું ૪) ▶▶

## ગઢચિરોળીમાં નક્સલવાદીઓ સાથે એન્કાઉન્ટર, શસ્ત્રોનો મોટો જથ્થો જપ્ત

### સી-૬૦ જવાનોએ નક્સલવાદી કૅમ્પનો નાશ કર્યોઃ મૃત્યુ પામેલા અથવા જખમી સાથીઓને લઈ નક્સલવાદીઓ જંગલમાં સંતાયા હોવાની શક્યતા

ગઢચિરોળીઃ રાજ્યના ગઢચિરોળી જિલ્લામાં છત્તીસગઢની સીમાએ ત્રણ સ્થળે લગભગ બે કલાક સુધી ચાલેલા નક્સલવાદીઓ સાથેના એન્કાઉન્ટર બાદ પોલીસે રાઈફલ, કારતૂસો, ડિટોનેટર સહિતની શસ્ત્રસામગ્રી જપ્ત કરી હતી. પોલીસના સ્પેશિયલ યુનિટ સી-૬૦ના જવાનોએ ઑપરેશન દરમિયાન નક્સલવાદી કૅમ્પનો નાશ કર્યો હતો, પરંતુ અથડામણમાં માર્યા ગયેલા અને જખમી થયેલા સાથીઓને જંગલમાં લઈ જઈ નક્સલવાદીઓ સંતાઈ ગયા હોવાની શક્યતા અધિકારીએ વ્યક્ત કરી હતી.

ગઢચિરોળી પોલીસના જણાવ્યા મુજબ મહારાષ્ટ્ર-છત્તીસગઢની સીમાએ ગઢચિરોળી જિલ્લાના ભામરાગડ તાલુકામાં નવા બંધાયેલા કવંડે બ્રિજથી થોડે જ અંતરે નક્સલવાદીઓનો કૅમ્પ હોવાની માહિતી રવિવારની બપોરે પોલીસને મળી હતી. ભામરાગડ દાલમ દ્વારા ભાંગફોડિયા પ્રવૃત્તિ માટે આ કૅમ્પ શરૂ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. માહિતીને આધારે એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ એમ. રમેશના વડપણ હેઠળ સી-૬૦ના ૨૦૦ જેટલા જવાનોએ રવિવારની સાંજથી કૉમ્બિંગ ઑપરેશન હાથ ધર્યું હતું. જવાનો દ્વારા સર્ચ ચાલતી હતી ત્યારે નક્સલવાદીઓના જૂથે એકાએક અંધાધૂંધ ગોળીબાર કરવા માંડ્યો હતો. વળતા જવાબમાં જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો.

ભામરાગડમાં અલગ અલગ ત્રણ સ્થળે લગભગ બે કલાક સુધી આ એન્કાઉન્ટર (જુઓ પાનું ૪) ▶▶




**સેવા પરમોધર્મઃ** સોમવારે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ નિમિત્તે જે.જે. હોસ્પિટલમાંની નર્સ દ્વારા આધુનિક નર્સિંગનાં પ્રણેતા ફ્લોરેન્સ નાઇટિન્ગલની તસવીર સામે મીણબત્તી પ્રગટાવીને તેમને યાદ કર્યાં હતાં. (અમય ખરાડે)

## ભિવંડીની આગમાં ૧૫ ગોદામ બળીને ખાક

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના એક ગામમાં સોમવારે વહેલી સવારે લાગેલી આગમાં ઓછામાં ઓછા ૧૫ ગોડાઉન બળીને ખાખ થઈ ગયા, એમ જણાવતા અધિકારીએ ઉમેર્યું હતું કે, આમાંના કેટલાક ગોદામોમાં પેટ્રોલિયમ પેદાશો હતી.

ભિવંડી નિઝામપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર અધિકારી મહેશ પાટીલે જણાવ્યું હતું કે, ભિવંડીના વડપે ગામમાં વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસ લાગેલી આગમાં કોઈ જાનહાનિના અહેવાલ (જુઓ પાનું ૪) ▶▶

## હિંદુ દેવતાઓની અશ્લીલ ડિજિટલ સામગ્રીઃ સીએ સ્ટૂડન્ટ પકડાયો

મુંબઈઃ હિંદુ દેવતાઓની અશ્લીલ તેમ જ વાંધાજનક સ્વરૂપની ડિજિટલ સામગ્રી પ્રસારિત કરવા બદલ સાયબર પોલીસે સીએનો અભ્યાસ કરનારા મધ્ય પ્રદેશના યુવકની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

હિંદુ દેવતાઓની અશ્લીલ અને વાંધાજનક સ્વરૂપની ડિજિટલ સામગ્રી પ્રસારિત કરવામાં આવતાં મહારાષ્ટ્ર સાયબર વિભાગ દ્વારા આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતા તથા ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓએ સંપાદિત પ્રતિમા તેમ જ અશ્લીલ વીડિયો ટ્વિટર, ફેસબૂક, ઓનલાઇન તેમ જ અશ્લીલ વેબસાઇટ પર મોટા પાયે શેર કરી હતી.

દરમિયાન ટેક્નિકલ વિશ્લેષણ બાદ પોલીસે મધ્ય પ્રદેશના ઇન્દોરમાં રહેતા અને સીએનો અભ્યાસ કરતા ૩૯ વર્ષના ગ્રેજ્યુએટ યુવકની ધરપકડ કરી હતી. તેણે બોગસ ટ્વિટર પ્રોફાઇલના માધ્યમથી હિંદુ દેવીની વાંધાજનક ડિજિટલ સામગ્રી પ્રસારિત કરી હતી. આ લખાણનો ઉદ્દેશ સામાજિક અસંતોષ પેદા કરવાનો અને ધાર્મિક લાગણીઓ દુભવવાનો હોવાનું સામે આવ્યું હતું. આરોપીને મુંબઈ લાવ્યા બાદ કોર્ટમાં હાજર કરાતાં તેને મંગળવાર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. આરોપીના મોબાઇલ ડિવાઇસ ડિજિટલ ફોરેન્સિક વિશ્લેષણ બાદ વધુ છ ટ્વિટર અકાઉન્ટને ઓળખી કઢાયાં હતાં, જે પણ એકત્રિત રીતે હિંદુ દેવતાઓ વિશે અશ્લીલ સામગ્રી પ્રસારિત કરતા હતા. આવા કુલ સાત પરસ્પર સંબંધિત ટ્વિટર અકાઉન્ટ મળી આવ્યાં હોઇ અન્ય બોગસ અકાઉન્ટના મૂળ ઓપરેટરને શોધવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ■

## શાહરુખના પ્રોડક્શન હાઉસના મૃત કર્મચારીને અપાયેલું ₹ ૬૨ લાખનું વળતર કોર્ટને માન્ય

મુંબઈઃ હિટ એન્ડ રનમાં જખમી થયા પછી મૃત્યુ પામનાર શાહરુખ ખાનના પ્રોડક્શન હાઉસના એક કર્મચારીને અપાયેલા ૬૨ લાખ રૂપિયાના વળતરને માન્ય રાખતા બોમ્બે હાઈ કોર્ટે કહ્યું હતું કે, સુયોગ્ય કહી શકાય એવી વળતરની રકમ ભાગ્યે જ શક્ય છે પણ એક ધોરણ મુજબ ન્યાયી કે વાજબી વળતર હોવું જોઈએ.

જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને અદ્વૈત સેઠનાની બેન્ચે નવમી મેના રોજ કહ્યું હતું કે તેને નવેમ્બર, ૨૦૨૦ માં ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલા આદેશમાં કોઈ વિકૃતિ, ગેરકાયદેસરતા અથવા અનિયમિતતા મળી નથી અને તેને રદ કરવાનો ઇનકાર કર્યો હતો.

સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરતા, હાઇકોર્ટે કહ્યું કે પૈસા જીવનના નુકસાનને બદલી શકતા નથી, પરંતુ એવા પ્રયાસો કરવા જોઈએ જ્યાં વળતર થયેલા નુકસાનની ભરપાઈ કરી શકે.

સંપૂર્ણ સુયોગ્ય વળતર ભાગ્યે જ શક્ય છે, પરંતુ વાજબી વળતર એ ધોરણ હોવું જોઈએ, એવું કોર્ટે અવલોકન કર્યું હતું.

કોર્ટે કહ્યું કે ન્યાયના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે ઓછામાં ઓછું જે કરી શકાય તે એ છે કે ખાનના પ્રોડક્શન હાઉસ, રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટના એનિમેટર ચારુ ખંડલના પરિવારને ૬૨ લાખ રૂપિયાનું વળતર આપવાનું સમર્થન આપવામાં આવે.

કોર્ટે તેના આદેશમાં કહ્યું કે આ એક યુવાન મહત્વાકાંક્ષી વ્યાવસાયિક મહિલાની હૃદયદ્રાવક અને દુઃખદ ગાથા છે.

ખાનની ફિલ્મ ''રા.વન'' ના વીએફએક્સ પર કામ કરનાર ખંડલનું ૨૦૧૭ માં અવસાન થયું હતું. એના પાંચ વર્ષ પહેલા તેને કાર અકસ્માતમાં લકવો ગ્રસી થયો હતો.

માર્ચ ૨૦૧૨ માં ઉપનગરીય ઓશિવારામાં થયેલા અકસ્માતમાં સર્વાઇકલ કરોડરજ્જુની ઇજાઓ થતાં તેણીને ગરદનથી નીચે લકવો થયો હતો.

ખંડલ ૨૮ વર્ષની હતી જ્યારે તેણી ફિલ્મ માટે એવોર્ડ જીતવાની ઉજવણી કરવા માટે એક પાર્ટીમાંથી પરત ફરી રહી હતી ત્યારે તેણી અકસ્માતનો ભોગ બની હતી. (પીટીઆઈ) ■

## અસરકારક સંકલનઃ મહારાષ્ટ્ર સરકારની સશસ્ત્ર દળો સાથે બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું કે રાજ્ય સરકાર સશસ્ત્ર દળો સાથે અસરકારક સંકલન સુનિશ્ચિત કરશે અને તેમની સાથે મળીને કામ કરશે.

ભારત-પાકિસ્તાન સંઘર્ષને પગલે રાજ્ય સરકારે સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય મુખ્ય એજન્સીઓના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠક દરમિયાન તેઓ બોલી રહ્યા હતા.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ગુપ્ત માહિતીના આદાનપ્રદાન, ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ અને સાવચેતીભર્યા પગલાં લેવા અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ વાટાઘાટોમાં સુરક્ષા એજન્સીઓ અને સરકાર વચ્ચે સહયોગ માટે સંકલન રાખવા માટે મશીનરીની સ્થાપનાનો સમાવેશ થતો હતો, એમ તેમાં જણાવાયું છે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, સશસ્ત્ર દળો દ્વારા શક્તિ અને ચોકસાઈ સાથે ચલાવવામાં આવેલ ઓપરેશન સિંદૂર અસાધારણ હતું.

'હું સશસ્ત્ર દળોને સલામ કરું છું. મુંબઈ અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે દેશની આર્થિક રાજધાની (જુઓ પાનું ૪) ▶▶

## યુદ્ધ કાંઈ બોલિવૂડ ફિલ્મ નથી, એમાં મુત્સદ્દીગીરી વધુ મહત્ત્વનીઃ લશ્કરના ભૂતપૂર્વ વડા નરવણે

પુણેઃ ભારતીય સેનાના પૂર્વ વડા જનરલ મનોજ નરવણેએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની શત્રુતા અટકાવવા અંગે પ્રશ્નો ઉઠાવનારા લોકોની ટીકા કરતા કહ્યું છે કે યુદ્ધમાં રોમેન્સને સ્થાન નથી કે નથી એ કોઈ બોલિવૂડની ફિલ્મ. આદેશ મળે તો લડી લેવાનું હોય, પણ જો વાત મુત્સદ્દીગીરીથી પતી જતી હોય તો હું એને પ્રાધાન્ય આપું. રવિવારે પુણેમાં એક કાર્યક્રમમાં બોલતા જનરલ નરવણેએ આ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

ઑપરેશન સિંદૂરથી શરૂ કરી ભારતીય સશસ્ત્ર દળો દ્વારા પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી અડ્ડા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર કરવામાં આવેલા હુમલા અને ત્યારબાદ ચાર દિવસની હવાઈ અને જમીન પરની લડાઈને કારણે આ અઠવાડિયું સંઘર્ષપૂર્ણ રહ્યું છે એ વાત પર ભૂતપૂર્વ આર્મી ચીફે ધ્યાન દોર્યું હતું.તેમણે એ વાત પર ધ્યાન દોર્યું હતું કે આખરે લશ્કરી કાર્યવાહી (જુઓ પાનું ૪) ▶▶

## નવનીત રાણા અને રવિ રાણાને પાકિસ્તાનથી મળી મોતની ધમકી

મુંબઈઃ ભાજપ નેતા અને માજી સંસદસભ્ય નવનીત રાણા અને તેમના પતિ વિધાન સભ્ય રવિ રાણાને પાકિસ્તાન તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. બંને જણે ખાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે અને ધમકીભર્યા કોલ્સ અંગે પોલીસને જાણ કરી છે. રાણાના અંગત સચિવે પતિ - પત્નીને જાનથી મારી નાખવાની ધમકી મળી હોવાની અને પોલીસમાં ફરિયાદ નોંધાવી હોવાની વાતની પુષ્ટિ કરી હતી.

અહેવાલ અનુસાર પાકિસ્તાનથી ફોન કરનારે કહ્યું હતું કે અમારી પાસે તમારી બધી માહિતી છે. તમે હિંદુ છો, સિંહણ જેવા તાકતવર છો. તમે ફક્ત થોડા દિવસો માટે મહેમાન છો. અમે તમને મારી નાખીશું. સિંદૂર નહીં તકે અને સેંથીમાં સિંદૂર પૂરનાર પણ જીવિત નહીં રહે. આ ધમકીથી રાણાની સલામતી અંગે ગંભીર ચિંતા નિર્માણ થઈ છે. નવનીત રાણાના પતિ અને વિધાન સભ્ય રવિ રાણાના મોબાઇલ ફોન પર પણ આવી જ ધમકીભર્યા કોલ કરવામાં આવ્યા હતા. હાલ ભારત અને પાકિસ્તાન વચ્ચે ભારે તણાવ છે. આ સંદર્ભમાં, ભાજપના નેતા નવનીત રાણાને મળેલા ધમકીભર્યા કોલથી ભારે ચિંતા ઊભી થઈ છે. પોલીસે તપાસ શરૂ કરી (જુઓ પાનું ૪) ▶▶

## થાણેના ઉદ્યોગપતિ સાથે જીએસટી ફ્રોડઃ ₹ ૪.૫ કરોડની છેતરપિંડી

થાણેઃ થાણેના ૬૦ વર્ષના ઉદ્યોગપતિ સાથે એક શખસે ૪.૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. શખસે ઉદ્યોગપતિની કંપની થકી નાણાંકીય વ્યવહારો કરીને ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ (જીએસટી)ની ચુકવણી કરી ન હોવાનું પોલીસ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

ફરિયાદને આધારે પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪), ૩૩૬ અને અન્ય સુસંગત કલમો તેમ જ આઈટી ઍક્ટ હેઠળ સલમાન નામના શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીએ ડિસેમ્બર, ૨૦૨૪માં ઉદ્યોગપતિની કંપની ખરીદવાની ઑફર આપી હતી અને કંપની સંબંધી દસ્તાવેજો, જીએસટી નંબર અને પાસવર્ડ પ્રાપ્ત કર્યા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીએ જીએસટી ફાઈલમાં ફરિયાદીની લોગઈન ડિટેઈલ્સમાં ફેરફાર કર્યા હતા. એ સિવાય જીએસટી એકાઉન્ટ સાથે લિંક કરેલો મોબાઈલ (જુઓ પાનું ૪) ▶▶

## ઑનલાઈન છરી મગાવીને મેડિકલ કૉલેજના વિદ્યાર્થીએ પોતાનું ગળું ચીર્યું

પુણેઃ ભણતરના તાણ સહિત અન્ય સમસ્યાઓથી પીડાતા એઈમ્સ ભોપાલના વિદ્યાર્થીએ આપઘાત કર્યો હોવાની ઘટના પુણેમાં બની હતી. ડિપ્રેશનમાં સરી પડેલા વિદ્યાર્થીએ ઑનલાઈન છરી મગાવી હતી અને પછી તેનાથી જ પોતાનું ગળું ચીર્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર રાજકુમાર શિંદેએ જણાવ્યું હતું કે મૃતકની ઓળખ ઉત્કર્ષ એમ. શિંગણે (૧૯) તરીકે થઈ હતી. રાજ્યના (જુઓ પાનું ૪) ▶▶

MAHABALESHWAR
HOTEL Rajesh
Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

## આઈઓબીના નેતૃત્વ હેઠળનું કન્સોર્શિયમ લોન સ્કૅમ: સીબીઆઇ કોર્ટે વેપારીની ડિસ્ચાર્જ અરજી ફગાવી

મુંબઈઃ વિશેષ અદાલતે ઇન્ડિયન ઓવરસીઝ બૅંકમાં કરોડો રૂપિયાના લોન સ્કૅમ પ્રકરણે વેપારીને ડિસ્ચાર્જ કરવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે પ્રથમદર્શી તેની વિરુદ્ધ કેસ બને છે.

વિશેષ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) કોર્ટના જજ બી. વાય. ફડે ૯ મેના રોજ આરોપી પ્રેમલ ગોરાગાંધીની અરજી ફગાવી દીધી હતી. કોર્ટે આદેશમાં કહ્યું હતું કે આ કેસ બૅંક ફ્રોડ સાથે સંબંધિત છે.

કોર્ટે કહ્યું હતું કે ડિસ્ચાર્જ અરજીઓના નિર્ણયના તબક્કે તે ફરિયાદ પક્ષના સાક્ષીના નિવેદન અને અરજદાર (આરોપી) દ્વારા દાખલ દસ્તાવેજોનું વિગતવાર મૂલ્યાંકન કરી શકતી નથી.

ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા બૅંક રેકોર્ડ્સ સહિતના દસ્તાવેજો ભારતીય દંડસંહિતા (આઇપીસી) હેઠળ છેતરપિંડી, ફોર્જરી તેમ જ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળના ગુના માટે તેમની સામે પ્રથમ દ્રષ્ટિએ કેસ જાહેર કરે છે. સીબીઆઇએ આક્ષેપ કર્યો છે કે સ્વ. અમિતાભ પારેખ અને અન્ય સહ-આરોપીઓ સહિત પારેખ એલ્યુમિનેક્સ લિમિટેડ (પીએએલ)ના ડિરેક્ટરો દ્વારા ઇન્ડિયન ઓવરસીઝ બૅંકના નેતૃત્વ હેઠળની બૅંકોના કન્સોર્શિયમ સાથે છેતરપિંડી આચરવા માટે ગુનાહિત કાવતરું ઘડાયું હતું. (પીટીઆઇ)■

## મુંબઈ - અમદાવાદ હાઈવે અકસ્માતમાં બેનાં મૃત્યુ

મુંબઈઃ મુંબઈ - અમદાવાદ હાઇવે પર શનિવારે બેરિકેડ્સ સાથે ટૂ-વ્હીલર અથડાતાં બે લોકોએ જીવ ગુમાવ્યા હતા. પોલીસે મૃતક સવાર સામે બેદરકારીથી વાહન ચલાવવા બદલ ગુનો નોંધ્યો હતો. પાલઘરના ખાંડીવાડેના રહેવાસી પચીસ વર્ષીય અશોક દત્તુ હંડવા અને પાછળની સીટ પર બેઠેલો પારસ સુનિલ વર્થા (૧૮) લગ્નમાં હાજરી આપવા વસઈ જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. માંડવી પોલીસના જણાવ્યા અનુસાર, મુંબઈ-અમદાવાદ હાઈવેના દક્ષિણ બાજુના માર્ગ પર રાત્રે ૮.૪૦ વાગ્યે એક્સિડન્ટ થયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે અશોક ઝડપથી ટૂ-વ્હીલર ચલાવતો હોવાથી તેની મોટરસાઈકલને બેરિકેડ સાથે અથડાઈ હતી અને બંનેને અનેક ઈજા થઈ હતી. રાહદારીઓને બાતમી મળતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બન્નેને વિરારની સંજીવની હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને મૃત જાહેર કર્યા હતા.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મિત્ર અને પોતાના મૃત્યુ માટે જવાબદાર ઠેરવી અશોક હાંડવા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬ (બેદરકારીને કારણે મૃત્યુ) હેઠળ ગુનો નોંધ્યો છે. જો મોટર સાયકલમાં ખામી હશે તો આરટીઓના રિપોર્ટ બાદ પોલીસ કેસનો ક્લોઝર રિપોર્ટ દાખલ કરશે.■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**